# ઝાલાવાડ જૈન દર્શન

(ZALAWAD JAIN DARSHAN) - RNI NO MAHBIL/2021/80571

Vol. No. 60 ❖ Issue : 01 ❖ Pages : 44 ❖ July 2024 ❖ Monthly Magazine ❖ Rate : Rs.3/-




**શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ – મુંબઈ સંચાલિત તથા**

**સમાજરત્ન શ્રી ચીનુભાઇ છગનલાલ શાહ પરિવાર પ્રેરિત**

## સમાજને પાછું આપો : ભગવાન તમને પાછું આપશે...

ઘણીવાર આપણને એવા લોકો મળે છે. જે કહે છે કે તેઓ કોઈ મોટી સંસ્થાને આર્થિક મદદ કરવાને બદલે પોતે જેને સારી રીતે ઓળખે છે એવા પોતાના કર્મચારી – સગા કે મિત્ર-સંબંધી ને જ સહાય કે મદદ કરવાનું પસંદ કરે છે. બીજી બાજુ એવા પણ લોકો છે જે ફક્ત સામાજીક સંસ્થાઓને મદદ કરવામાં માને છે. ઘણાનું માનવું હોય છે કે જ્યારે તે સમાજની સંસ્થાને દાન આપે છે ત્યારે એના લાભાર્થી કોણ હશે. એની એમને ખબર પડતી નથી. જેઓ પોતાના કર્મચારી, સગા, સંબંધી કે મિત્ર ને આપવામાં માને છે. એમનું કહેવું હોય છે કે કર્મચારીઓને તેઓ દાન તરીકે કંઈ આપતા નથી. તેઓ તો પરિવારજન જેવા હોય છે. જ્યારે પરિવારને કંઈક આપવામાં આવે ત્યારે એને દાન કહી શકાય નહીં.

કેટલાક લોકો બંન્ને પ્રકારે મદદ કરતા હોય છે. અર્થાત પોતાના સગા, સંબંધી, મિત્ર, કર્મચારીઓને પણ સહાય કરે અને સમાજની સંસ્થાઓને પણ ઉદારતાથી દાન આપે. બીજાઓને સહાય કરવાની બીજી પણ અનેક રીત હોઈ શકે છે. વળી મદદ ફક્ત નાણાંથીજ થાય છે. એવું નથી કોઈ વસ્તુ કે અનાજ દ્વારા મદદ કરી શકાય છે. આ બધામાં સારા ખરાબનો સવાલ આવતો જ નથી. ધર્મશાસ્ત્રમાં દાન સાત્વિક, રાજસી અને તામસી એમ ત્રણ પ્રકારનું ગણાવ્યું છે. દાન કરતી વખતે મનના ભાવ શું છે ? એના આધારે પ્રકાર નક્કી થાય છે.

❖ સાત્વિક દાન :- કોઈપણ અપેક્ષા વગર યોગ્ય સમયે અને યોગ્ય સ્થળે યોગ્ય છે. એટલે સુપાત્રને આપવામાં આવેલું દાન સાત્વિક કહેવાય છે.

❖ રાજસી દાન :- કોઈએ કરેલા ઉપકારને પછી તે સમાજ હોય કે વ્યક્તિ હોય, તે પાછો વાળવા, અથવા સામે કંઈક મળશે એવી ભાવના સાથે અથવા કચવાતા મને આપવામાં આવેલું દાન રાજસી હોય છે.

❖ તામસી દાન :- ખોટા સમયે અને ખોટા સ્થળે કુપાત્રને કોઈપણ માન-સમ્માન વગર અથવા ખોટી ભાવના સાથે આપવામાં આવેલું દાન તામસી કહેવાય છે.

દાન આપતી વખતે મનમાં કઈ ભાવના છે. એ ફક્ત દાતા જ જાણતો હોય છે. કોઈકના મન વિશે આપણે ટિપ્પણી કરીએ તો એ આપણો મત હોય છે. આપણે જ્યારે કંઈક કહેતા હોઈએ ત્યારે આપણી પણ કથની અને કરણીમાં ફેર હોઈ શકે છે. મનની ઉદાર ભાવના સાથે કોઈપણ બદલાની અપેક્ષા વગર શાંત અને શીતળ મનથી સમાજને કંઈક આપવાની સાથે છે. વખત જતાં આ જ રીતે મન ને શાંત અને સ્થિર કરી શકાય છે.

એક સેમીનારમાં 'ફાયનાન્શીયલ પ્લાનર' ના લેક્ચરમાં પ્રશ્ન પૂછેલો **'નિશ્ચિતપણે ધનવાન બની શકાય એવો કોઈ રસ્તો છે ખરો ?'** જવાબ હતો **'સમાજને પાછુ આપવુ એજ ધનવાન બનવાનો નિશ્ચિત રસ્તો છે.'**

ભગવાન હંમેશા પોતાના દૂત બનવા માટે લોકોની, વ્યક્તિની શોધ કરતા હોય છે. તે ક્યારેય જાતે આવીને મદદ કરતા નથી. **'સમાજને પાછું આપો, ભગવાન તમને પાછું આપશે.'**


SYMBOL OF TRUST

દિનેશભાઈ ટી. શાહ
મો.: ૯૩૨૪૯૭૮૭૪૭
વઢવાણવાળા

યુનીક જવેલર્સ ™

શુધ્ધ ચાંદીના થાળી, વાટકા, ગ્લાસ, સીક્કા, લગડી તથા પ્રેઝન્ટેશન આર્ટીકલ્સ અને ફેન્સી જવેલરીના વેપારી

બોરીવલી શો રૂમ : આવીશ્કાર ટાવર, શોપ નં. ૩૦-૩૧,
ચંદાવરકર સર્કલ, વૃંન્દા હોટલ સામે, બોરીવલી (વેસ્ટ), મુંબઈ – ૪૦૦૦૯૨.
ફોન : ૨૮૯૧ ૧૯૯૮ (ઘર) ૯૮૧૯૨૮૮૪૨૭

## શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહને મળેલ 'ઝાલાવાડ રત્ન એવોર્ડ' બદલ
### શ્રી સંઘ - ફાઉન્ડેશનના હોદ્દેદારો, મુરબ્બી, સમાજ અગ્રગણ્યો દ્વારા હાર્દિક અભીનંદન..



આપણા સંઘના પ્રમુખ શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહને તેઓની સમાજ પ્રત્યેની માનવતાવાદી, પરોપકારી સેવાઓ, પ્રવૃત્તિઓ-કાર્યોમાં વર્ષોનાં અસાધારણ સહયોગ - યોગદાન ને બિરદાવતા રાષ્ટ્રસંત પરમ ગુરૂદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબનાં આર્શીવાદ સાથે તેઓના કરકમલોએ 'ઝાલાવાડ રત્ન એવોર્ડ' ગત તા.૨૬ મે ના રોજ જલારામ હોલ ખાતે સમાજના શ્રેષ્ઠીઓ અને મહાનુભાવો, અન્ય સંસ્થાના પદાધીકારીઓ - ટ્રસ્ટીશ્રીઓ અને શ્રેષ્ઠીવર્ય દાનવીરોની વિશેષ ઉપસ્થિતમાં આપવામાં આવેલ. તે બદલ ઝાલાવાડ સમાજના શ્રી સંઘના ટ્રસ્ટીશ્રી, હોદ્દેદારો અને ઝાલાવાડ ફાઉન્ડેશનની મીટીંગમાં ઉપસ્થિત શ્રેષ્ઠીઓ મહાનુભાવોએ. ફાઉન્ડેશન ચેરમેન શ્રી વિનોદભાઈ શેઠ, સંઘ આઈ.પી.પી. શ્રી અરવિંદભાઈ કે. શાહ દ્વારા પુષ્પગુચ્છ ગુલદસ્તો આપી અભિનંદન આપવામાં આવેલ. જેમાં શ્રી જયેન્દ્રભાઈ શાહ, શ્રી જીતુભાઈ કોઠારી, શ્રી મુગટભાઈ શાહ, શ્રી સંજયભાઈ શાહ, શ્રી મુકેશભાઈ શાહ, શ્રી મહેન્દ્રભાઈ શાહ, શ્રી નરેન્દ્રભાઈ કામદાર, શ્રી કેતનભાઈ ઝવેરી, શ્રી પિયુષભાઈ શઅહ, શ્રી કમલેશભાઈ શાહ અને હરીશભાઈ શાહ દરેકે તાળીઓથી વધાવી અભિનંદન આપેલ.

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ-મુંબઈ**

પ્રમુખ : શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ
IPP : શ્રી અરવિંદભાઈ કાંતિલાલ શાહ
ઉપપ્રમુખ : શ્રી મહેન્દ્રભાઈ વ્રજલાલ શાહ
ઉપપ્રમુખ : શ્રી કમલેશભાઈ મહાસુખલાલ પારેખ
મંત્રીઓ : શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ
શ્રી પિયુષભાઈ કાંતીલાલ શાહ
શ્રી ભરતભાઈ નેમીચંદ કુવાડીયા
સહમંત્રી : શ્રી મીતેશ સુભાષભાઈ શાહ
ખજાનચી : શ્રી ગિરીશભાઈ કાંતીલાલ શાહ
સહખજાનચી : શ્રી કેતનભાઈ કનૈયાલાલ શાહ
P.R.O. : શ્રી દિપકભાઈ ગુલાબચંદ ગાંધી

ટ્રસ્ટીશ્રીઓ

શ્રી કિરીટભાઈ રતનશી શાહ
શ્રી સંજયભાઈ ભાઈલાલ શાહ
શ્રી કુમારભાઈ નગીનદાસ શાહ
શ્રી જયેન્દ્રભાઈ હરીલાલ શાહ
શ્રી પ્રકાશભાઈ રસીકલાલ શાહ
શ્રી બીપીનભાઈ રતીલાલ વોરા

તંત્રી : શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ

રજી. ઓફીસ
શ્રી નમીનાથજી જૈન ઉપાશ્રય પાયધુની,
મુંબઈ - ૪૦૦ ૦૦૩

વલ્લભદાસ કાનજી બિલ્ડીંગ, બીજે માળે,
૧૭૫, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨

**વહીવટી ઓફીસ :** ન્યુ ઈંડિયા હાઈટ્સ, ૮મે માળે, ઓલ્ડ પોલીસ લેન, રેલ્વે સ્ટેશનની સામે, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૯

**કામકાજનો સમય : ૧૧.૦૦ થી ૬.૦૦**

**મો. : ૯૧૩૭૩૪૨૮૧૮**

દામોદરવાડી : ૨૮૮૭ ૪૬૩૩

**પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચાર લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં. લેખ મોકલનારે છપાવા બાબત પૃચ્છા કરવી નહીં તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.**

છૂટક મુલ્ય રૂા.૩/-

Email :

**zalawadjainsangh@gmail.com**

Website :

**www.zalawadjainsangh.org**

**તંત્રી સ્થાનેથી....**

# શૈક્ષણીક ક્ષેત્રે હરણફાળ.....

છેલ્લા થોડા વર્ષોથી જેમાં ખાસ કોરોના પછીના વર્ષોમાં શિક્ષણ ઘણુંજ મોંઘુ થયેલ છે.

ટેક્નોલોજીના ક્ષેત્રે અનેક શોધ એસ.એસ.સી. પછી શૈક્ષણીક ક્ષેત્રમાં અનેક ક્ષેત્રો, કોલેજ અને ટેક્નીકલ ક્ષેત્રમાં એન્જીનીયરીંગમાં અને આવા અનેક ક્ષેત્રો ખુલી ગયા છે. જેમાં આજની યુવા પેઢીને પસંદગીની તકો વધી છે. શિક્ષણમાં પણ હરીફાઈના યુગમાં આપણે જોઈએ છીએ કે ૯૦% આસપાસ લાવવાવાળા વિદ્યાર્થીઓની સંખ્યા ખૂબજ વધી છે. કહેવાનો મતલબ છે માતા-પિતા અને સંતાનોનો શિક્ષણ પ્રત્યેનો અભિગમ અને સખત મહેનત કરી સારી ટકાવારી લાવવી તેજ લક્ષ્ય સાથે અભ્યાસ કરી ઉચ્ચ ગુણાંક સાથે ઉત્તીર્ણ થઈ ઉચ્ચ શિક્ષણ માટે પુરૂષાર્થ, અભ્યાસ માટેની મહેનત અને માતા-પિતાની ધગશ જોઈએ છીએ ત્યારે એવો વિચાર આવે કે આવનાર વર્ષોમાં નવી પેઢીના યુવાનો કુટુંબ પરિવાર ગામ અને સમાજનું નામ રોશન કરશે.

શિક્ષણ પ્રત્યેના અગાઉના સમયમાં વધુમાં વધુ એસ.એસ.સી., બી.કોમ, બી.એ. કે બી.એસ.સી. સુધી ભણે એટલે 'ઘણુ ભણ્યો' તેમ કહેવાતું હતું અને સાથે પિતાજીના ધંધામાં કે ફેક્ટરીમાં જોડાવાનું રહેતું. આજના સમયમાં નવી પેઢીમાં યુવાનો-યુવતી પોતે શું ? ભણવું છે. આગળ જઈને શું કરવું વગેરે પોતેજ નક્કી કરી ચોક્કસ લક્ષ્ય સાથે અભ્યાસ પૂર્ણ કરી નક્કી કરેલ ગોલ સુધી પહોંચે છે. આજની યુવા પેઢીના આ અભિગમને અભિનંદન....

## શું વાંચશો ? આ અંકમાં...

★ ઝાલાવાડ સંઘ A.G.M. પરિપત્ર ★ ફાઉન્ડેશન લેપટોપ યોજના વિષે ★ શ્રી જયભિખ્ખુ વિષે ★ તેજસ્વી તારલા ★ વઢવાણની વિરલ વિભૂતી ★ યાત્રિક ભવન દિવાળી પેકેજ ★ ઝાલાવાડ ફાઉન્ડેશન વાર્ષિક અહેવાલ ★ વ્યક્તિ વિશેષ શ્રી સી.વી.શાહ (પેરેડાઈઝ) ★ બોરીવલી મંડળ એ.જી.એમ. અને ચુંટણી કાર્યક્રમ ★ શ્રીમતી શારદાબેન કિશોરભાઈ નંદલાલ શાહ શૈક્ષણીક સહાય યોજના ★ બરવાળા તાલુકા મિત્ર મંડળ અહેવાલ ★ ભૂખ્યાને ભોજન યોજના વિષે ★ શ્રી દલાશા પરિવાર અહેવાલ + ફોટા ★ ગોરેગાંવ મંડળ – ફોટા + અહેવાલ ★ શૈક્ષણીક કીટ-બુક વિતરણ-સુ.નગર ★ યાત્રિક ભવન – પાલીતાણા બ્લોકનો નકરા વિષે ★ અભિનંદન ઝાલાવાડ રત્ન એવોર્ડ શ્રી દિલીપભાઈ શાહ

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ – મુંબઈ

## ❖ નૂતન ઓફીસનું સરનામું નોંધી લેશો ❖

**ન્યુ ઈન્ડિયા હાઈટ્સ, ૮ માં માળે,**
**જીવનધામ સોસાયટીની બાજુમાં**
**ઓલ્ડ પોલીસ લેન, રેલ્વે સ્ટેશન સામે,**
**અંધેરી (ઈસ્ટ), મુંબઈ – ૪૦૦૦૬૯**

**સમય : ૧૧.૧૫ થી ૬.૦૦ સંઘ મો.: ૯૧૩૭૩૪૨૮૧૮**
**ફાઉન્ડેશન મો.: ૯૩૨૧૮૪૩૪૫૨**

**ઉપરોક્ત સરનામે શ્રી સંઘ તથા ફાઉન્ડેશનની ઓફીસનું વહીવટી સંચાલન તા.૬-૬-૨૦૨૪ થી કાર્યરત થઈ ગયેલ છે. શ્રી સંઘ તથા ફાઉન્ડેશનના કોઈપણ કાર્ય માટે રૂબરૂ તથા પત્ર વ્યવહાર ઉપરના સરનામે કરવા વિનંતી.**

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ-મુંબઈ પરા મંડળ - મહિલા મંડળ - યુવા મંડળ

શ્રી સંઘ દ્વારા ઝાલાવાડ જૈન દર્શન પત્રિકામાં પરા મંડળો - મહિલા મંડળો અને યુવા મંડળોના કાર્યક્રમ અને પ્રવૃત્તિના સમાચાર - અહેવાલ - માહિતી દરેક બાબતો પત્રિકામાં વિનામૂલ્ય - કોઈપણ ચાર્જ વગર છાપવામાં આવે છે.

શ્રી સંઘની ‘વિશાલ વડલા’ની શાખાઓ અને શ્રી સંઘ અને સમાજના દરેક કાર્યો જેવા કે આર્થિક યોગદાન હોય, મોટા કાર્યક્રમોનો આયોજન હોય કે અન્ય કોઈપણ પ્રકારના સેવાકાર્યોમાં ઉપરોક્ત મંડળોએ આજ સુધી સાથ-સહકાર અને સહયોગ આપે જ છે.

પત્રિકાના કોરપસના વ્યાજમાં ઘટાડો અને સામે ખર્ચમાં ઘણો જ વધારો થયેલ છે. હાલમાં ૪૮૦૦ પત્રિકા મુંબઈ, થાણા જીલ્લા, પાલઘર જીલ્લા અને ગુજરાતના શહેરો, ઝાલાવાડના ગામ અને શહેરો તેમજ ભારતના મોટા શહેરોમાં મોકલવામાં આવે છે.

છેલ્લા થોડા વર્ષોમાં પત્રિકાના ખર્ચાઓ જેવા કે પ્રિંટિંગ ખર્ચ, કોમ્પ્યુટર ડિઝાઈન, ડી.ટી.પી., ઈલેક્ટ્રીક ખર્ચ, પોસ્ટેજ ખર્ચ, પત્રિકા લાયસન્સ અને પોસ્ટેજ લાયસન્સ વગેરેમા ખુબજ ભાવ વધારાને લીધે ખર્ચ વધારે થઈ રહેલ છે. જે બાબત આપણે સહુ જાણીએ છીએ.

ઉપરોક્ત દરેક બાબતોને લક્ષમાં રાખતા ન છૂટકે મંડળોના અહેવાલ - સમાચાર - માહિતીના નીચે પ્રમાણે ચાર્જ લેવામાં આવશે.

૧. ૧ પાનું (પેજ) ફ્રી - વિનામૂલ્ય
૨. અન્ય વધારાના પેજના - રૂા.૧૫૦૦/- મુજબ (જે ખર્ચ આવે છે તેના ૫૦ ટકા લેવામાં આવશે, હાલમાં કોર્મશિયલ દર ફુલ પેજ રૂા.૩૦૦૦/- લેવામાં આવે છે.) દરેક મંડળો, મહિલા મંડળો અને યુવા મંડળોએ પત્રિકા ભેટ માં આપવાના રહેશે.
૩. ઉપરોક્ત દર આગામી ૧ જુલાઈ એટલે કે જુલાઈ માસની પત્રિકાથી અમલમાં આવશે જેની નોંધ લેવા વિનંતી.
૪. મંડળોના અહેવાલ - સમાચાર દર માસની તા.૨૭ છેલ્લી રહેશે તે પછી મળેલ સમાચાર તે પછીના માસની પત્રિકામાં લેવામાં આવશે.
૫. પરા મંડળ - મહિલા મંડળ અને યુવા મંડળોના અહેવાલ ગુજરાતીમાં ડી.ટી.પી. ટાઈપિંગ કરીને મોકલવાના રહેશે. જેની ઓપન ફાઈલ (સોફ્ટ કોપી) સંઘના ઈમેઈલ zalawadjainsangh@gmail.com ઉપર મોકલવાના રહેશે. હસ્તલિખિત અક્ષરો વાંચી શકાતા નથી અને અનેક ભૂલો અને છેકછાક હોય છે.
૬. મોકલનારનું નામ અને મોબાઈલ નંબર હશે તેમના જ અહેવાલ સમાચાર છાપવામાં આવશે.

ઉપરોક્ત દરેક બાબતોને ધ્યાનમાં રાખી આજ સુધી આપેલ સાથ-સહકાર મુજબ ભવિષ્યમાં સાથ-સહકાર અને સહયોગ આપશો તેવી અપેક્ષા.

**તંત્રીશ્રી – મુકેશ શાહ**
**મો.: ૯૮૬૯૦૪૦૧૫૦ / ૯૦૨૯૦૪૦૧૫૦**

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ-મુંબઈ**

સંચાલિત

**શ્રી આદિનાથ રત્નત્રય આરાધના ધામ**

**હ. : માતુશ્રી સમજુબેન ત્રિભોવનદાસ લાલચંદ શાહ પરિવાર**

(લીંબડી - ઘાટકોપર - મુંબઈ)

યાત્રિક ભવન - પાલીતાણા

## દિવાળી પેકેજ યાત્રિક ભવનમાં બુકીંગ બાબત

આપણા પાલીતાણા યાત્રિક ભવનમાં મર્યાદિત સંખ્યાના બ્લોકનું દિવાળી પ્રસંગે બુકીંગ કરીએ છીએ. આ વરસે તા.૩૦-૧૦-૨૪ થી તા.૩-૧૧-૨૪ (ધનતેરસથી ભાઈબીજ) પાંચ દિવસનું પેકેજ આપવાનું નક્કી કરેલ છે. આપણી પાસે જે બ્લોકો આપી શકાય તેમ છે, તેની વિગત અને તેનો નકરો નીચે મુજબ નક્કી કરેલ છે. આ પાંચ દિવસનો નકરો છે. આપ પાંચ દિવસથી ઓછા દિવસ રહેશો તો પણ આપે દિવાળી પ્રસંગે આ પેકેજ મુજબ બુકીંગ કરાવવાનું રહેશે. આ વર્ષે પાંચ દિવસનો નકરો રહેશે.

**દિવાળી પેકેજનું નકરો**

| | |
|---|---|
| **નોન એ.સી. સાદા બ્લોકનો નકરો પાંચ બેડ** | **રૂા.૪૦૦૦/-** |
| **એ.સી. બ્લોક પાંચ બેડ** | **રૂા.૮૦૦૦/-** |
| **એ.સી. બ્લોક બે બેડ** | **રૂા.૫૦૦૦/-** |
| **નોન એ.સી. બ્લોક બે બેડ** | **રૂા.૩૦૦૦/-** |

**દિવાળી પેકેજનું ડીપોઝીટ**

| | |
|---|---|
| **પાંચ બેડ સાદા બ્લોકની ડીપોઝીટ** | **રૂા.૨૦૦૦/-** |
| **પાંચ બેડ એ.સી. બ્લોકની ડીપોઝીટ** | **રૂા.૪૦૦૦/-** |
| **બે બેડ સાદા બ્લોકની ડીપોઝીટ** | **રૂા.૧૫૦૦/-** |
| **બે બેડ એ.સી. બ્લોકની ડીપોઝીટ** | **રૂા.૨૫૦૦/-** |

પાંચ દિવસ જમવાનો નકરો છૂટક રોજના નક્કી કર્યા મુજબનો નિયમ પ્રમાણે રહેશે. આ બ્લોકો તા.૪-૧૧-૨૪ સવારના ૮ વાગ્યા સુધીમાં ખાલી કરવાના રહેશે. જે પરિવારો દિવાળી પર્વમાં યાત્રિકભવનનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓએ મોડામાં મોડું તા.૨૬-૭-૨૦૨૪ સાંજે ૪.૦૦ વાગ્યા સુધીમાં સંઘની અંધેરી નવી ઓફીસે અરજી કરી જેટલા બ્લોક છે તેનાથી વધુ અરજીઓ આવશે તો ડ્રો સીસ્ટમથી બ્લોકો ફાળવવામાં આવશે. આ દિવાળી પેકેજમાં કોઈના પણ હક્કની રૂએ અરજી કરવાની રહેતી નથી. આપને બ્લોક ફાળવવામાં આવ્યો છે જે નહીં તેની જાણ આપને મોડામાં મોડી તા.૨૭-૭-૨૦૨૪ સુધી કરવામાં આવશે. જેમને ફાળવણી થશે તેઓએ બાકીની રકમ તા.૨૯-૭-૨૪ સુધીમાં ભરવાની રહેશે. ફાળવણી થયા બાદ બાકીની રકમ ન ભરનારની ડીપોઝીટ પાછી આપવામાં આવશે નહીં. જેમને બ્લોકની ફાળવણી નહિં થઈ શકે તેમની ડીપોઝીટ પાછી આપવામાં આવશે.

આપની અરજી / નિયત ફોર્મમાં આપનો સભ્ય નંબર, શ્રી સંઘ આઈ.કાર્ડ (ઓળખ પત્ર)ની ઝેરોક્ષ અરજી સાથે જોડવી જરૂરી છે.

**-મહેન્દ્ર વી. શાહ - કન્વીનર**

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ-મુંબઈ**

૧૭૫, પ્રિન્સેસ સ્ટ્રીટ, વલ્લભદાસ કાનજી બિલ્ડીંગ,

બીજા માળે, મુંબઇ - ૪૦૦૦૦૨.

**વહીવટી ઓફીસ :** ન્યુ ઈંડિયા હાઈટ્સ, ઓલ્ડ પોલીસ લેન,

રેલ્વે સ્ટેશનની સામે, અંધેરી (ઇસ્ટ), મુંબઇ - ૪૦૦૦૬૯

**મો.નં. : ૯૧૩૭૩૪૨૮૧૮ સમય - ૧૧ થી ૬**

**વાર્ષિક સામાન્ય સભાનો સરક્યુલર**

શ્રી સંઘની વાર્ષિક સામાન્ય સભા સંવત ૨૦૮૦ ના અષાઢ સુદ ૭ તા.૧૩-૭-૨૦૨૪ શનિવારના રોજ સાંજના ૫.૩૦ કલાકે નીચેના સ્થળે નીચે મુજબની કાર્યવાહિ માટે મળશે. શ્રી સંઘના સર્વે સભ્યોને સમયસર પધારવા વિનંતી છે.

**સ્થળ :** ન્યુ ઈંડિયા હાઈટ્સ, ઓલ્ડ પોલીસ લેન, રેલ્વે સ્ટેશનની સામે, અંધેરી (ઇસ્ટ), મુંબઇ - ૪૦૦૦૬૯

**તારીખ/સમય :** તા.૧૩-૭-૨૦૨૪ શનિવાર
સાંજના ૫.૩૦ કલાકે.

**:કાર્યસુચી :**

૧) ગત સભાની મીનીટસનું વાંચન અને બહાલી

૨) વર્ષ ૨૦૨૩/૨૦૨૪ (તા.૧-૪-૨૦૨૩ થી ૩૧-૩-૨૦૨૪)ના વાર્ષિક અહેવાલની રજુઆત અને બહાલી આપવા બાબત.

૩) વર્ષ ૨૦૨૩/૨૦૨૪ (તા.૧-૪-૨૦૨૩ થી ૩૧-૩-૨૦૨૪)ના વાર્ષિક ઓડીટેડ તથા વ્યવસ્થાપક કમીટીએ મંજુર કરેલ હિસાબોની રજૂઆત અને બહાલી બાબત

૪) ઓડીટરની નિમણૂક તથા તેમનું મહેનતાણુ નક્કી કરવા બાબત.

૫) પ્રમુખશ્રીની અનુમતિથી જે કાંઇ રજૂ થાય તે વિષે ચર્ચા વિચારણા કરી ઘટતા નિર્ણયો લેવા બાબત.

**તા.૨૩-૬-૨૦૨૪** **લિ. માનદ મંત્રીશ્રીઓ**

**નોંધ :**

૧) કોરમના અભાવે સભા મુલત્વી રહેશે તો અડધા કલાક બાદ તેજ સ્થળે, તે જ કાર્યસુચી માટે મુલત્વી રહેલી સભા મળશે જેમાં થયેલ દરેક કાર્ય બંધારણીય ગણાશે.

૨) ઓડીટેડ હિસાબો તા.૪-૭-૨૦૨૪ તથા ૫-૭-૨૦૨૪ બપોરના ૩ થી ૫ વાગ્યા સુધી સંઘની વહીવટી ઓફિસે જોવા માટે ખુલ્લા રાખવામા આવશે.

૩) શ્રી સંઘના વર્ષ ૨૦૨૩-૨૦૨૪ના હિસાબો બાબતમાં આપ તા.૧૩-૭-૨૦૨૪ની જનરલ સભામાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત કરવા ઇચ્છતા હો તો આપે તા.૬-૭-૨૦૨૪ સાંજના પાંચ વાગ્યા સુધીમાં સંઘની વહીવટી ઓફિસે લેખીત મોકલી આપવાનું રહેશે. લેખિત સુચનો ઉપર જ વિચારણા કરવામાં આવશે. કોઇપણ પ્રકારના મૌખિક પ્રશ્નો સભામાં રજુ કરી શકાશે નહી તેની સર્વે સભ્યોએ ખાસ નોંધ લેવા વિનંતી.

૪) પોસ્ટના નવા નિયમો મુજબ હિસાબો પત્રિકામાં છાપી શકાતા નથી. આ હિસાબોની કોપી સંઘની વહીવટી ઓફિસે રાખવામા આવેલ છે. જરૂર જણાયે તે મેળવી લેવા વિનંતી. વાર્ષિક અહેવાલ જૂન માસની પત્રિકામાં આપવામાં આવેલ હતો. દરેક પરા વિભાગમાં વોટસઅપ ગ્રુપમાં જોડાયેલા સભ્યોને પરિપત્ર મોકલવામાં આવેલ છે.

**સંપર્ક : મો. ૯૧૩૭૩૪૨૮૧૮ - સમય - ૧૧ થી ૬**

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ – અંધેરી
## ૪૩મો વાર્ષિકોત્સવ

શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.મંડળ-અંધેરીનો તાજેતરમાં ૪૩મો વાર્ષિકોત્સવનો સુંદર કાર્યક્રમ ગીત-સંગીતની મહેફીલ, તપસ્વીઓનું બહુમાન તથા તેજસ્વી વિદ્યાર્થીઓના બહુમાન સાથે તા.૨૬-૫-૨૦૨૪ રવિવારના રોજ કિશનચંદ વાલેચા સભાગૃહ જુહુ ખાતે યોજવામાં આવેલ હતો.

સોનેરી સવારની પ્રસન્નતા સાથે સવારના ૮.૦૦ કલાકે આસપાસ મંડળના સભ્ય પરીવારજનો પધારી રહ્યા હતા. સૌના આગમન અને ઉત્સાહથી એક સુંદર વાતાવરણનો માહોલ જામેલ હતો. મંડળની કમીટીનાં સભ્યો સર્વ શ્રી હરીશભાઈ શાહ, શ્રી ભરતભાઈ આર. શાહ, શ્રી અનિલભાઈ સી. વોરા રીસેપ્સન કાઉન્ટર ઉપર સર્વેને મીઠો આવકાર આપી ઉમદા ભાવભીનું સ્વાગત કરી કાર્યક્રમનો શુભારંભ કરેલ. સૌપ્રથમ તપસ્વી બહુમાનનાં કાયમી મુખ્યદાતા શ્રી ચીમનલાલ મોહનલાલ શાહ તથા સરયુબેન મુગટલાલ પરિવારનાં શ્રી મહેન્દ્રભાઈ તથા મુગટભાઈનાં હસ્તે તપસ્વીઓનું શાલ તથા કવર આપીને ઉમદા બહુમાન કરવામાં આવેલ.

શૈક્ષણીક બહુમાનનાં કાયમી દાતા માતુશ્રી રસીકાબેન જસવંતભાઈ શાહ પ્રેરીત શૈક્ષણીક એવમ ધાર્મીક પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું ઉમદા બહુમાન કરવામાં આવેલ. ખાસ નોંધનીય અંધેરી મંડળની વિદ્યાર્થીની સ્વરા જીતેશભાઈ દેસાઈએ ૧૦માં ધોરણમાં ૯૭% માર્કસ સાથે ભરતનાટયમ્‌માં માસ્ટર ડીગ્રી, કરાટેમાં એસીયન ગેમ્સમાં જકાર્તામાં સીલ્વર મેડલ અને નેશનલ લેવલે બેંગ્લોરમાં ગોલ્ડ મેડલ માટે મંડળ દ્વારા સ્પેશીયલ બહુમાન કરી પ્રોત્સાહિત કરેલ.

ત્યારબાદ બરાબર ૧૦.૦૦ કલાકે શ્રીમતી હેમાબેન ગાંધી અને પાયલબેન ગાંધી પ્રસ્તુત અને સાથી કલાકારોનાં સંગે ગીત-સંગીતની મહેફીલનો સુંદર મ્યુઝીકલ કાર્યક્રમ રજુ કરેલ. આ કાર્યક્રમ દરમ્યાન કલાકારો દ્વારા એક પછી એક સુંદર ગીતો રજુ થતા ગયા અને ગરબાના તાલે સૌ કોઈ આનંદવિભોર બની નૃત્ય દ્વારા સૌ આનંદિત-પ્રફુલ્લિત થયા હતા.

બરાબર ૧૧.૩૦ કલાકે આસપાસ સમારંભ પ્રમુખ આદરણીય શ્રી દિલીપભાઈ ખીમચંદભાઈ શાહ, સમારંભના મુખ્ય અતિથિ વિશેષ તરીકે માતુશ્રી શારદાબેન ચંદુલાલ પટવા પરિવારનાં તમામ સભ્યો, અતિથિ વિશેષ તરીકે શ્રી શૈલેષભાઈ ત્રીભોવનદાસ શાહ (કટુડાવાળા-હાલ બોરીવલી) તથા શ્રી રમેશભાઈ મંગળદાસ શેઠ વતી સુપુત્ર શ્રી મેહુલભાઈ રમેશભાઈ શેઠ પધારી શોભામાં અભિવૃધ્ધી કરેલ.

આ ઉપરાંત અન્ય મહાનુભાવોમાં ફાઉન્ડેશનનાં ચેરમેન શ્રી વિનોદભાઈ ટી. શેઠ, શ્રી સંઘ I.P.P. શ્રી અરવિંદભાઈ કે. શાહ, સંઘ ટ્રસ્ટીશ્રીઓ શ્રી કિરીટભાઈ રતનશીભાઈ શાહ, શ્રી કુમારભાઈ એન. શાહ, શ્રી જયેન્દ્રભાઈ એચ. શાહ, શ્રી પ્રકાશભાઈ આર. શાહ, શ્રી સંઘનાં ઉપપ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ વી. શાહ, શ્રી કમલેશભાઈ એમ. પારેખ, મંત્રી શ્રી મુકેશભાઈ યુ. શાહ, શ્રી પિયુષભાઈ કે. શાહ, શ્રી ભરતભાઈ એન. કુવાડીયા, સહમંત્રી શ્રી મિતેષભાઈ શાહ, સહખજાનચી શ્રી કેતનભાઈ શાહ ઝાલાવાડ ફાઉન્ડેશનના ખજાનચી શ્રી કેતનભાઈ શાહ તથા શ્રી કમલેશભાઈ શાહ, સ્થાનકવાસી સભાના શ્રી સી.વી.શાહ (પેરેડાઈઝ), ઝાલાવાડ ગ્લોબલના શ્રી જીતુભાઈ કોઠારી, શ્રી પરેશભાઈ શાહ પાર્લા મંડળના ભુ.પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ કામદાર તથા મંત્રી શ્રી મયૂરભાઈ આર. શાહ તમામ કમીટી મેમ્બર્સ, બોરીવલી મંડળના પ્રમુખ શ્રી પ્રફુલભાઈ સલોત, ટ્રસ્ટીશ્રી અનિલભાઈ ટોલીયા અને કમીટી મેમ્બર્સ, મલાડ મંડળના પ્રમુખ શ્રી જીગ્નેશભાઈ, બંકિમભાઈ માથુકીયા, જીતેન્દ્રભાઈ ગોવનજી શાહ અને કમીટી મેમ્બર્સ, કાંદીવલી મંડળનાં પદાધીકારીઓ, ઘાટકોપર મંડળનાં શ્રી બિપીનભાઈ શાહ તથા ઘાટકોપર યુવા મંડળ, ભાયંદર યુવા મંડળના પદાધિકારીઓ, મુલુંડ મંડળ, ઉપરાંત મહિલા મંડળ પાર્લાનાં પ્રમુખ શ્રી જયોતિબેન ભરતભાઈ શાહ તથા પદાધીકારીઓએ પધારી શોભામાં અભિવૃધ્ધી કરી હતી.

બપોરનાં ૧૨.૦૦ કલાકે અંધેરી મંડળના શ્રી દિપકભાઈ ગાંધી દ્વારા સમારંભ પ્રમુખ, મુખ્ય અતિથી વિશેષ તથા અતિથી વિશેષ વિગેરે સભ્યો દ્વારા દીપ પ્રાગટ્ય માટે આમંત્રણ આપેલ. ત્યારબાદ તમામ મહાનુભાવોને તેમજ અંધેરી મંડળના કાયમી દાતા પરિવારોના સદસ્યોને સ્ટેજ ઉપર પધારી સ્થાન ગ્રહણ કરવા વિનંતી કરી ભાવભર્યુ સ્વાગત કરેલ.

મંડળના મંત્રી શ્રી દર્શનભાઈ શાહે કાર્યક્રમની શરૂઆત કરતા મંડળનાં પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહને આમંત્રિત કરેલ. શ્રી મહેન્દ્રભાઈએ અત્રે સ્ટેજ ઉપર બિરાજમાન સર્વે મહાનુભાવો અને અમારા આમંત્રણને માન આપીને પધારેલ સર્વે મહેમાનોનું તથા મંડળના પરિવાર સભ્યોનું ભાવભીનું સ્વાગત કરેલ. તેઓએ જણાવેલ કે અંધેરી મંડળની ખૂબજ મહેનત ટીમવર્ક દ્વારા આજે સમાજમાં મોખરાનું સ્થાન ધરાવે છે. શ્રી સંઘ, ફાઉન્ડેશન, ગ્લોબલ ટ્રસ્ટનાં દરેક કાર્યોમાં અંધેરી મંડળનો હંમેશા સિંહફાળો હોય છે. શ્રી મેહન્દ્રભાઈએ આ પ્રસંગે તેમના પરિવાર તરફથી ઉદારતાપૂર્વક અંધેરી મંડળને રૂા.૧ લાખનું યોગદાન, ઝાલાવાડ ફાઉન્ડેશનને લેપટોપ યોજના માટે રૂા. ૧લાખનું યોગદાન, જીવદયા ક્ષેત્રે સમસ્ત મહાજનને રૂા.૧ લાખનું યોગદાન તથા શ્રી ઝાલાવાડ સંઘને સાધર્મિક ભક્તિ માટે રૂા.૧ લાખના યોગદાન આપવાની જાહેરાત કરી હતી. જેને હાજર રહેલ દરેકે તાળીઓથી વધાવી લીધી હતી.

ત્યારબાદ અતિથિ વિશેષ શ્રી રમેશભાઈ મંગળદાસ શેઠને આમંત્રિત કરેલ. તેઓશ્રી આઉટ ઓફ ઈન્ડીયા હોઈ તેમના પુત્ર શ્રી મેહુલભાઈ શેઠ હાજર રહેલ. જેમનું ઉમદા બહુમાન કર્યુ હતુ.

શ્રી મેહુલભાઈએ જણાવેલ કે મંડળનાં કોઈપણ કાર્ય માટે અમારા પરિવાર હંમેશા મંડળની સાથ જ છે અને રહેશે.

બીજા અતિથિ વિશેષ કટુડાવાળા હાલ બોરીવલી શ્રી શૈલેષભાઈ ત્રીભોવનદાસ શાહને આમંત્રિત કરી ઉમદા બહુમાન કરેલ. ભાઈ શ્રી શૈલેષભાઈ બોલવામાં નહીં પરંતુ કાર્ય કરવામાં જ માને છે. વતન કટુડા ગામ દત્તક લીધું છે અને વતનમાં સ્કુલ ઉપરાંત અનેક સેવાના અનુમોદનીય કાર્યો કરેલ છે. તેમણે પણ અંધેરી મંડળને ઉદારતા પૂર્વક રૂા.૫૧ હજારનાં યોગદાનની જાહેરાત કરી હતી.

કાર્યક્રમને આગળ વધારતા અંધેરી મંડળના ટ્રસ્ટી-સેક્રેટરી શ્રી કિરણભાઈ શાહે સંચાલન કરતા અંધેરી મંડળના વાર્ષિકોત્સવનાં કાયમી પ્રેરક દાતા માતુશ્રી શારદાબેન ચંદુલાલ પટવા પરિવારનાં તમામ સભ્યોનો એક આગવી શૈલીમાં પરિચય આપ્યો હતો. ત્યારબાદ પરિવારનાં તમામ સભ્યોને વાજતે-ગાજતે સ્ટેજ ઉપર લાવીને આ વાર્ષિકોત્સવનાં કાયમી દાતા તરીકે આગાઉનાં રૂા.૫ લાખ ૫૫ હજારનાં યોગદાનમાં બીજા રૂા.૪,૪૪,૪૪૫ ઉમેરવાની પરિવાર દ્વારા જાહેરાત કરાઈ હતી. કુલ રૂા.૧૦ લાખના કાયમી પ્રેરકદાતા તરીકેનું યોગદાન જાહેર કર્યુ હતુ જેને હાજર રહેલ તમામ સભ્યોએ સ્ટેન્ડીંગ ઓવિએશન અને તાળીઓના ગડગડાટથી વધાવી લીધુ હતુ. અને પરિવારનાં તમામ સભ્યો સર્વે શ્રી અશ્વીનભાઈ પટવા, શ્રી દિપકભાઈ પટવા, શ્રી જતીનભાઈ પટવા, શ્રી અતુલભાઈ સંઘવી તેમજ તમામ ફેમીલી મેમ્બર્સનું ઉમદા બહુમાન કર્યુ હતું. અને બેનર પ્રદર્શીત કરવામાં આવ્યું હતું. સાથે-સાથે સન્માન પત્ર પણ અર્પણ કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ આજનાં સમારંભના પ્રમુખ, શ્રી ઝાલાવાડ સંઘ પ્રમુખ શ્રી દિલીપભાઈ ખીમચંદભાઈ શાહને આમંત્રિત કરી તેમનું ઉમદા બહુમાન કર્યુ હતું. જેના પ્રતિસાદમાં શ્રી દિલીપભાઈએ જણાવેલ કે અંધેરી મંડળ સાથે લગભગ ૨૦ વર્ષનો નાતો રહ્યો છે. આ મંડળે હંમેશા શ્રી સંઘના દરેક કાર્યોમાં ઉત્તમ સહયોગ આપેલ છે. શ્રી સંઘની નુતન ઓફીસમાં પણ મહેન્દ્રભાઈનું યોગદાન અને મંડળનાં દરેક સભ્યોના યોગદાનની પણ પ્રશંસા કરી હતી. આ પ્રસંગે તેમના તરફથી મંડળને રૂા.૧ લાખનાં યોગદાનની પણ ઉદારતાપુર્વક જાહેરાત કરી હતી.

ત્યારબાદ ફાઉન્ડેશનનાં ચેરમેન શ્રી વિનોદભાઈ ટી. શેઠને આમંત્રિત કરી તેમનું ઉમદા બહુમાન કર્યુ હતુ. તેના પ્રતિસાદમાં શ્રી વિનોદભાઈએ એજ્યુકેશન ઉપર ભાર મુકી ફાઉન્ડેશન દ્વારા લેપટોપ યોજનાની પણ જાહેરાત કરી હતી. આ પ્રસંગે તેમના તરફથી પણ રૂા.૫૧ હજારનાં યોગદાન ઉદારતાપૂર્વક જાહેરાત કરી હતી.

છેલ્લે સ્ટેજ ઉપર બિરાજેલ સર્વ મહાનુભાવોનું બહુમાન તથા પધારેલ તમામ આમંત્રિત મહેમાનોનું બહુમાન મંડળના કમીટી મેમ્બર્સ દ્વારા કરવામાં આવેલ. આભારવિધી મંડળના ટ્રસ્ટી શ્રી શૈલેષભાઈ વી. શાહે કરી. એમણે અત્રે પધારેલ સર્વે મહાનુભાવો, આમંત્રિત મહેમાનો, તમામ પરા મંડળ, યુવા મંડળ, મહિલા મંડળ તથા અંધેરી મંડળના પરિવારજનોનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે અંધેરી મંડળનાં તમામ કમીટી મેમ્બર્સ જેમની ટીમવર્કની ભાવનાથી આ કાર્યક્રમ સફળ થયો હતો તે માટે ખુબજ સંતોષ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમના અંતિમ ભાગમાં શ્રી અંધેરી મંડળની સ્થાપનાથી આજ પર્યંત લગભગ છેલ્લા ૪૩ વર્ષથી અવિરત સેવા આપતા શ્રી દીપકભાઈ ગાંધીની સેવાઓને બિરદાવી હતી. શ્રી દીપકભાઈ ગાંધી એટલે પરદા પાછળના કલાકાર મંડળના તમામ કાર્યોમાં એમનો સાથ-સહકાર અચૂક હોઈએ જ. ક્યારે પણ કોઈપણ પ્રશંસા કે પ્રિસિધ્ધિની આશા નહી પરંતુ મંડળ અને સમાજની સેવા કરવાનું જ લક્ષ્ય આ દીપકભાઈની તમામ સેવાની નોંધ લઈને તેમને તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા.

છેલ્લે સુંદર જમણવાર તરફ સૌ આગળ વધી આનંદ સાથે છુટા પડ્યા હતા.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ - ગોરેગાંવ

શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપુજક મિત્ર સમાજ, ગોરેગાંવ નો વાર્ષિક મેળાવડો રવિવાર,૫ મી મે ૨૦૨૪ ના રોજ સવારે ૯ થી બપોરે ૨ ની વચે, જૈન સબકુછ બેંક્વેટ, ગોરેગાંવ લિન્ક રોડ, મા રાખેલ. આ કાર્યક્રમમાં દરેક સભ્ય-પરિવારે ઉત્સાપૂર્વક ભાગ લીધેલો.

સવારે ૧૦ વાગે ચા નાસ્તો પૂર્ણ કર્યા બાદ ગીત-સંગીત તથા ગરબાની રમઝટ દરેક સભ્યએ માણી. કાર્યક્રમની શરૂઆતમાં મહીલા મંડળની બહેનોએ શ્રી નવકાર મંત્રનું સ્મરણ કરાવેલ.

મંત્રી શ્રી હિતેન્દ્રભાઈ હીરાલાલ ગાંધીએ આમંત્રિત મહેમાનો તથા સભ્યોનુ સમાજવતી સ્વાગત કરેલ. અને ગોરેગાંવ સમાજના પ્રમુખ શ્રી રાજેશભાઈ જયંતીલાલ શાહ, મુંબઈ સંઘ પ્રમુખ શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ તથા સમાજના ઉપ-પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ વ્રજલાલ શાહ તથા ખજાનજી શ્રી અરવિંદભાઈ તથા પૂર્વ મંત્રી શ્રી મંગળદાસભાઈ કુવાડિયા અને મુંબઈ સંઘના અરવિંદભાઈ શાહ તથા અન્ય મહાનુભવોને દીપ પ્રાગટ્ય માટે આમંત્રિત કરેલ. સંઘ તથા પરા મંડળ અન્ય મહાનુભાવોએ અમારા આમંત્રણને માન આપીને હાજર રહી કાર્યક્રમની શોભામા અભિવૃદ્ધિ કરેલ.

સંઘ પ્રમુખ શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહનુ શાલ અને મોતીમાળાથી સમાજના પ્રમુખ અને ઉપ-પ્રમુખે બહુમાન કરેલ તેમજ અન્ય મહાનુભાવોનું પુષ્પગુચ્છથી કારોબારીના સભ્યોએ બહુમાન કરેલ.

સમાજ પ્રમુખ શ્રી રાજેશભાઈએ સમાજની પ્રવૃત્તિ તથા આગામી કાર્યક્રમની રૂપરેખા આપેલ અને કાર્યક્રમમાં પધારે શ્રી દિલીપભાઈ તથા અન્ય મહાનુભાવોનો આભાર વ્યક્ત કરેલ. તેમજ ઉપ-પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈએ પણ સર્વે મહાનુભાવો ને આવકાર્યા હતા.

સંઘ પ્રમુખ શ્રી દિલીપભાઈએ આશીર્વચન સાથે સમાજની દરેક શાખાઓની પ્રવૃત્તિનું વિવરણ આપેલ તેમજ પાલીતાણા યાત્રીકભવન અને દામોદરવાડી વીસે વિસ્તારથી જાણકારી આપેલ.

ગોરેગાંવ સમાજનું ગૌરવ શ્રી મીત તુષાર કુવાડિયા (મંગળદાસભાઈ કુવાડીયા ના પૌત્ર) જેમણે C.A. ફાઇનલમાં ઓલ ઓવર ઈન્ડિયામાં ૧૦મી રેન્ક મેળવેલ છે તેનુ બહુમાન ટ્રોફી અને સમાજનું સર્ટીફિકેટ આપીને કરેલ.

તપસ્વી સન્માનના કાયમી દાતા શ્રીમતી વિમળાબેન

જયંતીલાલ વીરચંદ દોશી પરિવારને તપસ્વી સન્માન કરવા આમંત્રિત કરેલ. દાતા પરિવાર તરફથી શ્રીમતી મધુકાંતાબેન, શ્રી રાજેશભાઈ, હર્ષ અને રિષિતાબેન પધારેલ. કુલ ૯ તપસ્વીઓનું દાતા પરિવારે પાંચ ગ્રામ ચાંદીની લગડી, શ્રીફળ, માળા અને સમાજનું પ્રમાણપત્ર આપીને સન્માન કરેલ.

સરસ્વતી સન્માનના કાયમી દાતા શ્રીમતી સૂરજબેન હીરાલાલ ચત્રભુજ દેસાઈ પરિવારને સરસ્વતી સન્માન કરવા આમંત્રિત કરેલ. દાતા પરિવાર તરફથી શ્રીમતી જસુમતીબેન ઉમેશભાઈ દેસાઈ, દિવ્યેશભાઈ અને તેમના ધર્મપત્ની પધારેલ. કુલ ૧૬ વિદ્યાર્થીઓનું પરિવાર તરફ કવર તથા સમાજનું પ્રમાણપત્ર આપી સન્માન કરેલ.

ત્યારબાદ ફરી એકવાર ગીત-સંગીત અને ગરબાની રમઝટ સભ્યોએ માણી.દરેક સભ્યે અપેક્ષા દરસાવી કે નિરંતર આપણા સમાજના આવા કાર્યક્રમો થતા રહે, સભ્ય પરિવારનો મેળાવળો થતો રહે.

અંતમાં સમાજના મંત્રી શ્રી હિતેન્દ્રભાઈએ આમંત્રિત મહેમાનો તથા સર્વે સભ્ય પરિવારનો આભાર માનેલ અને પ્રીતિ ભોજન માટે આમંત્રિત કરેલ.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ – બોરીવલી

વિનંતી સાથે જણાવવાનું કે શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ - બોરીવલીની વાર્ષિક સામાન્ય સભા રવિવાર તા.૧૧-૮-૨૦૨૪ના રોજ સવારે ૧૦ વાગતા મળશે. જેમાં નીચે મુજબ કાર્યવાહી હાથ કરવામાં આવશે. સભ્યોને સમયસર હાજર રહેવા વિનંતી છે.

(૧) ગત સામાન્ય સભાની મીનીટસનું વાંચન તથા તેને બહાલી આપવા બાબત. (૨) તા.૩૧-૩-૨૦૨૪ના રોજ (હિસાબી વર્ષ તા.૧-૪-૨૦૨૩ થી તા.૩૧-૩-૨૦૨૪) પૂરા થતાં નાણાંકીય વર્ષના ઓડીટ થયેલ હિસાબો મંજૂર કરવા બાબત. (૩) હિસાબી વર્ષ ૨૦૨૪-૨૦૨૫ના વર્ષ માટે ઓડીટરની નિમણૂંક કરવા તથા તેનું મહેનતાણું નક્કી કરવા બાબત. (૪) વર્ષ ૨૦૨૪-૨૦૨૫ થી ૨૦૨૬-૨૦૨૭ ત્રણ વર્ષ માટે, ટ્રસ્ટીઓ તથા કારોબારી સભ્યોની ચૂંટણી કરવાનું કાર્ય (સવારે ૧૧ થી બપોરે ૧ વાગ્યા સુધી) હાથ ધરવામાં આવશે. (૫) પ્રમુખશ્રીની મંજુરીથી રજુ થાય તે બાબત

**માનદ્ મંત્રીઓ :**
**રસીકલાલ એસ. શાહ**
**રૂપેશ સી. શાહ**
**દિલીપ ટી. શાહ**

તા.ક. : (૧) કોરમના અભાવે મુલતવી રહેલી સભા અડધા કલાક બાદ તે જ સ્થળે ફરી મળશે અને તે જ કાર્યવાહી (ઉપર દર્શાવેલ) હાથ ધરવામાં આવશે તથા તેમાં લેવાયેલ નિર્ણયો સર્વેને બંધનકર્તા રહેશે. (૨) મંડળના હિસાબો જોવા માટે ગુરૂવાર તા.૧-૮-૨૪ તથા શુક્રવાર તા.૨-૮-૨૪ના રોજ સાંજે ૭ થી ૯ સુધી મંડળની ઓફીસ ખાતે સભ્યો માટે ખુલ્લા રાખવામાં આવશે, જે સભ્ય ભાઈઓને હિસાબો જોવા હોય તેઓ આ દરમ્યાન હિસાબો જોઈ શકશે. (૩) જે સભ્યોને પ્રશ્ન પૂછવો હોય તેમણે લેખિતમાં મંડળના ખજાનચી શ્રી સંજયભાઈ મુળચંદ શાહનો ઓફીસમાં તા.૪-૮-૨૪ના સવારે ૧૦ થી ૧૨ વાગ્યા સુધીમાં આપી જવા વિનંતી છે. લેખિતમાં આવેલ પ્રશ્નોના જ ખુલાસા, પત્રોના જવાબ સભામાં આપવામાં આવશે. (૪) મંડળની રવિવાર તા.૧૧-૮-૨૦૨૪ના રોજ યોજવામાં આવનારી ચૂંટણીના કાર્ય માટે નીચે મુજબ સભ્યોની ચૂંટણી સમિતિની રચના કરવામાં આવી છે. જે ચૂંટણી અંગેનું બધુ કાર્ય સંભાળશે. **શ્રી મહેશભાઈ એસ. શાહ - ચૂંટણી પંચ કમીશ્નર, શ્રી વિજયભાઈ એમ. શાહ - ચૂંટણી પંચ અધિકારી, શ્રી જયંતીલાલ એમ.શાહ - ચૂંટણી પંચ અધિકારી** સભા બાદ અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

રવિવાર તા.૧૧-૮-૨૦૨૪ના રોજ મંડળના ટ્રસ્ટી તથા કારોબારી સભ્યોની ત્રણ વર્ષ ૨૦૨૪-૨૫ થી ૨૦૨૬-૨૭ માટે થનાર ચૂંટણી માટે બંધારણ મુજબ મંડળના દરેક વિભાગ વાર પ્રતિનિધીની સંખ્યા - સીટોની ફાળવણી નીચે મુજબ છે.

ટ્રસ્ટીઓ માટેની કુલ સીટ - સંખ્યા ૩ (ત્રણ), કારોબારી સભ્યપદ માટેની નીચે જણાવેલ વિભાગવાર કુલ ૨૩ સીટો.

| | | |
|---|---|---|
| બોરીવલી-૧૫, | દહિસર-૧, | મીરારોડ-૧, |
| ભાયંદર-૩, | વસઈ-૧, | નાલાસોપારા-૧, |
| વિરાર-૧. | | |

સંપૂર્ણ કારોબારી કુલ ૨૬ સભ્યોની રહેશે. ટ્રસ્ટીગણ-૩ તથા કારોબારી સભ્યો-૨૩.

(૧) આજીવન સભ્ય બન્યા પછી એક વર્ષ બાદ જ તે સભ્ય ઉમેદવારી કરી શકશે. ઉમેદવારને ટેકો આપી શકશે. ઉમેદવારની ભલામણ કરી શકશે.

(૨) ટ્રસ્ટીપદ માટે ૩ સીટ છે. બંધારણના નિયમ મુજબ મંડળનો કોઈપણ સભ્ય ટ્રસ્ટીપદ માટે ઉમેદવારી કરી શકશે. ટ્રસ્ટીપદના ઉમેદવારને કારોબારી સભ્ય તરીકેનો એક ટર્મનો અને હોદ્દેદાર તરીકેનો એક ટર્મનો અનુભવ હોવો જરૂરી છે.

(૩) ટ્રસ્ટીપદના ઉમેદવારને દરેક વિભાગના બધા જ સભ્યો મત આપી શકશે. ટ્રસ્ટીપદની ચૂંટણી માટે વિભાગ પ્રમાણે મત આપવાના નથી.

(૪) કારોબારીના સભ્યપદના ઉમેદવારો ફક્ત પોતપોતાના વિભાગમાંથી જ ઉમેદવારી કરી શકશે અને સભ્યો પોતાના વિભાગના જ ઉમેદવારી તથા મતદાન વિભાગ પ્રમાણે મર્યાદિત રહેશે. દા.ત. બોરીવલી વિભાગનો સભ્ય બોરીવલી માટે ઉમેદવારી કરી શકશે અને બોરીવલી વિભાગના ઉમેદવારને જ મત આપી શકશે.

(૫) જે સભ્ય પાસે મંડળનું વ્યક્તિગત લેણું (લોન સિવાયનું) બાકી નીકળતું હશે/રહેતું હશે તે સભ્ય કારોબારી અને ટ્રસ્ટી માટેની ચૂંટણીમાં ઉમેદવારી કરી શકશે નહીં.

(૬) કોઈપણ સ્થાન માટે (ટ્રસ્ટીપદ માટે / અથવા કારોબારીના સભ્યપદ માટે) ઉમેદવારી કરનાર ઉમેદવારે રૂા.૨૫૧/- ઉમેદવારી પત્ર સાથે બીડવાના રહેશે. રૂા.૨૫૧/-ની રકમ વગરનું ઉમેદવારી પત્ર રદ્દ કરવામાં આવશે. આ રૂા.૨૫૧/-ની રકમ કોઈપણ સંજોગોમાં પાછી આપવામાં આવશે નહીં.

(૭) જેટલા સ્થાન છે તે પ્રમાણે મત આપવાના રહેશે. ટ્રસ્ટીપદ માટેના ત્રણ સ્થાન માટે ત્રણ મત આપવાના રહેશે. કારોબારીના સભ્યપદ માટે પોતપોતાના વિભાગના સ્થાન / સીટ પ્રમાણે પોતપોતાના વિભાગના ઉમેદવારને જ મત આપવાના રહેશે. સ્થાન / સીટ પ્રમાણેના મત કરતાં વધારે અથવા ઓછા મતવાળું મતપત્રક રદ્દ કરવામાં આવશે.

(૮) ચૂંટણીમાં જો મતદાનની જરૂર પડશે તો મતદાનનો સમય સવારના ૧૧ થી બપોરના ૧ વાગ્યા સુધીનો રહેશે. જે સભ્ય ૧ વાગ્યા સુધીમાં સભા હોલમાં હાજર થઈ ગયા હશે તેઓ જ ચૂંટણીમાં મતદાન કરી શકશે ત્યાર પછી આવનાર સભ્ય મતદાન કરી શકશે નહીં. ચૂંટણીનો સમય મતદાન પૂર્ણ થાય ત્યાં સુધીનો રહેશે.

(૯) ઉમેદવારી પત્રકો મેળવવાનું સ્થળ તથા ઉમેદવારી પત્રકો ભરીને આપવાનું અને ઉમેદવારી પાછી ખેંચવા માટે લેખિત અરજી આપવાનું - આ બધાનું સ્થળ મંડળનું કાર્યાલય - કે-૨, ગ્રાઉન્ડ ફ્લોર, મંગલકુંજ, એસ.વી.રોડ બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૯૨ રહેશે.

(૧૦) ઉમેદવારી પત્રક તા.૧-૯-૨૪ થી તા.૭-૯-૨૪ સાંજે ૭.૩૦ થી ૯.૦૦ દરમ્યાન મળશે. (તા.૪-૮-૨૪ને રવિવારે સવારે ૧૦ થી ૧૨)

(૧૧) ઉમેદવારી પત્રકો રોકડા રૂા.૨૫૧/- સાથે તા.૧-૮-૨૪ થી તા.૭-૮-૨૪ સાંજે ૭.૦૦ થી ૯.૦૦ તથા તા.૪-૮-૨૪ ને રવિવારે સવારે ૧૦ થી ૧૨ દરમ્યાન સીલબંધ કવરમાં ઉમેદવારી પત્રક બોક્સમાં / સીલબંધ ડબ્બામાં નાખવાના રહેશે. તેની કોઈ પહોંચ ઉમેદવારી પત્ર બોક્સમાં / સીલબંધ ડબ્બામાં મૂકવાની / નાખવાની આપવામાં આવશે નહીં.

(૧૨) ઉમેદવારી પાછી ખેંચવાની આખરી તા.૯-૮-૨૪ સમય રાત્રિના ૭.૩૦ થી ૯.૩૦ સુધીનો રહેશે ઉમેદવારી પાછી ખેંચવા માટે લેખિત અરજી આપવાની રહેશે.

(૧૩) ચૂંટણી બાબત ઉભા થયેલા પ્રશ્નોમાં ચૂંટણી પંચ સમિતિનો નિર્ણય આખરી ગણાશે અને તે સર્વેને બંધનકર્તા રહેશે.

**લી.: મહેશભાઈ એસ. શાહ - ચૂંટણી પંચ કમિશ્નર**
**વિજયભાઈ એમ. શાહ - ચૂંટણી પંચ અધિકારી**
**જયંતીલાલ એમ. શાહ - ચૂંટણી પંચ અધિકારી**

મતદાન સમયે મતદાતાએ પોતાનું એક ફોટો આઈ.ડી. પ્રૂફ (આધાર કાર્ડ / પેન કાર્ડ / ઈલેક્શન કાર્ડ) સાથે લઈને આવવું જરૂરી છે તે વગર મતદાન નહીં કરી શકે.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મહિલા મંડળ - કાંદિવલી

તા.૩-૬-૨૪ અને તા.૪-૬-૨૪ બન્ને દિવસ બપોરના ૩.૩૦ થી ૭.૦૦ વાગ્યા સુધીનો કાર્યક્રમ મલાડ સાઈ સરોવર હોટલમાં યોજવામાં આવેલ હતો.

સૌપ્રથમ ખૂબ આનંદ-ઉત્સાહથી દરેક બહોળી સંખ્યામાં બહેનોએ ભાગ લીધો હતો. દરેક બહેનો બનીઠનીને એ.સી.હોલમાં પોતાની સીટો ઉપર ગોઠવાઈ ગયા હતા. નવકાર મંત્ર બોલીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ ગરમા ગરમ મસાલેદાર ચા અને કોફી સાથે હળવો નાસ્તો કરીને બહેનો એક-બીજાની સાથે વાતોમાં મશગૂલ બની ગયા હતા.

ત્યારબાદ પ્રમુખશ્રી રાગિણીબેનના માર્ગદર્શનથી સેક્રેટરી નયનાબેન વોરાએ સુંદર શાયરી બોલીને આવેલ દરેક બહેનોનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. તેમજ અત્યાર સુધીના થયેલ કાર્યક્રમોની જાણકારી આપી હતી. અને આગામી વર્ષોમાં પણ એક - એકથી ચડે તેવા કાર્યક્રમ આપતા રહીશું. બહેનોનો સાથ-સહકાર અને સહયોગ આવીજ રીતે મળતો રહેશે તો જરૂરથી મંડળને ઉચ્ચતમ શિખરે પહોંચાડીશું. તેમ કહેતા જ દરેક બહેનોએ તાળીઓના ગડગડાટથી વાતને ટેકો આપીને વધાવી લીધી હતી. અને મંડળને યાદ કરીને પોતાનો અમૂલ્ય ફાળો લખાવીને ચાર ચાંદ લગાવી દીધા હતા. ''ખૂબ ખૂબ ધન્યવાદ''.

ત્યારબાદ કાર્યક્રમની શરૂઆત ટપ્પરવેરવાળા મીતાબેનના સથવારે હાઉસી ગેઈમથી કરી હતી. દરેક બેનોને ખૂબજ મજા આવી હતી. વિજેતાઓને ગીફ્ટ તેઓ તરફથી આપવામાં આવી હતી. અને મંડળ તરફથી પણ ઈનામો આપવામાં આવ્યા હતા. ત્યારબાદ બીજુ ગેઈમો રમાડેલ. દરેક બેનો જોમ-જુસ્સા અને આનંદથી રમીને મશગુલ બની ગયા હતા.

ત્યારબાદ ઈડલી, સંભાર, ચટની, મેંદુવડા સાદા ઢોસા, મસાલા ઢોસા, ટોમેટો ઉતપ્પા વગેરે જમીને બેનોએ ભરપેટ વખાણ કર્યા હતા.

આ આખા કાર્યક્રમને પહેલેથી સફળ બનાવનાર શ્રી પંકજભાઈ બારભાયા જે આપણી કમીટીના મેમ્બર્સ જાગૃતિબેનના મીસ્ટર છે. તેઓની ઓળખાણથી આ સફળ કાર્યક્રમ બન્યો હતો. પોતે હાજર રહીને હોટલના શેઠ સાથે વાત કરી હતી. ખૂબજ સારી રીતે દરેક બેનોની આગતા-સ્વાગતા કરી હતી. મંડળ તેઓનો ખૂબ ખૂબ આભાર માને છે.

પ્રમુખશ્રી રાગિણીબેન, મંત્રીશ્રી નયનાબેન સાથે ઉત્સાહી કમિટી સભ્યો માયાબેન, દક્ષાબેન, મયૂરીબેન, નીપાબેન, જાગૃતિબેન, અમિતાબેન, રીનાબેન, ભારતીબેનને ખભે ખભા મિલાવીને બન્ને દિવસના કાર્યક્રમને સફળ રીતે પાર પાડયો હતો. આવેલ દરેક બહેનોએ તાલીઓના ગડગડાટથી દરેક બહેનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ સાથે આવેલ બહેનોએ ઉદાર દિલે ફાળો નીચે મુજબ લખાવ્યો હતો.

અમિતા શાહ - દિયાના જન્મ નિમિત્તે રૂા.૫૦૦/-, દેવાંષી પંકજભાઈ શાહ - રૂા.૫૦૦/-, તારાબેનની પુણ્યતિથી નિમિત્તે -

રૂા.૫૦૦/-, હિનાબેન શાહ રૂા.૫૦૦/-, પીનાબેન સંઘવી રૂા.૫૦૦/-, ભાવિષાબેન સરવૈયા રૂા.૫૦૦/-, જયશ્રીબેન કિરીટભાઈ શાહ રૂા.૫૦૦/-, કલ્પનાબેન હિતેશભાઈ શાહ રૂા.૨૫૦/-, સ્મિતાબેન નરેન્દ્રભાઈ રૂા.૫૦૦/-, કિરણબેન લલિતભાઈ બારભાયા રૂા.૨૦૦/-, પ્રવિણાબેન ચંદ્રકાંતભાઈ રૂા.૨૦૦/-, નીશાબેન તરફથી શ્રૃત્વીના લગ્નનિમિત્તે રૂા.૫૦૦/-, વર્ષાબેનના વિદેશગમન નિમિત્તે રૂા.૫૦૦/-, નયનાબેન હરેશભાઈ વોરા - પૌત્રના જન્મ નિમિત્તે રૂા.૫૦૦/-, મયૂરી દિપેશભાઈ શાહ - પુત્રની સગાઈ નિમિત્તે રૂા.૫૦૦/-, લીના પરેશ શાહ - પૌત્રીના જન્મ નિમિત્તે રૂા.૫૦૦/-, ફાલ્ગુની કોઠારી રૂા.૫૦૦/-, બિન્દુ કમલેશ શાહ - દિકરીના જન્મ નિમિત્તે રૂા.૫૦૦/-, રિંકલ શાહ રૂા.૫૦૦/-, અમિ શાહ રૂા.૫૦૦/-, નીલાબેન શાહ રૂા.૫૦૦/-, મીનાબેન શાહ રૂા.૫૦૦/-, રાજુલબેન શાહ રૂા.૧૦૦૦/-, રોનક કુવાડિયા લગ્ન નિમિત્તે રૂા.૫૦૦/-, દિલીપભાઈ કુવાડિયા પુણ્યતિથિ નિમિત્તે - રૂા.૫૦૦/-. ખૂબ ખૂબ આભાર.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મહિલા મંડળ - સાંતાક્રુઝ

તા.૨૬-૪-૨૪ ને શુક્રવારના રોજ બપોરના ૨.૩૦ કલાકે અચલગચ્છ અજીત - કુંથુનાથ જિનાલયમાં મંડળના વાર્ષિક દિવસ નિમિત્તે પંચકલ્યાણક પૂજા શ્રીમતી દિપીકાબેન જયેશભાઈ શાહ તરફથી જયેશભાઈના ૭૧ વર્ષમાં પ્રવેશની ખુશાલીમાં રાખવામાં આવેલ હતી. પૂજા સાંતાક્રુઝના આરાધક મંડળે ભણાવી હતી. સુંદર રાગરાગિણી તથા ઢોલ મંજીરાના તાલે દેરાસર ગુંજી ઉઠ્યું હતું. દુહાની રમઝટથી ભક્તિમય માહોલ સર્જાયો હતો. આરાધક મંડળે ઉત્સાહને ઉમંગથી પૂજા ભણાવીને સૌને ખુશ ખુશ કરી દીધા હતા.

પૂજા બાદ રૂા.૫૦/-નીપ્રભાવના દિપીકાબેન તરફથી કરવામાં આવેલ હતી. ત્યારબાદ મનભાવન અલ્પાહાર સ્ટાર્ટટર તથા મોકટેલ - કોફી - સાઉથ ઈંડીયન વ્યંજનો અને કુલફીની લહેજત મંડળના બહેનોએ કમીટી મેમ્બર દિપીકાબેનના ટેરેસમાં માણી હતી. તેમના બિલ્ડીંગમાં શ્રી આદિનાથ દાદાનું ઘર દેરાસર છે. ત્યાં સૌએ દર્શનનો લાભ લીધો હતો.

મંડળને ભેટ રૂા.૫૦૦૦/- દિપીકાબેન જયેશભાઈ શાહ, રૂા.૧૦૦૦/- દરેકના સરયુબેન દફ્તરી, અલ્પાબેન શાહ તથા ઈશીતાબેન શાહ, રૂા.૫૦૦/- દિપીકાબેન મણીયાર.

મંડળ દાતાઓનો આભાર માને છે. આગામી કાર્યક્રમ જુન એન્ડમાં રાખવામાં આવેલ છે. જે વોટ્સઅપ ગ્રુપ દ્વારા જણાવવામાં આવશે.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મહિલા મંડળ (સાયન-માટુંગા-દાદર-વડાલા)

ઉપરોક્ત મંડળ નાં કાર્ય ની યાદી.

દરેક વર્ષ ની જેમ આ વર્ષે ૨૭ મી જુન નાં રસ પુરી નું જમણવાર માનવસેવા સંઘ ના રૂબી હોલ માં રાખવામાં આવેલ. જેમાં શ્રીમતી મન્નાબેન કાર્તિકભાઈ શાહ એ આપણને આ હોલ બુક કરાવી આપેલ. ઉનાળાની રજા હોવા છતાં આમાં ૩૮ બહેનોએ ખૂબ હર્ષપૂર્વક ભાગ લીધેલ. મંડળ નાં મેમ્બર્સ પાસેથી રૂા.૪૫૦/- લીધાં હતાં.

શ્રીમતી હીનાબેન નિલેશભાઈ શાહે ખૂબ જ સુંદર હાઉસીની ગેમ રમાડી તેમાં તેઓએ ઝાલાવાડ મહિલા મંડળની કાર્ય સૂચિ અને આટલા વર્ષોના મંડળ દ્વારા કરેલા સુંદર કાર્યોને પણ આમાં આવરી લીધા હતા. તેમાં 1st રો, 2nd રો,3rd રો,જલ્દી ૫ ,૨ફુલ હાઉસ તેમજ લાસ્ટ હાઉસ વાળા ને ઈનામ આપવામાં આવેલ હતું.

તેમજ શ્રીમતી રેણુબેન નરેશભાઈ ગાંધીએ ત્રણ સુંદર ગ્રુપ ગેમ રમાડી જેમાં બહેનોએ ખૂબ હર્ષ પૂર્વક ભાગ લીધેલ. દરેક ને મંડળ તરફથી રૂા.૫૦/- નું ઈનામ આપવામાં આવેલ. મીનાબેન દોશીના ૩૮ માં લગ્ન દિવસ નિમિત્તે તેમણે મંડળને રૂા.૧૧૧૧/- રૂપિયા ભેટ આપેલ.

ગેમ રમ્યા બાદ ડોક્ટર પીન્કેશ રાજપુત દ્વારા ડાયાબિટીસ તેમજ અલ્ઝાઈમર વિષે આપણને ખૂબ સુંદર સરળ જાણકારી આપી. આપણે એને કઈ રીતે હેન્ડલ કરી શકીએ અને ખાસ કરીને મોટી ઉંમરના વડીલો તેઓ આના માટે શું કરી શકે એના માટે બહુ સુંદર સરળ અને ગુજરાતી માં જાણકારી આપી.

શાંતિલાલ છગનલાલ શાહની સુપુત્રી જયશ્રી બેન (ચકુબેન) ના આત્મશ્રેયાર્થે પાર્શ્વનાથ પંચ કલ્યાણક ની પૂજા તારીખ ૨૬-૪-૨૪ શુક્રવારે બપોરે અઢી વાગે ચેમ્બુર દેરાસરમાં રાખેલ પૂજા બાદ સાધાર્મિક ભક્તિ રાખવાંમાં આવેલ...

મંડળ ને રૂા.૫૦૦૦/- ભેટ તેમજ રૂા.૩૦૦/- ની પ્રભાવના રાખેલ હતી. તા.૩-૬-૨૦૨૪ શ્રી મુકેશભાઈ ચંદ્રકાન્તભાઇ શાહ ના આત્મશ્રેયાર્થે રીટાબેન તરફથી પંચ કલ્યાણકની પૂજા ભણાવી ને મંડળ ને રૂા.૫૦૦૦/- ભેટ તથા બહેનો ને રૂા.૧૭૦/- ની પ્રભાવના આપેલ.

આપણા મંડળ ના ઉપપ્રમુખ શ્રીમતી મૃદુલાબેન દોશી તથા શ્રીમતી પ્રિતીબેન દોશી ના સસરા શ્રી રસિકભાઈ દોશી ના આત્મશ્રેયાર્થે મંડળ તેઓના ઘરે ભક્તિ કરવા ગયેલ. તેઓના પરિવાર તરફ થી મંડળને રૂા. ૧૧૦૦૦/- ભેટ આપેલ.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મહિલા મંડળ - વિલેપારલા

આપણા મંડળનો તા.૨૯-૪-૨૦૨૪ના દિવસે રાષ્ટ્રીયશાળા પાર્લા (વેસ્ટ) ખાતે એક અનોખો પ્રોગ્રામ માણ્યો.

સૌનું મનગમતું ફળ એટલે ફળોનો રાજા કેરી. કેરીના આગમનની શરૂઆતમાં ખાટી અને મીઠી કેરી એટલે કે કાચી-પાકી કેરીની ખટ-મીઠી વાનગી હરિફાઈનો પ્રોગ્રામ રાખેલ. આજે બધા મેમ્બર્સ બહેનોનો ડ્રેસ કોડ પણ કાચી પાકી કેરી યાને લીલા અને પીળા કલરનો રાખેલ. આ હરિફાઈમાં તમારી વાનગી સાથે સ્વચ્છતા, સ્વાદ અને સુંદર ડેકોરેશન હશે તેવા જ હરિફો વિજેતા ચુંટાઈ આવશે. આ હરિફાઈના જજ તરીકે મંડળે શ્રીમતી

ડૉ.બિન્દુબેન શાહ તથા તેમના સાથી કાશ્મીરાબેન પધારેલ. ડૉ.બિન્દુબેન એક મહાન જૈન પંચાગકર્તા છે. દરેક મોટા તહેવારે બબ્બે આવે છે. તે માટે બહુ મોટી લડત ચલાવી રહ્યા છે. તેઓને આમંત્રણ આપેલ.

પ્રોગ્રામની શરૂઆત પ્રથમ નમસ્કાર મહામંત્રનું સ્મરણથી કરેલ. ત્યારબાદ શ્રીમતી જ્યોતિબેન બાવીશીએ પધારેલ બન્ને જજ બહેનોનો પરિચય આપી તેઓને તાલીઓથી વધાવી આવકાર્યા.

ત્યારબાદ પ્રમુખ શ્રીમતી જ્યોતિબેન શાહે આજના સુંદર પ્રોગ્રામના ઉદારદિલ, સદા ઉત્સાહિત દાતા શ્રીમતી સુરેખાબેન કિશોરભાઈ શાહનું બહુમાન સર્વ કમીટી મેમ્બર્સ બહેનો સાથે કુમકુમ તિલક અને મોતીની માળા વડે કરી તેમના સાથ અને સહકારની અનુમોદના કરી આભાર માનેલ. આ સાથે બન્ને જજ બહેનોનું પણ બહુમાન કરી પ્રમુખ શ્રીમતી જ્યોતિબેન શાહ તરફ તેઓ ભેટ આપી આભાર વ્યક્ત કરેલ.

પ્રોગ્રામની શરૂઆત કરતા આજના દાતા શ્રીમતી સુરેખાબેન શાહે સુંદર ભાવવાહક સ્તવન ગાઈને ભક્તિ કરી બંન્ને જજ બહેનો હરિફ બહેનોનું વાનગી ડેકોરેશન સ્વાદ અને સ્વચ્છતા જોઈને ચટપટા સ્વાદને માણ્યો. દરેક હરિફ બહેનોએ ખૂબજ સુંદર સ્વાદિષ્ટ કાચી પાકી કેરીમાંથી કોઈપણ વાનગી બનાવી ખૂબજ સરસ ભાગ લીધેલ. બન્ને જજ બહેનોએ આખરે ત્રણ વિજેતા બેનો જાહેર કર્યા.

પ્રથમ નંબર (૧) જ્યોતિબેન બી. બાવીશી (ચટપટી ઈડલીના મેન્ગો દહી વડા. પ્રથમ નંબર (૨) જયશ્રીબેન એલ. શાહ (સાઉથ ઈન્ડિયન મેન્ગો કેરી રાઈસ). બીજો નંબર મનીષાબેન એમ. કામદાર (મેન્ગો રવા શીરા સાથે મેન્ગો વડા).

દરેક વિજેતા બહેનોને ખૂબ ખૂબ અભિનંદન. આપણા દાતા શ્રી સુરેખાબેન શાહ તરફથી વિજેતાઓને પ્રોત્સાહિત કરતા કવર આપેલ. તેમજ દરેક પાર્ટીશિપેન્ટ બહેનોને પણ ઈનામ આપી પ્રોત્સાહિત કરેલ. આજનો ચટપટો ગરમાગરમ નાસ્તો પણ દાતા શ્રી સુરેખાબેન તરફથી હતો. બધાજ બહેનોએ હરિફાઈની દરેક વાનગીઓ સ્વાદ માણ્યો. અને વિજેતા બહેનો તેમની રેસીપી ગરમાગરમ નાસ્તાની લહેજત માણી સૌ છુટા પડયા.

નીચે મુજબ મંડળને ભેટ મળેલ છે.

રૂા.૨૫૦૦/- શ્રીમતી જ્યોતિબેન શાહ તરફથી સ્વ. ભરતભાઈ શાહની દ્વિતીય પુણ્યતિથી નિમિત્તે મંડળને ભેટ.

રૂા.૧૧૦૦/- શ્રીમતી ચંદ્રાબેન ડી. ગાંધી તરફથી તેમના સુપુત્ર ડિમ્પલભાઈના મેરેજની સિલ્વર જ્યુબીલી નિમિત્તે ભેટ.

રૂા.૫૦૦/- શ્રીમતી રશ્મિકાબેન એસ. પરીખ તરફથી સ્વ. સુરેશભાઈ પરીખની ચોથી પુણ્યતિથિ નિમિત્તે ભેટ.

**તા.ક. :** ગત પ્રોગ્રામ મંડળની વાર્ષિક પુજામાં રૂા.૫૦૦/- શ્રીમતી માલવિકાબેન શાહ તરફથી ભેટ મળેલ તે ચુકથી રહી ગયેલ. તે માટે દરગુજર.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. યુવા મંડળ – મલાડ

### એક દિવસીય શાહપુર જાત્રા પ્રવાસ.

ગયા વર્ષે મલાડ યુવા મંડળ એ વડોદરા પાસે આવેલ મણીલક્ષ્મી તીર્થ અને વોટરપાર્કની ૨ દિવસીય યાત્રા નુ ખુબજ સરસ યાદગાર આયોજન કર્યું હતું ,તેમાં સૌને ઘણી મજા આવેલી તેથી મલાડના ઝાલાવાડી ભાઈ- બહેનોની ડિમાન્ડ હતી કે આવો જ એક યાત્રા પ્રવાસ નક્કી કરો તો બધા સાથે મળીને રહી શકીએ અને આખરે અમે એક દિવસીય યાત્રાપ્રવાસે જવાનું નક્કી કર્યું. તારીખ ૦૨-૦૬-૨૪ ના રવિવારના રોજ એક દિવસીય શાહપુર જાત્રા પ્રવાસનું સર્વાનુમતે નક્કી કરી. મલાડ ના સભ્યો ને વોટ્સએપ મેસેજ મોકલી આપ્યો. શાહપુર યાત્રા પ્રવાસની જાહેરાત કરતાજ તરત જ સારો પ્રતિસાદ મળવા લાગ્યો અને થોડા જ દિવસોમાં અમને ૧૨૦ થી ૧૩૦ સભ્યોનું બુકિંગ મળી ગયું પણ કોઈ કારણોસર અમુક બુકિંગ કેન્સલ થયા તેમ છતાં અમે ૧૦૦ /૧૧૦ જણ નું યાત્રા પ્રવાસનું નક્કી કર્યું.

આ જાત્રા પ્રવાસ ના સંપૂર્ણ ખર્ચ માંડતા એક યાત્રાળુ દીઠ ખર્ચો વધારે આવતો હતો પણ વધારે માં વધારે યાત્રાળુ ઓ આ આયોજન માં જોડાઈ શકે એ માટે ત્રીજા ભાગના ખર્ચમાં અમે આનું આયોજન કરવું હતું, અને આ ઉત્કૃષ્ટ કામને પાર પાડવા અમને મલાડના ઉદારદીલ દાતાઓનો સંપૂર્ણ સાથ સહકાર મળ્યો હતો.

અમને સવાર ની નવકારશી, બપોરના જમણવાર, અને સાંજના ચૌવિહાર ના દાતાઓ તરત જ મળી ગયા હતા. જેમના નામ નીચે પ્રમાણે છે

૧) શ્રી વીણાબેન શાંતિલાલ રામજીભાઈ શાહ (શ્રી દેવેન્દ્રભાઈ શાહ. રામચંદ્ર લેન ).

૨) શ્રી કિરીટભાઈ શાંતિલાલ સંઘવી (શ્રી સમીરભાઈ, મામલતદાર વાડી).

૩ ) શ્રી હસુમતીબેન પ્રવીણચંદ્ર બગડીયા (શ્રી મનીષ ભાઈ બગડિયા,ગોરસવાડી).

આ જાત્રા પ્રવાસ માટે અમે બે, A/C 2 x 2 બસ નું બુકિંગ કર્યું હતું.

મલાડ ઈસ્ટ ના રહેવાસીઓ માટે પોદાર રોડ પર આવેલ Atherva landmark થી બસ સવારના સાડા પાંચે ચાલુ કરેલ હતી, અને મલાડ વેસ્ટ ના રહેવાસીઓ માટે એસ.વી. રોડ પર આવેલ શ્રીદેવી હોટલ, નટરાજ માર્કેટ પાસે સવારે સાડા પાંચ વાગે બસ ચાલુ કરેલ હતી અમને હતું કે બે થી ત્રણ કલાક લાગશે શાહપુર પહોંચતા, પણ તે દિવસે અમને કોઈપણ જાતનો ટ્રાફિક ન મળતા, અમે પોણા બે કલાકમાં શાહપુર પહોંચી ગયા હતા બસની સાથે ત્રણથી ચાર ગાડીઓ પણ સાથે લઈ ગયા હતા.યુવા મંડળ ના સભ્યો એ સંપૂર્ણ દિવસ નો બહુજ સરસ સમયબદ્ધ આયોજન કરી પહેલેથીજ બધા યાત્રિકોને આની જાણ કરી દીધી હતી.

શાહપુર પહોંચતા ની સાથે જ બધાને આયોજન પ્રમાણે રૂમ

સોંપાઈ ગઈ હતી. ટોટલ ૨૦- એસી રૂમ નું બુકિંગ કરેલું હતુ.

બધા રૂમમાં જઈને ફ્રેશ થઈને નવકારસી માટે પહોંચી ગયા હતા. ત્યારબાદ સૌ પોતપોતાની અનુકૂળતા પ્રમાણે પૂજા સેવા કરી શક્રસ્તવ મહા અભિષેક માં જોડાઈ ગયા હતા.

શક્રસ્તવ મહા અભિષેક ની શરૂઆત સૌ પ્રથમ દાતા પરિવારો દ્વારા પાંચ ઔષધીથી અભિષેક કરી ને થઈ હતી ,અભિષેકની વિધિ મલાડમાં જ રહેતા શ્રી પ્રકાશભાઈ લિંચવાળા દ્વારા બહુ જ સુંદર રીતે કરાવી હતી, તેમણે બહુ જ સારી રીતે અભિષેક નો અર્થ અને શા માટે કરવામાં આવે છે તે સમજાવેલ હતું, તેમનો સાથ આપવા શ્રી મંથનભાઈ શાહ દ્વારા બહુ જ સરસ રીતે સુર સંગીત અપાયું હતું તેમનો અવાજ અને તેમનું સંગીત બહુ જ કર્ણપ્રિય હતું , તેમનું સંગીતનું સંચાલન જોઈને અમારા સભ્ય શ્રી હિતેશભાઈ દોશી પરિવાર એ કહ્યું હતું કે આ સંગીતનો જે પણ ખર્ચો થયો છે એનો લાભ અમને આપો, આ રીતે અમને સંગીતના દાતા ત્યાં મળ્યા હતા, અને તેની સાથે સાથે બીજા સહાયક દાતા પણ મળ્યા હતા. આ રીતે સંગીતના ખર્ચ ના દાતા

૧) શ્રી હિતેશભાઈ દોશી

અને સહાયક દાતામાં

૨)શ્રી રાજેશભાઈ મહાસુખભાઈ શાહ

૩) શ્રી રાજવી ભાઈ શાહ

૪) શ્રી દેવેન્દ્રભાઈ શાંતિલાલ શાહ હતા.

શક્રસ્તવ મહા અભિષેક ૧:૦૦ વાગ્યે પૂરો થયો ,ત્યારબાદ બધાને બપોરના જમવા માટે પધારવા કહ્યું હતું અને ત્યારબાદ બે કલાકના વિશ્રામ બાદ બધાને સાડા ચાર વાગ્યે ઉપાશ્રયમાં ભેગા થવા કહેલું હતું, ત્યાં ઉપાશ્રયમાં ગુરુ ભગવંત ની હાજરી હતી અને તેમણે ખૂબ જ સરસ હિત શિક્ષા આપેલ હતી ,૪૫ મિનિટ સુધી તેમને વ્યાખ્યાન આપ્યું હતું ,ત્યારબાદ બધા જ દાતા પરિવારોનું બહુમાન કરેલ હતું. દાતા પરિવારનું બહુમાન શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક યુવા મંડળ મલાડના હોદ્દેદારો અને કમિટી મેમ્બરો દ્વારા કરવામાં આવેલ હતું , તેમાં શ્રી બંકિમભાઈ માથુકિયા, શ્રી નિલેશભાઈ વોરા, શ્રી કેતનભાઇ વોરા, શ્રી પ્રિતેશભાઈ શાહ , શ્રી વૈભવભાઈ શાહ, શ્રી મૌલિકભાઈ બગડીયા, શ્રી ભાવિકભાઈ શાહ, શ્રી હર્ષભાઈ મહેતા હાજર હતા ,તથા શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક મંડળ મલાડના કમિટી માંથી શ્રી જયેશભાઈ દોશી, શ્રી હિતેશભાઈ દોશી તથા શ્રી કિશોરભાઈ ગોવિંદજી શાહ હાજર હતા.

ઉદાર દિલ દાતાઓ નું બહુમાન કાર્ય સંચાલન શ્રી પ્રિતેશભાઈ શાહ અને તેમની નવી ટીમે એ બહુ જ સરસ રીતે પાર પાડેલ હતું.

બધા જ આવેલ મલાડના ઝાલાવાડી ભાઈ બહેનોએ ખૂબ જ ઉત્સાહ અને ઉમંગ સાથે આ યાત્રા પ્રવાસ સુંદર રીતે પૂરી કરેલ હતી ,અને આવેલ યાત્રિકોએ સંઘ પૂજન માં સુંદર લાભ લીધો હતો અને દરેક યાત્રીકોને રૂપિયા ૩૦૦/- નું સંઘપુજન થયું હતુ.

છેલ્લે સૌને ચોવીયાર કરાવીને અને ગ્રુપ ફોટો પાડીને સૌકોઈ મલાડ આવવા રવાના થયા હતા, આ રીતે શાંતિથી બધા મલાડ પહોંચી ગયા અને યાત્રા પ્રવાસ ખૂબ જ સારી રીતે અને ઉત્સાહપૂર્વક પૂરો થયો હતો.

શાહપુર ની યાત્રા પ્રવાસ બાદ મલાડ યુવા મંડળે તરત જ ગુજરાતી પિક્ચર ઝમકુડી જોવાનું આયોજન કરેલું હતું, સોમવારે રાત્રે ઇન્ફીનિટીમાં ૯:૩૦ ના શોમાં પિક્ચર જોવાનું નક્કી કરેલ હતું ,તેમાં સૌથી નાનું થિયેટર જે ૭૨ સીટ વાળું છે તે બુક કરેલ હતું, યાત્રા પ્રવાસની યાદ હજી તાજી હતી અને તરત જ આ પિક્ચર જોવાનો પ્રોગ્રામ ગોઠવેલો હતો તે પણ સૌએ સારી રીતે માણેલ હતો અને તે બહાને સૌ ભેગા થઈને મજા માણેલ હતી

**શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઇ**
**શ્રી આદિનાથ રત્નત્રય આરાધનાધામ -(યાત્રિક ભવન પાલીતાણા)**
**માતુશ્રી સમજુબેન ત્રીભોવનદાસ લાલચંદ શાહ પરિવાર**
**હ: શ્રીમતી પ્રવીણાબેન પ્રવીણચંદ્ર શાહ (ઘાટકોપર - મુંબઇ)**

**યાત્રિક ભવન રૂમ બુકીંગ અંગેના નિયમો - સૂચના**

**યાત્રિક ભવન માટેનું બુકીંગ ફક્ત નીચેના સ્થળે થશે :**

| | |
|---|---|
| ૧. | વહીવટી ઓફીસ : ન્યુ ઈંડિયા હાઈટ્સ, ૮મે માળે, ઓલ્ડ પોલીસ લેન, રેલ્વે સ્ટેશનની સામે, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૯ મુંબઇ - ૪૦૦૦૬૯. મો.નં : ૯૧૩૭૩૪૨૮૧૮ સમય : ૧૧.૩૦ થી ૬.૦૦ |
| ૨. | નોંધ : એપ્રિલ ૨૦૨૪ થી પાલીતાણા યાત્રિક ભવન રૂમ અને પેકેજનું બુકીંગ દામોદરવાડીમાં કરવામાં આવશે નહિં. |
| ૩. | યાત્રિક ભવન બ્લોક એડવાંસ બુકીંગ ચાર માસ પહેલા (રેલ્વે ટીકીટ રીઝર્વેશન પ્રમાણે) કરવામાં આવે છે. |
| ૪. | પાલીતાણા પહોંચતા યાત્રિકોએ નવકારસી-બપોરનું ભોજન અને ચૌવિયારની અગાઉથી જાણ કરી જણાવેલ સમયમાં પાસ મેળવી લેવાનાં રહેશે. સંપર્ક : ૦૨૮૪૮ - ૨૪૩૩૯૬ |
| ૫. | યાત્રિક પહોંચતા આધાર કાર્ડની ઝેરોક્ષ ફરજીયાત આપવાની રહેશે. |
| ૬. | યાત્રિક ભવન ચેક આઉટ કર્યા બાદ બ્લોકની ચાવી ઓફીસમાં જમા કરાવવાની રહેશે. |
| ૭. | બ્લોક કેન્શલેશન ચાર્જીસ ડીપોઝીટ રશીદ પાછળ છાપેલ મુજબ કાપવામાં આવશે. |

કન્વીનર - યાત્રિક ભવન વ્યવસ્થા કમીટી

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.ફાઉન્ડેશન-મુંબઈ
## વાર્ષિક અહેવાલ વર્ષ ૨૦૨૩-૨૦૨૪

આપણા ફાઉન્ડેશનનો વાર્ષિક અહેવાલ વર્ષ ૨૦૨૩-૨૦૨૪ નો રજુ કરતા આનંદ અનુભવીએ છીએ. છેલ્લા ૨૮ વર્ષથી નિયમિત રીતે આપ સર્વેના તથા દાતાઓના સાથ-સહકારથી સમાજની સેવામાં ઉતરોત્તર પ્રગતિ કરવા સાથે અનેક વિવિધ સેવાઓનો વ્યાપ વધારવા સાથે કાર્યરત છે. દાતા પરિવારો તથા આર્થિક રીતે જરૂરિયાતમંદ પરિવારો બન્ને વચ્ચે કડી રૂપ થઇ સમાજને એક ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું છે. ગત વર્ષે દાતા પરિવારો તરફથી મળેલ રકમ બદલ ખાસ આભારી છીએ. જરૂરિયાતમંદ પરિવારોની દરેક અરજી સ્ક્રુટીની કરી, સંસ્થાનાં નિયમોનુસાર રકમ ફાળવવામાં આવે છે.

### -: સાધર્મિક સહાય વિભાગ :-

શ્રી શૈલેષકુમાર વિનુભાઈ ઉમેદચંદ શાહ
શ્રી મનીષભાઈ કિરીટભાઈ રતનશી શાહ

**માસિક મની ઓર્ડર સહાય યોજના**

માતુશ્રી લલીતાબેન તારાચંદ પોપટલાલ શેઠ
શ્રી શરદભાઈ કિરીટભાઈ વ્રજલાલ બબારિયા

**ભગીની સહાય યોજના**

શ્રીમતી શારદાબેન ચંદુલાલ ચત્રભુજ પટવા
શ્રી મહેન્દ્રભાઈ ચીમનલાલ મોહનલાલ શાહ

**સ્વરોજગાર સહાય યોજના**

શ્રી પરાગભાઈ દિલીપભાઈ ખીમચંદ શાહ
શ્રી જયંતીલાલ - શ્રી ભુપતભાઈ જીવણલાલ ઓઘડદાસ શેઠ

સાધર્મિક સહાય વિભાગમાં જરૂરિયાતમંદ પરિવારો ને સાધર્મિક સહાય / માસિક મની ઓર્ડર સહાય / ભગીની સહાય / સ્વરોજગાર યોજના હેઠળ આર્થિક સહાય આપવામાં આવે છે. વર્ષ દરમ્યાન જરૂરિયાતમંદ કુલ ૧૪૭ સાધર્મિક પરિવારોને રૂક્ક.૧૪,૮૭,૫૦૦/- ની સહાય કરવામાં આવેલ છે.

### -: કેળવણી સહાય વિભાગ :-

શ્રીમતિ તારાબેન ધીરજલાલ મોહનલાલ શાહ
શ્રીમતી ઇન્દુમતીબેન જયંતભાઈ માધવલાલ શાહ

**ટેકનીકલ કેળવણી સહાય યોજના**

શ્રીમતિ ધીરજબેન નંદલાલ ગાંડાલાલ શાહ
માતુશ્રી કમળાબેન દીપચંદ શાહ

**ઉચ્ચ (મેડીકલ) કેળવણી સહાય યોજના**

શ્રીમતિ અંજુલાબેન રમણીકલાલ ઉમેદચંદ શાહ
માતુશ્રી પુષ્પાબેન ચંદુલાલ મનસુખલાલ શાહ

કેળવણી સહાય વિભાગમાં માટે કોલેજના વિધાર્થીઓને કોમર્સ, સાયન્સ, એંજીનિયર, મેડીકલ તથા અન્ય શિક્ષણ ક્ષેત્રે વર્ષ દરમ્યાન કુલ ૪૮ જરૂરિયાતમંદ વિધાર્થીઓને રૂ.૩૭,૬૮,૨૫૧/- આર્થિક સહાય આપવામાં આવેલ છે.

### -: મેડીકલ સહાય વિભાગ :-

**: તબીબી સહાય યોજના**

શ્રીમતિ સવિતાબેન ચીનુભાઈ છગનલાલ શાહ
સમાજરત્ન શ્રી ચીનુભાઈ છગનલાલ શાહ

**મેડીક્લેમ સહાયક યોજના**

માતુશ્રી મંજુલાબેન ભાઈલાલ રતિલાલ શાહ
માતુશ્રી કમળાબેન કાન્તિલાલ મણીલાલ શાહ

**મેડીકલ કાર્ડિયાક યોજના**

શ્રીમતી ધીરજબેન નંદલાલ ગાંડાલાલ શાહ
શ્રીમતી બકુલાબેન વિરેન્દ્રભાઈ જયંતીલાલ કોઠારી

**મેડીકલ ડાયાલીસીસ યોજના**

શ્રી યોગેન - રંજનબેન રસિકલાલ પ્રેમચંદ શાહ
શ્રીમતી અનીલાબેન બટુકભાઈ પોપટલાલ શાહ

**મેડીકલ કેન્સર કેમોથેરાપી યોજના**

શ્રી અશ્વિનભાઈ તારાચંદ પોપટલાલ શેઠ
શ્રીમતી મુક્તાબેન નવીનચંદ્ર મણીયાર

**મેડીકલ કેન્સર કેર યોજના**

શ્રીમતિ શૈલાબેન જતીનકુમાર પટવા
હ.અતુલભાઈ નગીનદાસ સંઘવી

મેડીકલ સહાય વિભાગમાં મેડીકલ ટ્રીટમેન્ટ દિવસે દિવસે ખુબજ મોંઘી થતી જાય છે. વર્ષ દરમ્યાન કુલ ૧૦૧જરૂરિયાતમંદ પરિવારોને મદદરૂપ થવા તબીબી - મેડીક્લેમ - ડાયાલીસીસ-કેમોથેરાપી - કાર્ડિયાક જેવી યોજનામાં રૂ.૧૫,૮૯,૪૨૮/- ની સહાય આપવામાં આવી છે.

આ વર્ષમાં મેડીકલ કેન્સર કેર યોજનામાં શ્રીમતી શૈલાબેન જતીનકુમાર પટવા હ.અતુલભાઈ નગીનદાસ સંઘવી પરિવાર તરફથી રૂપિયા ૩૬ લાખ જેવી માતબર રકમનું અનુદાન મળેલ છે. તા.૧૦-૩-૨૦૨૪ ના રવિવારે જુહુસ્કીમ ખાતે જલારામ હોલમાં ઝાલાવાડ સમાજના મુંબઈ તથા અન્ય પરા મંડળના પદાધિકારીઓના ' MEET & GREET ' કાર્યક્રમમાં નવી યોજનાનું નામકરણ તથા સન્માનપત્ર આપી પરિવારનું બહુમાન કરેલ હતું. ફાઉન્ડેશનના ચેરમેન શ્રી વિનોદભાઈ તારાચંદ શેઠ પરિવાર તથા માતુશ્રી લલીતાબેન તારાચંદ શેઠ પરિવારના સૌજન્યથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું અને તેમનું પણ બહુમાન કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમ દાતાઓ, કમિટી સભ્ય તથા મંડળોની હાજરીમાં કોલેજમાં ઉચ્ચ અભ્યાસ માટે ' લેપટોપ યોજના ' ની જાહેરાત કરી આ યોજનાની રૂપરેખા તૈયાર કરી સમાજમાં મુકવાનું નક્કી કર્યું હતું.

સમગ્ર સેવાના કાર્યોમાં શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.સંઘ-મુંબઈ, ટ્રસ્ટીગણ, હોદ્દેદારો, સમિતિના સભ્યો ખભે ખભા મિલાવીને સાથ આપેલ છે.સમાજનું મુખપત્ર ' ઝાલાવાડ જૈન દર્શન ' માસિક પત્રિકા, અમારા હદયની લાગણીઓ, ઉર્મીયો, અપીલો, સમાચારોને સમાજ સમક્ષ મુકવામાં હંમેશા સહાયભૂત થાય છે. પત્રિકા પરિવારના અમો આભારી છીએ. વર્ષ દરમ્યાન તથા અત્યાર સુધી ફાઉન્ડેશનના અનેકવિધ સેવા કાર્યોમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જે કોઈ મહાનુભાવો સંસ્થાને મદદરૂપ થયેલ છે. તે સર્વેના આભારી છીએ.

આપણા ઝાલાવાડ ફાઉન્ડેશનના દિલેરદાતા તથા અન્ય જે સભ્યો અરીહંતશરણ પામ્યા છે. આ તકે શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે .....

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ફાઉન્ડેશન-મુંબઈ



## -: લેપટોપ યોજના :-



આપણી ઉપરોક્ત સંસ્થા દ્વારા આપણા ઝાલાવાડ સમાજના સાધર્મિક જરૂરિયાતમંદ પરિવારોને સાધર્મિક સહાય, તબીબી સહાય, કેળવણી સહાય, સ્વરોજગાર લોન યોજના તથા અન્ય બીજી ૯ વિવિધ યોજના દ્વારા સહાયરૂપ બને છે.

આપ જાણો છોકે પરિવારને પગભર કરવા માટે અને સ્વમાનભેર જીવન જીવવા માટે ઉચ્ચ કેળવણી જ મોટો પર્યાય છે. આજનો સમય શિક્ષણનો છે. શિક્ષણ આધુનિક યુગનું અમોઘ શસ્ત્રછે. શિક્ષણક્ષેત્રે ઉચ્ચતમ પરિણામો મેળવી ઉચ્ચ પદ પ્રાપ્ત કરે તે આજના સમયની જરૂરિયાત છે. અભ્યાસએ ભવિષ્યનું ભાથું છે. સમાજની દીકરીઓ પણ અભ્યાસમાં સુંદર પરિણામો મેળવી રહી છે.આપણી ઝાલાવાડની દરેક સંસ્થાઓ કેળવણીની વિવિધ યોજનાઓ દ્વારા મદદરૂપ થઇ પરિવારનું ભારણ ઓછું કરવાની કોશિષ કરે છે.

ફાઉન્ડેશનના ચેરમેનશ્રી વિનોદભાઈ તારાચંદ શેઠની હંમેશા ભાવના રહી છે કે આપણા વિદ્યાર્થી - વિદ્યાર્થીની ૧ ૨ મું પાસ કરી ઉચ્ચ અભ્યાસ માટે કોલેજમાં પ્રવેશ મેળવે છે ત્યારે તેને લેપટોપની જરૂરિયાત રહે છે.આને લક્ષમાં રાખી ફાઉન્ડેશનના ચેરમેનશ્રી વિનોદભાઈ તારાચંદ શેઠે લેપટોપ યોજના બનાવવી તેવું સુચન ફાઉન્ડેશનની પદાધિકારીઓની મીટીંગમાં રજુ કર્યું અને લેપટોપ યોજના બનાવવાનું નક્કી કર્યું હતું. ફાઉન્ડેશન દ્વારા રવિવાર તા.૧૦-૩-૨૦૨૪ ના રોજ યોજવામાં આવેલ MEET & GREET કાર્યક્રમમાં 'લેપટોપ યોજના' ની જાહેરાત કરવામાં આવી અને આ યોજનાનું ઉદઘાટન સમાજરત્નશ્રી ચીનુભાઈ હિંમતલાલ શાહ, ચેરમેનશ્રી વિનોદભાઈ તારાચંદ શેઠ તથા આઈ.પી.ચેરમેનશ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ ના હસ્તે કરી અને આ યોજના ઝાલાવાડ સમાજ સમક્ષ મુકવામાં આવી હતી.

આપણા ઝાલાવાડ સંઘના આજીવન સભ્ય પરિવારના જે વિદ્યાર્થી - વિદ્યાર્થીનીઓ લેપટોપની જરૂર હોય તેમને આ યોજના દ્વારા લેટેસ્ટ ટેકનોલોજી લેપટોપ આપવામાં આવશે.

લેપટોપ પરિવારમાં ભણતાં વિદ્યાર્થી - વિદ્યાર્થીનીઓને સંસ્થાનાં નીતિ નિયમ મુજબ આપવામાં આવશે.

❖ લેપટોપ ટોકનરૂપે રકમ લઈ આપવામાં આવશે.

❖ આ યોજના માટે સંસ્થાએ તૈયાર કરેલ ફોર્મ ભરવાનું રહેશે.

❖ ૧ ૨ મા ધોરણમાં ઓછાંમાં ઓછા ૬૦% માર્ક મેળવ્યા હશે અને કોલેજમાં અભ્યાસ કરતાં હશે તેમને જ આપવામાં આવશે.

❖ પરિવારમાં એક કરતાં વધુ વિદ્યાર્થી - વિદ્યાર્થીની હોય તેમને અલગ અલગ ફોર્મ ભરવાનાં રહેશે.

❖ ફોર્મ સાથે માંગેલ વિગત, પ્રમાણ પત્રો, ડોક્યુમેન્ટ વગેરે સાથે મોકલવાના રહેશે.

---

**વિનોદભાઈ તારાચંદ શેઠ - ચેરમેન**

**સમાજરત્નશ્રી ચીનુભાઈ હિંમતલાલ શાહ - ચેરમેન એમિરેટ્સ**

**દિલિપભાઈ ખીમચંદ શાહ - I.P. ચેરમેન**

**હર્ષદભાઈ દીપચંદ શાહ - મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ - વાઈસ ચેરમેન**

**જીતેન્દ્રભાઈ શાંતિલાલ કોઠારી - સેક્રેટરી જનરલ**

**જયેન્દ્રભાઈ હરિલાલ શાહ - કેતનભાઈ અરવિંદભાઈ શાહ - મંત્રીઓ**

**કિરણભાઈ કાન્તિલાલ શાહ - ખજાનચી - કમલેશભાઈ જયંતભાઈ શાહ - સહ ખજાનચી**

**તથા સર્વે કમિટી સભ્યો...**

# વિવિધ જૈન સમુદાયોની ઓળખને એક સંગઠિત જૈન તરીકેની આગવી ઓળખ આપતા પ્રતિભાશાળી ખમીરવંતા ઝાલાવાડી જૈન શ્રી સી.વી.શાહ (પેરેડાઈઝ)



**શ્રી સી.વી.શાહ પેરેડાઈઝ**

શ્રી ચંદ્રકાંતભાઈ વાડીલાલ શાહની લોકસંપર્ક સાથેની સામાજીક વિશિષ્ટ ઓળખ **'સી.વી.શાહ પેરેડાઈઝ'** તરીકે લોકચાહના પામેલ છે. સી.વી.શાહની કાર્યશૈલી- વ્યવસ્થિત આયોજનબદ્ધ કાર્યો - યોજનાઓ અને અનેક વ્યક્તિઓ સાથેનાં સંપર્ક સેતુએ તેઓ ખુદ એક 'સંસ્થા' સમાન છે. અવરોધો - અડચણો ગમે તેટલા હોય તો પણ મુશ્કેલીઓને પાર પાડવાની તેઓની અદ્‌ભુત ક્ષમતાએ તેઓએ લીધેલા કાર્યો - પ્રસંગોને સફળતાપૂર્વક પાર પાડવા એજ તેઓનું ઝાલાવાડી ખમીરવંતા સમુ વ્યક્તિત્વ રહ્યું છે. એક મેન્ટર તરીકે પણ તેમની વિશિષ્ટ ઓળખ રહી છે.

શ્રી સી.વી.શાહ પેરેડાઈઝ એક ઝાલાવાડી સ્થાનકવાસી જૈન હોવા છતાં  તેઓ પોતાની ઓળખ ફક્ત **'ઝાલાવાડી જૈન'** તરીકે જ આપે છે. તેમજ જૈન સમાજના હિત અને વિકાસ અર્થે કોઈપણ જૈન ફિરકાઓના, સમુદાયના ઝાલાવાડી જૈનોને પોતાની ઓળખ સ્થાનકવાસી, દેરાવાસી, દિગંબર, તેરાપંથી વગેરે ન આપતા ફક્ત **''ઝાલાવાડી જૈન''** આપવા માટે તેઓ છેલ્લા દસ વરસથી મજબૂત મનોબળ અને આત્મવિશ્વાસ સાથે અથાગ પ્રયત્નો કરતા રહ્યા છે. દરેકને આ **''ઝાલાવાડી જૈન''** ઓળખ સ્થાપિત કરવા તેઓ આગ્રહ પણ કરતા રહયાં છે. સમગ્ર જૈનોને સંગઠિત અને મજબૂત બનાવવાના તેઓની સંઘભાવનાએ છેલ્લા ઘણા વર્ષના તેઓનાં પ્રયત્નોએ ઝાલાવાડી જૈન સમાજોને એકજુટ - એકત્રિત કરી ફક્ત **''ઝાલાવાડી જૈન''** તરીકે સંગઠિત કરવા સાથે એક ઓળખ બનાવવાના તેઓના અથાગ પ્રયત્નો સરાહનીય રહ્યા છે.

શ્રી ઝાલાવાડી ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન મિત્રમંડળ, શ્રી ઝાલાવાડ લેડીઝ ગ્રુપ, જૈન સોશ્યલ ગ્રુપ જુહુ બીચ સેન્ટર, સંગિની ફોરમ જુહુ બીચ આ બધી સંસ્થાઓમાં શ્રી સી.વી.શાહ ક્યાંક મેસ્ટર પ્રેરણાર્થી તરીકે, ક્યાંક સ્થાપક તરીકે તો ક્યાંક શુભેચ્છક તરીકે જોડાયેલા રહીને ઉમદા સેવાઓ આપતા રહ્યા છે. જિતો જુહુ ચેપ્ટરના ભૂતપૂર્વ ચેરમેન તરીકે તેઓએ ઉમદા સેવાઓ આપેલ છે. હાલમાં **આચાર્ય ભગવંત પ.પૂ.શ્રી નયપદ્મસાગરજી મ.સાહેબ**ના આશીર્વાદથી તારીખ ૩૦ મે ૨૦૨૪ના રોજ **'જૈન ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન'**ના એક્ઝીક્યુટીવ ચેરમેન તરીકે તેઓની નિમણુંક કરવામાં આવેલ છે. તેઓશ્રીને તે બદલ હાર્દિક અભિનંદન.

આધ્યાત્મિક અને ધાર્મિક રીતે આપણો ઝાલાવાડી જૈન સમાજ જોડાયેલો છે. પરંતુ ઝાલાવાડી જૈન સમાજના પરિવારોના ઉત્કર્ષ, વિકાસ માટે જૈન સ્કૂલ, જૈન કોલેજ, જૈન યુનિવર્સિટી, જૈન હોસ્પિટલ વગેરે જેવી મહત્વની જરૂરિયાતો જેવા આવશ્યક અને ખાસ જરૂરી સમાજ ઉપયોગી કાર્યો કરવાના ઉત્સાહભર્યા શ્રી સી.વી.શાહના સતત ઉમદા પ્રયત્નો રહ્યા છે.

હાલમાં તેઓની ઉમદા ભાવના અને અથાગ પ્રયત્નરૂપ સંસ્થા દ્વારા **''ભૂખ્યાને ભોજન''** એટલે દર શનિવારે ૩૫૦ થી ૪૦૦ વ્યક્તિઓને ભોજન કરાવવામાં આવે છે. આ યોજનાને હવેથી કાયમી ધોરણે દરરોજ ભોજન આપી શકાય તે માટે માતબર રકમનું ફંડ એકત્રિત કરવાની શરૂઆત થયેલ છે. જેમાં ઘણા દાતાશ્રીઓનાં ઉમદા યોગદાનનો પ્રવાહ વહેતો રહયો છે.

**રાષ્ટ્રસંત ગુરૂદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ**ના અનન્ય ભક્ત એવા શ્રી સી.વી.શાહને ગુરૂદેવની કૃપાદ્રષ્ટિએ સમાજ ઉત્થાન, ઉત્કર્ષ અને સેવાકીય પ્રવૃત્તિઓ માટે ખૂબજ સારો સહયોગ, માર્ગદર્શન સહ ઉમદા આશીર્વાદ મળતા રહેવાથી સેવાકીય કાર્યો - પ્રવૃત્તિઓમાં તેઓ ખૂબજ સારી પ્રગતિ કરી સફળ કાર્યો કરી શક્યા છે.

**ગુરૂદેવ આ.ભ.પ.પૂ.શ્રી નયપદ્મસાગરજી મહારાજ સાહેબ** સાથે  તેઓ ઘણાં વર્ષથી સતત સંપર્કમાં રહેલ છે. પૂ.ગુરૂદેવની અસીમ કૃપા તેઓને સહયોગ સાથે ઉમદા આશીર્વાદરૂપ મળતા રહ્યા છે. જે તેમને કાર્યોમાં પ્રોત્સાહક બળ પુરૂ પાડે છે.

શ્રી સી.વી.શાહની દીર્ઘદ્રષ્ટીએ સમાજહિતની ઘણી ભાવી યોજનાઓ તેઓના આગવા આયોજન પ્લાનમાં છે. જે સાકાર પામવા સાથે આગળ વધી રહેલ છે. અનેક વ્યક્તિ વિશેષ શ્રીઓ, મહાનુભાવો સાથેના તેઓના ઘનિષ્ઠ સંબંધોએ પ્રામાણિક કાર્યો - યોજનાઓને સૌનાં સાથ-સહકાર હંમેશા તેઓને મળતા રહ્યા છે. સમાજના ઉત્કર્ષના કાર્યો સફળતાપૂર્વક સંપન્ન થતા રહ્યા છે. શ્રી સી.વી.શાહની એક આગવી વિશેષ ખાસિયત રહેલી છે કે તેઓ ઉપાડેલ કાર્ય પરિપૂર્ણ ન થાય ત્યાં સુધી સતત પ્રયત્નશીલ રહે છે.

આ ખમીરવંતા, ઉત્સાહી અને સમાજ હિતેચ્છુ શ્રી સી.વી.શાહ (પેરેડાઈઝ)ને ઝાલાવાડ જૈન શ્વે. મૂ. પૂ. સંઘ મુંબઈની ખૂબ ખૂબ શુભેચ્છાઓ સાથે તેઓનાં સત્‌કાર્યો - સેવાકિય પ્રવૃતિઓ માટે શુભકામનાઓ.

**સંકલન : ઉપેન્દ્રભાઇ શાહ (પૂર્વ સંપાદક)**

# શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ - અંધેરી : ૪૩મો વાર્ષિકોત્સવ



ગીત-સંગીતનો આનંદ લેતા બહેનો



વાર્ષિકોત્સવ કાર્યક્રમનું બેનર ઉદ્‌ઘાટન કરતા પટવા પરિવાર



ગીત-સંગીતના કાર્યક્રમનો આનંદ લેતા મંડળના કમીટી મેમ્બર



અતિથિ વિશેષ શ્રી મેહુલભાઈ શેઠનું સન્માન કરતા
દીપકભાઈ ગાંધી તથા નિતીનભાઈ પરીખ



પટવા પરિવારને સન્માન પત્ર અર્પણ કરતા શ્રી દિલીપભાઈ શાહ,
શ્રી મહેન્દ્રભાઈ શાહ, શ્રી વિનોદભાઈ શેઠ, શ્રી મુગટભાઈ તથા શ્રી અતુલભાઈ



શ્રી સંઘ પ્રમુખ, શ્રી ફાઉન્ડેશનના ચેરમેન,
અંધેરી મંડળના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ શાહ આમંત્રિત મહેમાનો
તથા અન્ય સભ્યો



મંડળના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ
તથા પટવા પરિવાર



તેજસ્વી વિદ્યાર્થીનું સન્માન કરતા મુગટભાઈ,
કોમીલાબેન તથા મહેન્દ્રભાઈ



ગીત-સંગીતનો આનંદ લેતા બહેનો



સમારંભના પ્રમુખ શ્રી દિલીપભાઈનું સન્માન કરતા
શ્રી મહેન્દ્રભાઇ, શ્રી મુગટભાઈ તથા અતુલભાઈ પરીખ

# શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ - અંધેરી : ૪૩મો વાર્ષિકોત્સવ



અતિથિ વિશેષ શ્રી શૈલેષભાઈ શાહનું સન્માન કરતા
શૈલેષભાઈ તથા અતુલભાઈ પરીખ



મંચ ઉપર બિરાજમાન આમંત્રિત મહેમાનો



દીપ પ્રાગટ્ય કરતા શ્રી સંઘ, શ્રી ફાઉન્ડેશન તથા
અંધેરી મંડળના પ્રમુખ તથા આમંત્રિત મહેમાનો



તપસ્વીનું સન્માન કરતા મુગટભાઈ,
કોમીલાબેન તથા મહેન્દ્રભાઈ શાહ



શ્રીસંઘ પ્રમુખ
શ્રી દિલીપભાઈ



ફાઉન્ડેશનના ચેરમેન
શ્રી વિનોદભાઈ



મંત્રી
શ્રી કિરણભાઈ



મંત્રી
શ્રી દર્શનભાઈ



પ્રમુખ
શ્રી મહેન્દ્રભાઈ



શ્રી દીપકભાઈ
ગાંધી



ટ્રસ્ટી
શ્રી શૈલેષભાઈ



ગીત-સંગીતના કાર્યક્રમનો આનંદ લેતા
પટવા પરિવાર



મંડળના પ્રમુખ મહેન્દ્રભાઈ તથા પટવા પરિવાર




ગીત-સંગીતના કાર્યક્રમનો આનંદ લેતા
મંડળના સભ્યો તથા મહેમાનો



ફાઉન્ડેશનના ચેરમેન શ્રી વિનોદભાઈ શેઠનું
સન્માન કરતા શ્રી મહેન્દ્રભાઈ શાહ તથા શ્રી અતુલભાઈ પરીખ

# શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ - ગોરેગાંવ વાર્ષિકોત્સવ



સંઘ પ્રમુખ શ્રી દિલીપભાઈ, શ્રી જયેન્દ્રભાઇ
તથા શ્રી ધીરૂભાઇનું સ્વાગત



આમંત્રિત મહેમાનો તરફથી દીપ પ્રાગટ્ય



આમંત્રિત મહેમાનો તથા ગોરેગાંવ સમાજના કમિટી મેમ્બર્સ



ગીત સંગીતની રમઝટ



સંઘ પ્રમુખ શ્રી દિલીપભાઈનું બહુમાન
પ્રમુખ શ્રી રાજેશભાઈ તથા ઉપપ્રમુખ શ્રી મહેન્દ્રભાઈએ કરેલ



સંઘ પ્રમુખ શ્રી દિલીપભાઈનું બહુમાન પ્રમુખ શ્રી રાજેશભાઈ
તથા ઉપપ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ શાહે કરેલ



IPP શ્રી અરવિંદભાઈનું બહુમાન



પ્રમુખ શ્રી રાજેશભાઈનું આવકાર સંબોધન



ઉપપ્રમુખ શ્રી મહેન્દ્રભાઈનું આવકાર સંબોધન



સંઘ પ્રમુખ શ્રી દિલીપભાઈના આશીર્વચન

# શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ - ગોરેગાંવ વાર્ષિકોત્સવ



સંઘ તથા પરામંડળ ના આમંત્રિત મહેમાનો



ગોરેગાંવ સમાજનું ગૌરવ મીત કુવાડિયાનું
CA All India Rank 10 આવેલ તેનું બહુમાન



તપસ્વી સન્માનના દાતા પરિવારના
મધુકાન્તાબેન, રાજેશભાઈ, હર્ષભાઈ તથા રીશીતાબેન.



સરસ્વતી સન્માનના દાતા પરિવારના
જસુમતીબેન, દિવ્યેશભાઈ તથા અલ્પાબેન



ગોરેગાંવ સમાજના સભ્ય પરિવાર



સંગીતનો આનંદ લેતા ગોરેગાંવ સમાજના કમિટી મેમ્બર્સ



ગોરેગાંવ સમાજનું મહિલા મંડળ



સંગીતનો આનંદ લેતા સભ્યો




ગોરેગાંવ સમાજ ગ્રૂપ ફોટો



ગોરેગાંવ સમાજ ગ્રૂપ ફોટો

# મુળી નિવાસી શ્રી દલાશા કુટુંબ પરિવાર ની ષષ્ઠીપૂર્તિ ઉજવણી ના યાદગાર પ્રસંગો ની ઝલક....





















# મુળી નિવાસી શ્રી દલાશા કુટુંબ પરિવાર ની ષષ્ઠીપૂતિ ઉજવણી ના યાદગાર પ્રસંગો ની ઝલક....

























શ્રી ઝાલાવાડી દશા શ્રીમાળી મૂર્તિપૂજક જૈન
ધાંગધ્રા નિવાસી, હાલ દાદર - મુંબઈ

: જન્મ :
૨૫-૭-૧૯૪૫



દેહ વિલય
૮-૬-૨૦૨૪

# શ્રી ખુશવદનભાઈ નગીનદાસ શાહ

ગુજરાતના ધ્રાંગધ્રામાં જન્મેલા ખુશવદનભાઈનું જીવન પડકારોથી ભરેલું હતું. એન્જિનિયરિંગ પૂર્ણ કરી તે સફળતાની શોધમાં મુંબઈ આવી ગયા. તેમણે નોકરી કરી અને પોતાના ઉદ્યોગો શરૂ કર્યા. જેમાં તેમણે અનેક પડકારોનો સામનો કર્યો. તે છતાં તેમણે ક્યારેય હાર ન માની અને હંમેશા બેવડી ઉર્જા સાથે ફરી વળ્યા જેમાં તેમના પત્ની રાજુ બહેને હમેશા તેમને સહયોગ અને પ્રોત્સાહન આપ્યુ. તેમનો પુત્ર મેહુલ અમેરીકામાં સફળ કમ્પ્યુટર એન્જિનિયર છે, અને પુત્રી શીતલ સફળ યોગા શિક્ષક છે. તેમણે તેમના પૌત્રોમાં વિચારો, સંસ્કારો અને સિદ્ધાંતોનું સિંચન કર્યું છે. તેમનો આત્મ વિશ્વાસ, અનુભવ, પરીવાર પ્રેમ અને ક્યારેય હાર ન માનવાની વૃત્તિએ તેમને સફળ બનાવ્યા.

નાનપણથી જ તેમણે જૈન સૂત્રો શીખીને, પૂજા કરીને અને વ્યાખ્યાનમાં હાજરી આપીને તેમની ધાર્મિક યાત્રા શરૂ કરી. તપમાં ડૂબીને (તેમણે અનેક અઠ્ઠાઈ, આયંબિલ વગેરે કર્યા) ક્રિયા કરીને (દૈનિક પ્રતિક્રમણ, સામાયિક) અને, તત્વ જ્ઞાન મેળવીને (વિવિધ ગુરુઓને સાંભળીને અને જૈન ધર્મગ્રંથો વાંચીને) તે પોતાનું જૈન ધર્મનું જ્ઞાન વધારતા ગયા. તેઓ માત્ર શીખ્યા જ નહીં પણ જૈન સિદ્ધાંતોનું પાલન પણ કર્યું અને અંતિમ શ્વાસ સુધી ધર્મમાં આસ્થા રાખી સમતાને જાળવી રાખી.

તે સાદું જીવન, સદવિચાર અને હંમેશા ખુશ રહેવામાં માનતા હતા. તેઓ હંમેશા તેમના ચહેરા પર સ્મિત રાખીને તેમના નામ ખુશવદનને સાર્થક કર્યું. બધા સગા સંબંધી તેમને સદૈવ 'ખુશ' ભાઈ તરીકે યાદ રાખશે.

સરળ સ્વભાવી ખુશવદનભાઈ પોતાના સદગુણોથી સદૈવ બધાની યાદમાં રહેશે.

## -: પરિવાર :-

**ધર્મપત્ની :** રાજેશ્વરી (રાજુબેન) શાહ
**પુત્ર-પુત્રવધુ :** મેહુલ - વૈશાલી શાહ
**પુત્રી-જમાઈ :** શીતલ - જયેશ દોશી
**પૌત્ર :** આરુષ - હેમીશ - નીલ
**ભાઈ-ભાભી :** રાજુ, સ્મિતા શાહ
દીપેન, નીતા શાહ

**માતા-પિતા :** સ્વ. શારદાબેન, સ્વ. નગીનદાસભાઈ શાહ
**બહેન-બનેવી :** પ્રેમીલાબેન, સ્વ.દિપકભાઈ શાહ
નયનાબેન, સ્વ.રમેશભાઈ શાહ
**સાસરા પક્ષ :** સ્વ. મનસુખભાઈ, સ્વ. કંચનબેન દોશી
સિદ્ધાર્થ, જ્યોતિ દોશી, સ્વ. ડૉ. શ્રીપાલ,
રેણુ દોશી, પૂર્ણિમા (પુની), નયન ઝવેરી,
શ્રીલેખા (શીલા), મુકુલ ગાંધી

સદ્ગતના આત્મશ્રેયાર્થે કેળવણી રૂા.૨૦૦૦/-, સાધર્મિક રૂા.૩૦૦૦/-, તબીબી રૂા.૩૦૦૦/-, પત્રિકા રૂા.૧૦૦૦/-, યાત્રિક ભવન રૂા.૨૦૦૦/- ભેટ આપેલ છે.

## આત્મીયજનો

: જન્મ :
૨૫-૭-૧૯૪૫



દેહ વિલય
૮-૬-૨૦૨૪

# શ્રી ખુશવદનભાઈ નગીનદાસ શાહ

મળે છે દેહ માટીમાં પણ માનવીનો આત્મા જીવે છે
મૃત્યુ પામે છે માનવી પણ તેના સત્કર્મો જીવે છે
છોડી અમ સાથ તમે વસ્યા પ્રભુની પાસ
નથી હયાત પણ છો સાથે એવો રહે છે ભાસ.


**ફૂલ બનીને સુવાસ મૂકી ગયા, કિરણ બનીને સૂર્યપ્રકાશ છોડી ગયા**
**ઝરણું બનીને સાગરમાં સમાઈ ગયા, સૌને શરણ આપનારા**
**પોતે જ અરિહંતશરણ થઈ ગયા**
**આપનો દિવ્ય આત્મા જ્યાં હોય ત્યાં પરમકૃપાળુ પરમાત્મા**
**શાશ્વત સુખ અને પરમશાંતિ અર્પે,**
**એજ અમારી અંતઃકરણની પ્રાર્થના છે.....**

## -: શોકાતુર :-

**અમૃતલાલ ઉજમશી દોશી પરિવાર**
**શીતલ જયેશ દોશી**

સદ્‌ગતના આત્મશ્રેયાર્થે કેળવણી રૂા.૨૦૦૦/-, સાધર્મિક રૂા.૩૦૦૦/-, તબીબી રૂા.૩૦૦૦/-, પત્રિકા રૂા.૧૦૦૦/-, યાત્રિક ભવન રૂા.૨૦૦૦/- ભેટ આપેલ છે.

# શ્રદ્ધાસુમન



# બાપુજી વ્રજલાલ પોપટલાલ બાબરિયા

## અરિહંત શરણ : તા. ૧૦-૭-૨૦૦૧

મેઘની ગર્જના, પુષ્પોની સુવાસ, સાગરના જળ,
મંદિરોની મૂર્તિ આપની હાજરીનો અહેસાસ કરાવે છે.
આપના પુણ્યશાળી આત્માનું દિવ્ય તેજ
જુદા જુદા સ્વરૂપે પ્રગટ થઇ
અવિરત આપની હાજરીનું સ્મરણ કરાવે છે.
અને આપનું સ્મરણ એ જ પરમાત્માનું સ્તવન !

- શ્રધ્ધાંજલિનાં સુમન અર્પણ કરતા આપના -

**બાબરિયા પરિવાર**

: જન્મ :
૬-૧૧-૧૯૫૨



અરિહંત શરણ
૨૧-૬-૨૦૨૪

ધ્રાંગધ્રા નિવાસી હાલ અંધેરી (વેસ્ટ)

# શ્રી પ્રદીપભાઈ હીરાલાલ શાહ

સ્નેહના બંધનો ક્યારેય ભુલાતા નથી, પ્રેરણાના પુષ્પો ક્યારેય કરમાતા નથી. આવા આત્મીય જન પ્રદીપભાઈ કુટુંબ વત્સલ, સહૃદયી અને હંમેશાં હસતો ચહેરો, શોખીન જીવ, જીવન જીવી જાણ્યું, માણી જાણ્યું. સુખને છલકાવ્યું નહિ, દુઃખને દેખાડ્યું નહિ, વહેવાર ચૂક્યા નહિ. હરવા-ફરવાનો ખૂબજ શોખ - તીર્થયાત્રા - પ્લેઝર ટ્રીપ કે ફોરેન ટ્રીપ - હંમેશા પોઝીટીવ એપ્રોચ. અચાનક અનંતયાત્રાની સફર માટે વિદાય લીધી, વિદાય હંમેશા વસમી હોય છે. ભાઈ બહેનોમાં સૌથી નાનો, સહુનો લાડકો....

જીવનયાત્રામાં ઘણો સંઘર્ષ કર્યો. પ્રબળ પુરુષાર્થ પ્રગતિ કરી, શુન્યમાંથી સર્જન કર્યું. જૂના સંબંધો જાળવ્યા, નવા વિકસાવ્યા, સગા-સંબંધી-સ્નેહી સૌ સાથે પ્રેમથી રહ્યા. ગુલાબી સ્વભાવ, ખાવાનો શોખ અને ખવડાવવાનો શોખ હંમેશાં યાદ રહેશે. નહિ અલ્પ - નહિં દીર્ઘ, પ્રાયઃ ભગવાન મહાવીર સ્વામીની જેમ ૭૨ વર્ષનું આયુષ્ય ભોગવીને જીવનલીલા સંકેલી લીધી. આપના આત્માને સદ્‌ગતિ મળે અને પરંપરાએ મોક્ષ પ્રાપ્ત થાય એવી પ્રભુને પ્રાર્થના...

–: શોકાતુર પરિવાર :–

ધર્મપત્ની : નયનાબેન પ્રદીપભાઈ શાહ    પુત્ર-પુત્રવધુ : રિકિન - સંસ્કૃતિ

દીકરી-જમાઈ : પૂજા-ચિંતન    પૌત્રી : જિયાના    દોહિત્ર : રુહાંશ

ભાઈ બહેન પરિવાર : ચંદ્રકાંતભાઈ - સ્વ.મૃદુલાબેન, પ્રવીણભાઈ - સ્વ.ભારતીબેન,
કોકિલાબેન - બિપિનચંદ્ર, રેણુકાબેન - સૂર્યકાંત, નરેન્દ્રભાઈ - સ્વ.સરલાબેન

સ્વ.હીરાલાલ ચુનીલાલ ચુનીલાલ શાહ પરિવાર

સ્વ.ધીરજલાલ વૃજલાલ શાહ પરિવાર

સદ્‌ગતના આત્મશ્રેયાર્થે કેળવણી રૂા.૫૦૦/-, સાધર્મિક રૂા.૫૦૦/-, પત્રિકા રૂા.૫૦૦/-, તબીબી સહાય રૂા.૫૦૦/-, સમૂહલગ્ન રૂા.૫૦૦/-, તપશ્ચર્યા રૂા.૫૦૦/- કુલ મળી રૂા.૩૦૦૦/- ભેટ આપેલ છે.



સુરેન્દ્રનગર નિવાસી

# સ્વ.સાવિત્રીબેન મંગળદાસ ધરમશી શેઠ

માનવીનું આ વિરાટ વિશ્વમાં જન્મ અને મરણ વિધાતાએ નિયત કરેલું હોય છે. પણ આ બંન્નેનાં સમયગાળા વચ્ચે જીવન કેવું જીવવું એ અમારાં પૂજ્ય માતુશ્રી પાસેથી શીખવા જેવું છે.

એમણે અમારા વિસ્તૃત કુટુંબને સંયુક્ત રાખ્યું. તેઓ ખૂબજ ધર્મપરાયણ હતા. એમનું જીવન અમારી માટે પ્રેરણાદાયક બની રહ્યું છે. એમનું સરળ જીવન અને રમુજી ત્થા આનંદી સ્વભાવ હંમેશા અમારા જીવનમાં જીવંત રહેશે. તેમનું જીવન અમારી માટે એક સંભારણું બની રહેશે.

પરમાત્મા સદ્ગતનાં આત્માને પરમશાંતિ આપે.

**–: શ્રધ્ધાંજલીનાં સુમન અર્પણ કરતાં :–**

**પિતા શ્રી :** સ્વ. શીવલાલ ગુલાબચંદ શાહ (મારવાડી)
**પતિ :** સ્વ. મંગળદાસ ધરમશી શેઠ
**પુત્રો :** રમેશભાઈ, સુભાષભાઈ, કિશોરભાઈ, ભરતભાઈ
**પુત્રવધુ :** જયશ્રીબેન, ચંદ્રિકાબેન, રેખાબેન, સ્વ. ધરતીબેન
**પુત્રી :** ગં.સ્વ. લીનાબેન બિપીનભાઈ કપાસી
**પૌત્ર-પૌત્રીઓ :** મેહુલ, નિલીમા, રત્ના, દેવાંગ, હેમ, અમિત, જીગર, ડૉ.બિજલ, આકાશ
**પ્રપૌત્ર :** જસ, શૈબી, હિત, આર્યા, તીર્થ, રેયાંસ, હૃદય
**ભાણેજ :** નિરવ, જીગર

શેઠ પરિવાર તરફથી સદ્ગતના આત્મશ્રેયાર્થે કેળવણી રૂા.૫૦૧/-, સાધર્મિક રૂા.૫૦૧/-, તબીબી રૂા.૫૦૧/-, તપસ્વી ખાતે રૂા.૨૦૦૦/- ભેટ આપેલ છે.

## શ્રધ્ધાંજલી



### સ્વ.અરવીંદભાઈ જેઠાલાલ શાહ

(ગામ - જોરાવરનગર, હાલ - અંધેરી)
જન્મ : ૩-૬-૧૯૪૨
અરિહંત શરણ : ૯-૬-૨૦૨૪

સ્નેહના સાગર સમા, હર કોઈને
પોતાના ગણી, પોતાના પ્રેમાળ
હૈયાથી ઓળખનારા,
મુખ પર મધુર સ્મીત, અંતરમાં ઊર્મિ,
હૃદયથી ભોળા, સૌમ્ય સ્વભાવવાળા,
સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા
સૌના દિલમાં રાખીને ગયા.

હે પરમાત્મા સદગત્ આત્માને પરમ શાંતિ આપજો.

**-: ધર્મ પરાયણ શાહ પરિવાર :-**

પત્ની : તરૂલતાબેન પુત્ર : દિપેશ
પુત્રી : કામિની-વૈશાલી
પુત્રવધુ : ઉર્વિ ભાઈ : સ્વ.સૌભાગ્યચંદભાઈ,
સ્વ.મહાસુખભાઈ, ન્યાલચંદભાઈ, સ્વ.ભોગીભાઈ
જમાઈ : દેવાંગભાઈ - સિધ્ધાર્થભાઈ
પૌત્ર-પૌત્રી : જહાન્વી - સનથ - આશના - જય

સદ્‌ગતના આત્મશ્રેયાર્થે કેળવણી રૂા.૫૦૧/-, સાધર્મિક રૂા.૫૦૧/-, સાધારણ ભેટ રૂા.૫૦૧/-, તબીબી સહાય રૂા.૫૦૧/-, જનરલ ફંડ રૂા.૫૦૧/-ભેટ આપેલ છે.

## કુર્યાત સદા મંગલમ્



સુરેન્દ્રનગર નિવાસી હાલ કાંદીવલી રહેતા શ્રીમતી રાજુલ વિપુલભાઈ પ્રાણલાલ શાહની સુપુત્રી હિતેક્ષીના શુભ લગ્ન સંવત ૨૦૮૦ના ચૈત્ર વદ-૪ના રવિવાર તા.૨૮-૪-૨૦૨૪ના રોજ વલ્લભીપુર નિવાસી હાલ મીરારોડ શ્રીમતી હિનાબેન તથા શ્રી હરેશભાઈ દીપચંદભાઈ શાહના સુપુત્ર સાથે મેક્ષસ બેન્ક્વેટ હોલ ભાયંદર (વેસ્ટ) ખાતે ઉલ્લાસપૂર્વક ભવ્યાતિભવ્ય સંપન્ન થયા. ઝાલાવાડી સમાજના અગ્રગણ્યો શ્રી ઝાલાવાડ સંઘના પદાધીકારીઓ, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સંઘના હોદ્દેદાર કમીટી સભ્યો અને શ્રી શાંતીનાથ ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ કાંદીવલીના અગ્રગણ્યો, વ્યપારીઓ આશીર્વાદ આપવા માટે પધાર્યા હતા. શ્રી વિપુલભાઈની સમાજમાં સુવાસ, સેવા અને સંબંધોથી બહોળા સગા-સંબંધી મિત્રોની હાજરીથી દેખાઈ આવતું હતું.

આવા પરિવારની સુપુત્રી હેતાક્ષીએ પ્રભુતામાં પગલા પાડી દામ્પત્ય જીવનમાં મંગળ શરૂઆત કરી છે. ત્યારે નવદંપત્તિને આશીર્વાદ આપવા વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મંગળ જીવનની શુભકામના, શુભલગ્ન નિમિત્તે સાધર્મિક ભક્તિ રૂા.૫૦૦/-, કેળવણી રૂા.૫૦૦/-, પત્રિકા રૂા.૫૦૦/-, સમૂહ લગ્ન રૂા.૫૦૦/-, કુલ રૂા.૨૦૦૦/- શ્રી સંઘને ભેટ આપેલ છે. ભૂરી-ભૂરી અનુમોદના કરે છે.

## BIO-DATA



# AADESH SHAH

**BBA (Marketing), Pune - MBA (Marketing), Pune**

***ABOUT FAMILY***

**Grand Father** : Late Lalchand Jaichand Shah

**Grand Mother** : Ilaben Lalchand Shah

**Father** : Samirkumar Lalchand Shah

**Profession** : Business
(Building Material Wholesale)
9423193708

**Mother** : Chetna Samirkumar Shah
(Home Maker)
8007674870

**Siblings** : Naman Samirkumar Shah
B.E Civil , Pune
M.S in Construction Management

**Uncle** : Vipulkumar Lalchand Shah
Dipesh Lalchand Shah

**Mosal** : Late Kantilal Maganlal Shah
(Sendhwa)
Piyush Kantilal Shah (Pune)
9429568177
Pankaj Kantilal Shah (Sendhwa)
9424569393

**Firm's** : Vipul Sales Corporation.
Dipak Agencies.
Samir Enterprise.
Naman Buildcon.

## BIO-DATA



# SHREY AMIYA SHAH

**Birth details** : 15th Aug. 1997, 3:45 AM, Surendranagar

**Height** : 5ft 7inch

**Education** : B.Tech (E.E.E.) from BITS (PILANI)
Batch 2019

**Working at** : C.N.H. Industrial Technology Services
(India) Pvt. Ltd., Gurgoan

**Interest** : Reading, Travelling, Exploring new things

**Religion** : Zalawadi - Dashashrimali - Swetambar
Murtipujak (Deravashi) Jain

**Gotra** : Kashyap

**Native** : Surendranagar, District Surendranagar,
Gujarat

**Current Residence** : Gurgaon, Haryana

***FAMILY :***

**Gr. Father** : Late Dr. Rasiklal Saubhagyachand Shah
(MD, FICA(USA), FCCP(USA))

**Gr. Mother** : Late Jyotsnaben Rasiklal Shah
(Home maker)

**Father** : Amiya Rasiklal Shah (Electronic Engineer),
Business

**Mother** : Binita Amiya Shah (B.Sc) (Home maker)

**Elder brother** : Shrenik Amiya Shah (B.Tech & M.B.A)
Senior consultant at Deloitte (India) Ltd.
Banglore.

**Elder brother** : Kunjan Amiya Shah (M.Tech(E.C.))
Reliance New Solar Energy Ltd., Jamnagar.

**Permanent Residence** : Opposite Chhabila Hanuman,
Behind New Sarvodaya Society,
Surendranagar 363001. Gujarat.

**Contact : Father** : +919825739540,
Residence Landline: (02752)232916.

## :: વ્યક્તિ વિશેષ પ્રતિભા ::

### જયભિખ્ખુ : નખશિખ સાહિત્યકાર   જન્મ : ૨૬ જૂન, ૧૯૦૮ - અરિહંતશરણ : ૨૪ ડિસેમ્બર, ૧૯૬૯

ગુજરાતી સાહિત્યના જાણીતા નવલકથાકાર, પત્રકાર અને બાળસાહિત્યકાર એવા જયભિખ્ખુનું પૂરું નામ બાલાભાઈ દેસાઈ. તેમનો જન્મ વીંછિયામાં વિરચંદભાઈ અને પાર્વતીબહેન દેસાઈને ત્યાં થયો હતો. માત્ર ચાર વર્ષની વયે માતાનું અવસાન થતાં તેમનો ઉછેર મોસાળમાં થયો હતો. પિતા વિરચંદભાઈ વરસોડા અને લોદ્રામાં કારભારી હતા. જયભિખ્ખુનાં પ્રાથમિક શિક્ષણનો પ્રારંભ વીંછિયામાં પછી બોટાદ, વરસોડામાં સાત ધોરણ સુધીનો અભ્યાસ કર્યો. માધ્યમિક શિક્ષણ અમદાવાદમાં લીધું. ઈ.સ.૧૯૩૦માં તેમનાં લગ્ન વિજયાબહેન સાથે થયાં હતાં.

મુનિ વિજયધર્મસૂરિજીએ સ્થાપેલાં વીરતત્ત્વ પ્રકાશક મંડળનો પ્રભાવ તેમના પર ખૂબ પડેલો. શિવપુરીમાં વિજયધર્મસૂરિજીની સંસ્થામાં તેમણે ભાષાઓનો તથા જૈન તત્વજ્ઞાનનો અભ્યાસ કર્યો. એ પછી પરીક્ષાઓ આપી અને 'ન્યાયતીર્થ' તથા 'તર્કભૂષણ' જેવી પદવીઓ પ્રાપ્ત કરી. જૈન ધર્મના પ્રચાર અર્થે સંસ્થા દ્વારા પસંદગી પામ્યા છતાં કોઈ કારણસર તેઓ પરદેશ ન જઈ શક્યા. ઘણા મનોમંથન પછી તેમણે પોતાનાં જીવનની દિશા નક્કી કરી. તેમણે આજીવન નોકરી ન કરવાની, પૈતૃક સંપત્તિનો સ્વીકાર ન કરવાની, પુત્રને વારસામાં સંપત્તિ ન આપવાની અને કલમને સહારે જીવન પસાર કરવાની પ્રતિજ્ઞા લીધી.

બાળપણથી જ વાંચનનો શોખ, તેમાંથી જ લેખનમાં પ્રવૃત્ત થયા અને આજીવિકાનું માધ્યમ બનાવ્યું.

તેમણે કારકિર્દીનો પ્રારંભ પત્રકારત્વથી કર્યો. ૧૯૫૩થી શરૂ થયેલી 'ઈંટ અને ઈમારત' કોલમ ખૂબ લોકપ્રિય થઈ. 'મુનીન્દ્ર' તખલ્લુસથી તેઓ 'જાણ્યું છતાં અજાણ્યું' કોલમ લખતા જે લોકપ્રિય થયેલી. તેમની પાસેથી ગુરુ વિજયધર્મસૂરિજીનાં જીવનચરિત્ર (૧૯૨૯) ઉપરાંત અનેક ચરિત્રો મળ્યાં છે. તેમણે અનેક વીર નરનારીઓ, સંતો-મહંતો તથા ધર્મસંસ્થાપકોનાં પ્રેરણાદાયી ચરિત્રો આપ્યાં છે.

ઈ.સ.૧૯૩૫માં તેમની પહેલી નવલકથા 'ભાગ્યવિધાતા' પ્રગટ થઈ. આ ઉપરાંત તેમણે સત્તર જેટલી નવલકથા આપી છે. સમાજજીવનનાં વિવિધ પાસાંઓને વિષય બનાવીને લગભગ ૨૧ જેટલા વાર્તાસંગ્રહ તેમની પાસેથી મળ્યા છે. આ ઉપરાંત તેમની પાસેથી નાટકો, બાળકિશોર સાહિત્ય પણ ઉત્તમ કક્ષાનું મળ્યું છે.

તેમની સાહિત્યસેવાના સંદર્ભમાં તેમને જુદી જુદી સંસ્થાઓ તરફથી તથા રાજ્ય અને કેન્દ્ર સરકાર તરફથી પુરસ્કારો પણ મળ્યા છે. જાણીતા જાદુગર કે. લાલની પ્રેરણાથી 'જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ'ની સ્થાપના થઈ છે. પ્રતિષ્ઠિત સાહિત્યકાર શ્રી કુમારપાળ દેસાઈ તેમના સુપુત્ર છે.

(સૌજન્ય : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ)

## તેજસ્વી તારલાઓ



માહિર નિખિલ શાહ
S.S.C. 97.7% ICSE
વઢવાણ-વિલેપાર્લે



જૈનમ દક્ષેશ બારભાયા
S.S.C. 91.35% ICSE
બોટાદ-ભાયંદર



દીશા દક્ષેશ બારભાયા
S.S.C. 99.6% ICSE
બોટાદ-ભાયંદર



દ્રષ્ટિ મનોજ મહેતા
S.S.C. 90.60% Mah. Board
વિંછીયા-મલાડ



યશ્વી રાકેશ શાહ
Eng. 91.69% Mah. Board
ધ્રાંગધ્રા-કાંદિવલી



કલ્પ પ્રતીક શાહ
S.S.C. 90.60% C.B.S.C.
વઢવાણ-ભાયંદર



મહિમા મનોજ મહેતા
M.B.A. 90.60%
વિંછીયા-મલાડ



જીયા અંકીત બગડીયા
S.S.C. 95% I.G.C.S.E.
બોટાદ -મલાડ

## શ્રી વાસુપૂજ્ય સ્વામી શ્વે.મૂ.પૂ. તપાગચ્છ જૈન સંઘ - સુરેન્દ્રનગર

સંચાલિત

## જૈન યુવક મંડળ દ્વારા શ્રીમતી સોનલબેન શૈલેષભાઈ શાહ પરિવાર દ્વારા સામાજીક ક્ષેત્રે પ્રેરણાદાયી યોગદાન





સુરેન્દ્રનગરના વાસુપૂજ્યસ્વામી દેરાસરના પટાંગણમાં શ્વે.મૂ.પૂ.તપાગચ્છ જૈન સંઘ સંચાલિત જૈન યુવક મંડળ દ્વારા મુંબઈના વતન પ્રેમી દાતા પરિવારના સહયોગથી જૈન પરિવારના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને યુનિફોર્મ - સ્કુલ/કોલેજ બેગ સાથે શૈક્ષણીક કીટનું વિતરણ કરવાનો કાર્યક્રમ ઝાલાવાડ અને સ્થાનિક જૈન સમાજના મહાનુભાવોની ઉપસ્થિતીમાં યોજવામાં આવેલ હતો.

આ કાર્યક્રમમાં મુંબઈ - બોરીવલી સ્થિત વતનપ્રેમી દાતા શ્રી શૈલેષભાઈ શાહના ધર્મપત્ની શ્રીમતી સોનલબેન પરિવાર માતુશ્રી પુષ્પાબેન ત્રિભોવનદાસ શાહ તથા સ્વ. શ્રી ભીખાલાલ ત્રિભોવનદાસ શાહ તથા સ્વ. શ્રી ભીખાલાલ ત્રિભોવનદાસ શાહના સ્મરણાર્થે સ્કુલબેગ એક ડઝન જમ્બોબુક, કંપાસ, બોલપેન બોક્ષ સાથે રૂા.૨૨૦૦/-ની કિંમતની શૈક્ષણિક કીટનું જૈન વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને વિતરણ કરાવેલ હતું. આ પ્રસંગે સુરેન્દ્રનગર દેરાસરમાં ૨૮૦ તથા કદુડા શાળામાં મળીને કુલ ૫૦૦થી વધુ શૈક્ષણીક કીટનું વિતરણ કરાવેલ હતું. આ શિક્ષણ સેવા ભક્તિ આજીવન ચાલુ રાખવાની શ્રી શૈલેષભાઈ શાહે જાહેરાત કરી હતી. તેમજ આ કાર્યક્રમમાં માતુશ્રી જ્યોતીબેન ભીખાલાલ ત્રિભોવનદાસ શાહ પરિવાર તરફથી હ.: શ્રીમતી મેઘા દક્ષેશ શાહ, શ્રીમતી શ્રુતી હર્ષ શાહ તથા શ્રીમતી ખુશબુ ધાર્મિક શાહ દ્વારા સ્કુલ યુનિફોર્મનું વિતરણ કરવામાં આવેલ હતું.

આ પ્રસંગે ઉપસ્થિત જૈન ઉપસ્થિત જૈન મહાનુભાવો પુર્વ ધારાસભ્ય શ્રીમતી વર્ષાબેન દોશીએ આયોજનને બિરદાવ્યુ હતું. તેમજ દાતાશ્રી શૈલેષભાઈ શાહ (કદુડાવાળા) તથા શ્રીમતી સોનલબેન શાહના સામાજીક કાર્યોમાં પ્રેરણાદાયી યોગદાનને બિરદાવેલ હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે દાતા શ્રી શૈલેષભાઈ શાહ કદુડા (તા.વઢવાણ)ના વતની છે. વેપાર-ધંધા માટે મુંબઈ સ્થાયી થયા બાદ તેમણે સખત પરિશ્રમ અને સુઝબુઝથી બેનમુન સફળતા મેળવી છે. આર્થિક રીતે સંપન્ન થયા બાદ તેમણે જૈન ધર્મના આદર્શો મુજબ કદુડામાં શાળાના બિલ્ડીંગનું નિર્માણ કરાવવા સાથે સામાજીક-ધાર્મિક કાર્યોમાં દાનની સરવાણી સતત વહેતી રાખીને પરિવારનું ગૌરવ અને કિર્તી વધારેલ છે.

સુરેન્દ્રનગર ખાતે કાર્યક્રમ યોજાયેલ શૈક્ષણીક કીટ અને યુનિફોર્મ વિતરણ કાર્યક્રમમાં તેમના બહુમુલ્ય સામાજીક યોગદાનના ઉપસ્થિત મહાનુભાવો વર્ષાબેન દોશી, જે.એમ.શાહ તથા કિશોરભાઈ કુવાડીયાએ બિરદાવેલ હતું. આ કાર્યક્રમમાં મુંબઈના જૈન શ્રેષ્ઠીઓ શ્રી પ્રફુલભાઈ એલ. સલોત (ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.મંડળ બોરીવલી, તથા ગુજરાતી સેવા મંડળ-બોરીવલીના પ્રમુખ), શ્રી અનીલભાઈ વી. ટોલીયા (ટ્રસ્ટી - ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.મંડળ-બોરીવલી, તથા ગવર્નીંગ કાઉન્સીલીંગ મેમ્બર, ઝાલાવાડ બીઝનેસ ફોરમ-મુંબઈ), શ્રી બિપીનભાઈ આર. વોરા (ટ્રસ્ટીશ્રી શ્રી ઝાલાવાડ જૈન સંઘ-મુંબઈ), શ્રી મુકેશભાઈ યુ. શાહ (મંત્રી - ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ-મુંબઈ) તેમજ શ્રી મણીલાલભાઈ (ભાવના રોડવેઝ) વિગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સુરેન્દ્રનગરના જૈન ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



## શ્રીમતી શારદાબેન કિશોરભાઈ નંદલાલ શાહ

## (SKNEP) – એજ્યુકેશન પ્રોગ્રામ – શૈક્ષણિક સહાય યોજના

મુંબઈ ઝાલાવાડ સમાજ તથા જે.જે.સી. જેવી અનેક સંસ્થાઓ સાથે શૈક્ષણીક સહાય માટે વર્ષોથી સંકળાયેલ લીંબડી નિવાસી હાલ દાદર સ્વ. શ્રી કિશોરભાઈ નંદલાલ શાહ પરિવારનું શૈક્ષણીક (એજ્યુકેશન) સહાય ક્ષેત્રે માતબર રકમનું અનુદાન મળતું રહયું છે. શૈક્ષણીક ક્ષેત્રે હંમેશા સહાય રૂપ બનતા જૈન સમાજમાં આ પરિવારનું નામ જાણીતું છે.

આપણા સમાજનાં સભ્ય પરિવારજનોનાં વિદ્યાર્થીઓ / વિદ્યાર્થીનીઓ માટે 'એજ્યુકેશન પ્રોગ્રામ' અંતર્ગત એક નવી શૈક્ષણીક સહાય યોજના આ પરિવાર તરફથી ફરી એકવાર રજૂ કરવામાં આવેલ છે.

આ યોજના અંતર્ગત શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ. પૂ. સંઘ મુંબઈનાં કોઈપણ સભ્ય પરિવારનાં ધોરણ ૫ થી ધોરણ ૧૨ સુધી અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ / વિદ્યાર્થીનીઓ અરજી કરી આ લાભ લઈ શકશે.

આ અરજી કરવા માટે દરેક વિદ્યાર્થીઓ / વિદ્યાર્થીનીઓ એ 'શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ. પૂ. સંઘ મુંબઈનું કેળવણી સહાયનું ફોર્મ ભરવાનું રહેશે. જે પરિવારોએ અગાઉ આ ફોર્મ ભરેલ હશે. તે પરિવારે બીજું ફોર્મ ભરવાનું નથી. તે પરિવારને આ યોજનાનો લાભ મળશે.

શ્રી સંઘ તરફથી આપણા સમાજનાં જે પરિવારોનાં વિદ્યાર્થીઓ / વિદ્યાર્થીનીઓને શૈક્ષણીક સહાય આપવામાં આવે જ છે, તે તેઓને મળતી રહેશે. તદુપરાંત યોગ્ય વિદ્યાર્થીઓ / વિદ્યાર્થીનીઓને ઉપરોક્ત દાતા પરિવાર તરફથી સ્કોલરશિપ સહાય આપવામાં આવશે. આ યોજનાનો વધુમાં વધુ પરિવારો લાભ લે તેવી અપીલ કરીએ છીએ.

**: સંપર્ક સૂત્ર :**

**દિપ્તીબેન - ૯૮૨૧૦૯૯૯૭૯ - સાંજે ૫ થી ૭**

**કિરણભાઈ - ૯૮૨૧૦૫૨૭૦૫ - સાંજે ૫ થી ૭**

## શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ સંચાલિત રામપુરા ભંકોડા નિવાસી - હાલ અંધેરી (મુંબઈ) શ્રીમતી મંજુલાબેન પ્રવિણચંદ્ર ચંદુલાલ શાહ પરિવાર પ્રેરિત કેળવણી સહાય યોજના ધોરણ ૧ થી ૧૦ સુધી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ફી માટેના ફોર્મ બાબત

આપણા સંઘના જરૂરિયાતવાળા સભ્ય પરિવારના ધોરણ ૧ થી ૧૦ સુધી ભણતાં વિદ્યાર્થીઓને દર વર્ષે સ્કુલ ફી આપવામાં આવે છે. આ વર્ષે પણ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શાળા માટે ફી આપવામાં આવશે. ધોરણ ૧ થી ૧૦ સુધી ભણતા વિદ્યાર્થીઓ માટે શ્રી સંઘની ઓફિસેથી તથા નીચે જણાવેલ સ્થળેથી કેળવણી સહાયના ફોર્મ મેળવી અરજી કરવી.

### કેળવણી સહાય સ્કૂલ ફી ના ફોર્મ મેળવવાના સ્થળ

- **સ્થળ :** ન્યુ ઈંડિયા હાઈટ્સ, ૮મે માળે, જીવનધામ સોસાયટી પાસે, ઓલ્ડ પોલીસ લેન, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૯

શ્રીસંઘના **ઓળખપત્ર** અને આવકના દાખલા સાથે, જરૂરી **પ્રમાણપત્રો** આપવાના રહેશે

**સમય :** સવારના ૧૧.૦૦ થી ૬ કલાક સુધી (રજાના દિવસ સિવાય)

### ઝાલાવાડ સાધર્મિક ભક્તિ કેન્દ્ર

- શ્રી ખીમચંદ છગનલાલ શાહ (માનવ સેવા ટ્રસ્ટ) - સી-૧, તીર્થંકર દર્શન, દેવચંદનગર, બાવન જિનાલય પાસે, ભાયંદર (વેસ્ટ). મો. : ૯૮૬૯૦૪૦૧૫૦

  ફક્ત રવિવાર સવારે ૧૦.૩૦ થી ૧૨. ૦૦

- કેળવણી સહાય માટેના ફોર્મ સંઘની ઓફીસે તા.૨૦-૭-૨૦૨૪ સુધી મળશે. ફોર્મ પાછા સ્વીકારવા માટેની છેલ્લી તા.૨૬-૭-૨૦૨૪ સુધી. જરૂરી માંગેલ પ્રમાણપત્રો સાથે ફોર્મ ભરી શ્રી સંઘની ઓફીસે પહોંચાડવા.

કેળવણી સહાય યોજનામાં જે વિદ્યાર્થીને સહાય કરવામાં આવશે તે દરેક વિદ્યાર્થીને રાણપુર નિવાસી હાલ બોરીવલી શ્રીમતી ઈંદુમતી વસંતલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ હ. ઉમેશભાઈ વસંતલાલ શાહ (નારેચાણીયા) તરફથી ૧ ડઝન લોંગબુક ૨૦૦ પાનાની લાઈનવાળી સારી ક્વાલોટીની વિના મુલ્યે આપવામાં આવશે.

M.: 8779478720 Email : bhavikadoshi456@gmail.com

**BHAVIKA BAVISHI**

B.Com, L.L.B.
(Sp. in Property & Family Matter)

**Deal in :**
**Family Matter, will Probate, Marriage Registration, Property etc.**

Address : 2A/3A, Om Shree Siddhivinayak Soc., Hanuman Cross Road No.2, Opp. Shivaji School, Vile Parle (E), Mumbai - 400057

Tel. : 26101465
98204 48920

JAIN JYOTISH ACHARYA

**Jyoti Bavishi**

Astrologer • Palmist • Pyramidal Vaastu Shastri
Feng Shui • Signature & Handwriting Verified

Om Shri Siddhi Vinayak Society, Flat No. 2A & 3A, Hanuman X Road No.2, Opp. Shivaji School, Vile Parle (E), Mumbai-57.

VISIT BY APPOINTMENT

**શેઠ કન્સ્ટ્રકશન કું.**

શ્રી મહાવીર પાઈપ ઈન્ડ.
(સુરત) મેન્યુફેકચરર્સ
આર.સી.સી. હ્યુમ પાઈપ્સ
(N.P. & Np.)

શ્રીજી પાઈપ ઈન્ડ (સુરત)
મેન્યુફેકચરર્સ
આર.સી.સી.હ્યુમ પાઈપ્સ (Np.)
ચેનલસ, મીઝેક, એન્ડ ચેકર્ડ ટાઈલ્સ આ.સી.સી. કવર્સ અને વેન્ટ સાફ્ટસ
(BMC Approved)

ઓફીસ : ૫૦૭/૫૦૮ સંજાર એન્કલેવ, મિલાપ સીનેમા સામે,
એસ.વી.રોડ, કાંદીવલી (વે.), મુંબઈ - ૪૦૦ ०૬૭.
ફોન.: (૦૨૨)૨૮૦૬૨૧૬૧/૪૦૧૩૨૧૬૦ મો.:૯૮૨૧૧૨૦૦૨૧ અજય
ઘર : ૨૮૦૭૨૮૨૩ / ૨૮૦૫૧૧૬૪

Abhijit Shah
M.:9773380129/9870202339



**NEW INDIA ENGINEERING CO.**

Manufacturers & Stockists Of :

- Stainless Steel Socket Weld, But Weld, Threaded Fittings
- Bar Fittings & Flanges ◆Dairy Fittings◆Triclover Fittings
- Ferrule & Flair Fittings ◆S.S. Valves & Cocks◆Strainers & Quick Release Couplings◆S.S.,304,310,316 Rods, Pipes & Sheets ◆S.S.,M.S.& Hi Tensil Fastners.

A/002 Arihant Bldg. Govind Nagar, Sodawala Lane,
Borivali (W), Mumbai - 400 092
**E-mail :** abhijitshah@hotmail.com


**DR. PLUMBER**

**Licensed Plumber Enlargement of BMC Water Connection, Repairs of overall Plumbing & Sanitation Job, Installation & Repairing of Submersible water Pumps, Water Tank Cleaning with imported Machine,**

dr.plumbermumbai@gmail.com
Vile Parle (East),
Kiran K. Vora. : 9820035858 / 9920035858
Off. Mob. : 9324435858 / 9820025858

।।દાદા ભગવાનનો અસીમ જયજયકાર હો।।

દુનિયાભરમાં વસતા સ્વજનો, વેપારી અને વિદ્યાર્થીઓ માટે કપડા, વાસણ, મિઠાઈ, મસાલા, નાસ્તા તથા અન્ય સામગ્રી ઘરેબેઠાં ઝડપથી પહોંચાડવા



**Super Air COURIER**
Only International

ભાવિન હર્ષદરાય મોદી
(પાલીતાણાવાળા)
M.: 9819191883
Tel.: 022-28888667
મલાડ (વેસ્ટ)

અતુલભાઈ ચોકસી
(પાટણવાળા)
M.: 9820798171
બોરીવલી (વેસ્ટ)

**તમારા ઘરે થી પિકઅપ કરીશુ.**

**Late Anopchand M.Kothari**
M/S. KIRTI STEEL INDUSTRIES
M/S. KIRTI TRADING CORPO.
M/S. KUNAL FASTNER HOUSE L.L.P

Off. No. : 23446121/66595864
23410066/23112066
23112935/0250 3214798
Fax No. : 23423575
Kirti Mob. : 9821055592

*Manufacturers & Engineers :*
**S.S. Bolts, Nuts, S.S. Coach Screw, Wood Screw & Fastners,**

**Office :** 155, Narayan Dhuru Street, Ground Floor, Mumbai-400 003
**Sales Office :** 102, Narayan Dhuru Street, Gr., Flr., Mumbai-400 003
**Sales Depo :** 12, Shive Shambhu Ind. Estate, B/H. Nidhi Estate, Near Burmashell Petrol Pump, Waliv, Vasai (East), Thane-401208

**THE NATIONAL BOOK DEPOT**

*For all Your requirements of Medical, Dental, Nursing, Pharmacy, Physiotherapy, Homoeopathic, Veterinary Books*

Opp. Wadia Children's Hospitals, Parel (Central Railway), Mumbai - 400012
Tel : 022-2413 1362 / 2416 5274 / 2413 0877 / 97570 01960 / 97570 01961
Timing : 11 am To 7 pm (Monday To Saturday) Sunday Closed
E-mail : nationalbook55@gmail.com
Website : www.nationalbookdepot.com
**Rajendra Shah - Cell : 93 22 88 4688 / 80 80 88 4688**
**Vaidehi Shah - Cell : 98 33 93 6737**

**હેમા ગાંધી એન્ડ ગ્રુપ**

*લગ્ન ગીતો, સાંજી માળા, જૈન સ્તવન, શ્રદ્ધાંજલી, ભાવ યાત્રા, રાસ ગરબા તથા હિન્દી ઓરકેસ્ટ્રા માટે.*

**-: સંપર્ક : -**
૨૦૨, માનવ મેન્શન, સરોજિની રોડ,
મેક ડોનાલ્ડની બાજુમાં,
વિલેપારલા (વેસ્ટ),
મુંબઈ - ૪૦૦૦૫૬.
**મોબાઈલ : ૯૮૨૧૦ ૨૯૦૯૬**

MAHAVIR

**શ્રી મહાવીર સ્ટેશનરી માર્ટ**

૧૪૪-૪૬, બાપુ ખોટે સ્ટ્રીટ,
૧લે માળે, મુંબઈ - ૪૦૦૦ ૦૩
ફોન : ૨૩૪૬૨૯૬૭,
૨૩૪૬૪૪૬૨

ઝાલાવાડ ચેરીટેબલ ટ્રસ્ટ
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન મિત્ર મંડળ
ઝાલાવાડ લેડીઝ ગ્રુપ

જૈન સોશ્યલ ગ્રુપ
જુહુ બીચ સેન્ટર
સંગિની ફોરમ જુહુ બીચ

407, Centre Square, Above Kundan Jewellers, Opp. Nadco Store, 174, S. V. Road,
Andheri West, Mumbai 400058. Email : zalawadgroup@gmail.com • Mob: +91 9136121073

# ભૂખ્યાને ભોજન યોજના

**કાયમી દાતાશ્રી : ADV. શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ તુરખીયા**

## !!! અન્નદાન એ જ શ્રેષ્ઠદાન !!!

છેલ્લા ત્રણ વર્ષથી દિન પ્રતિદિન મોંઘવારીના હિસાબે દરિદ્રનારાયણની સંખ્યા વધતી જાય છે. સમૃધ્ધ, સુખી, સાધન સંપન્ન આપણા દરેક પરિવારોને નમ્ર વિનંતી છે કે આપ આપની શક્તિને ગોપનીય રાખ્યા વગર આપ આપણી કોઈપણ યોજનામાં વિના સંકોચે લાભ લેવા વિનંતી.

યાદ રાખજો, તમારા બધાની ઉત્તમ દાન રાશીથી, ઉત્તમ ભાવનાથી, ઉચ્ચ ધાર્મિક સંસ્કારથી, જૈન દર્શન પ્રમાણે ઉત્તમ જીવન જીવવાની શૈલીથી, સદ્ગુણોના લીધે તમો પ્રેરણા સ્તોત્ર બની રહયો છે. જેનાથી અમોને ખૂબજ આનંદ થાય છે. આવો મિત્રો, આપણે સૌ સાથે મળીને દરિદ્રનારાયણના આંખમાંથી નિકળતા અશ્રુને રોકવા નિમિત્ત માત્ર બનીયે અને એમને ભરપેટ ભોજન મળે એવા પ્રયત્નોમાં ભાગીદાર બનીએ જેનાથી આપણુ જીવન સાર્થક બને, સદ્ભાગી બને.

<u>**વિના સહકાર - નહીં નધ્ધાર**</u> : જીવનમાં જવ્વલેજ મળતી આવી સુવર્ણ તકને આપણે સૌ સહર્ષ વધાવી લઈએ. આનો વધુમાં વધુ પ્રચાર કરીને ધર્મની દલાલીમાં ભાગીદાર બનીએ.

મિત્રો, છેલ્લા ત્રણ વર્ષથી એક સુંદર વિચાર આવ્યો કે દરિદ્રનારાયણને સુંદર - સાત્વિક - સ્વાદિષ્ટ જૈન ભરપેટ ભોજન આપીએ તો અનંતાભવની પુણ્યરાશિ બંધાય...

અમોને જણાવતા આનંદ - હર્ષ થાય છે કે આ સુંદર યોજનાને દિન પ્રતિદિન સુંદર પ્રતિસાદ મળી રહયો છે અને દાનનો પ્રવાહ પણ ચાલુ છે. આ યોજનાના કાયમી દાતાશ્રી તરીકે **ADV. શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ તુરખીયા**એ લાભ લીધો છે. એમના સુંદર પ્રતિસાદની જેટલી અનુમોદના કરીએ એટલી ઓછી છે. પ્રિયાબેન એટલે જીવદયાના પ્રખર હિમાયતી, સજજનતા, સરળતા, શાલીનતા, કરૂણાથી ભરેલા દાનનો મહાસાગર, આ યોજનાની વિશેષતા એ છે કે નાનો માણસ પણ લાભ લઈ શકે છે. **તા. ૧-૭-૨૦૨૪** થી શરૂ થનારી દૈનિક યોજનામાં રોજ સાત્વિક જૈન ભોજન, તિથિએ શાકને બદલે કઠોળ આપવામાં આવશે.

### સંપૂર્ણ ભોજન

રૂા. ૧૫૦૦૦/- ની દાન રાશી નોંધાવવાથી એક વખતના લાભાર્થી બની શકો છો જેમાં રોટલી / પરાઠા, શાક / કઠોળ, દાળ - ભાત, મીઠાઈ અને પાણીની બોટલ આપવામાં આવશે અને લાભાર્થી પરિવારના ફોટા સાથેનું બેનર લગાડવામાં આવશે. જેથી અન્યને અનુમોદના કરવાનો પ્રેરણા સ્તોત્ર બની રહેશે.

### મીઠાઈના દાતાશ્રી

રૂા. ૩૦૦૦/- નું અનુદાન નોંધાવવાથી આપના તરફથી એક ટંકની મીઠાઈ આપવામાં આવશે. જેથી નાના નાના દાતાશ્રીઓ વિના સંકોચે લાભ લઈ શકે છે.

આપના ઘરે :

**સી.વી.શાહ - ચેરમેન**

**ગરીબોની આતરડી ઠારવાનો અનેરો અવસર**

**જનરેશન ગેપ ?**

સાસુ-વહુ વચ્ચે,
બાપ-દિકરા વચ્ચે,
મા-દિકરી વચ્ચે તો
સમજ્યા, પણ
પતિ-પત્ની વચ્ચે ક્યાં છે
જનરેશન ગેપ ?
તો કેમ નથી બનતું ??

- પૂ.આ.શ્રુતિવજયરત્નસુંદર સૂરીસ્વરજી મ.સા.


Hasmukh Sheth 98208 58125 Tel. : 2614 8864
Chetan Sheth 98201 44214 Tel.26125440

**M.K. ENTERPRISES**

*Distributors :*
Polo Kitchenware
Polo Thermoware
All Time Houseware Item
Gift Articles

1, Amrat Apartment,
Bajaj Road,
Nr. Railway Station,
Vile Parle (W),
Mumbai - 400 056.

**Bharat Vora** Tel. : 2887 5089
Resi. : 2884 11 66



**VORA ESTATE AGENT**

• OFFICE • SHOPS • FLATS
• RENTALS • INDUSTRIAL GALA

Shop No. 3, Sushila Smruti, Opp. Ruby Products, Ashok Chakravarti Road, Plot A, Kandivali (E), Mumbai - 400 101.
M.: 9322916069 / 9773360356

**એવરગ્રીન કોર્પોરેશન**
**Evergreen Corporation**
હાર્ડવેર અને ટુલ્સના વેપારી
૨૪, ફીદા મેન્સન,
ઉજે માળે, બીબીજાન સ્ટ્રીટ,
મુંબઈ - ૪૦૦ ૦૦૩.

-: ઓફિસ :-
Contact No.
**022 - 40021946 / 23443591**
E-mail : evergren@rediffmail.com
lalit46@gmail.com

**કાયમી સંપર્ક: નવકાર ફુડ પાર્સલ પોઈન્ટ**
**સુકેતુભાઈ (જોરાવરનગર)**

**મો.૯૦૯૯૯ ૨૨૫૮૯ /૯૦૯૯૯ ૨૨૪૨૬**

**ફોન: (૦૨૭૫૨) ૨૨૨૫૮૯**

મુંબઈ થી બોટાદ પાલીતાણા અને ભાવનગર જતા જૈન યાત્રીકો માટે પ્યોર જૈન ત્થા મુંબઈથી ગીરનાર જતા યાત્રીકો માટે

## નવકારશીની વ્યવસ્થા (ચા-દૂધ-નાસ્તો)

**(ગ્રુપ બુકીંગ પણ કરવામાં આવે છે.) ઉકાળેલા પાણીની વ્યવસ્થા ઉપલબ્ધ છે.અમારે ત્યાં દરેક નાસ્તા શુધ્ધ - સાત્વીક - પ્યોર જૈન ફુડ મળશે અને તમારા ઓર્ડર મુજબ ગરમ નાસ્તો બનાવી આપીશું**

સૌરાષ્ટ્ર જનતા - સૌરાષ્ટ્ર મેલમાં રાજકોટ - વાંકાનેર - સુરેન્દ્ર નગર થી મુંબઈ જતા યાત્રીકો માટે અગાઉ બુકીંગ કરાવવાથી જૈન ભોજનની વ્યવસ્થા સુરેન્દ્રનગરમાં ઉપલ્બધ છે.

વોટ્સઅપ : ચિરાગ મો.૯૮૭૯૨૭૭૯૭૩,
સુકેતુ મો.૯૩૭૪૬ ૭૮૯૧૦

સુરેન્દ્રનગર ગેટ સ્ટેશને જમવાનું મળશે.

---

Rajesh : 98243 43499
Dhruvin : 90334 82510

**Jai Jinendra**

(O) : 0265 - 2422411
98250 42266

## SULSA TRAVELS

CONTACT FOR SAFE AND COMFORTABLE JOURNEY

HONDA CITY, SWIFT DZIRE, INNOVA, INDICA, INDIGO, TAVERA, ENJOY, WINGER, TEMPO TRAVELLER, MINI BUS, LUXURY BUS

All Vehicles Available in A/C & NON A/C



E-MAIL : sulsatravels@gmail.com

Opp. Lalji Kui Masjid, Nagarwada, Vadodara

---



Rajesh Shah
+91 - 9820518767

Nimit Shah
+91 - 8976179249



MARKO™
Write with pride...

## NILRAJ ENTERPRISES

★ MFG OF - Ball Pens & Roller Ball Pens ★

★ CONTACT US ★

13, Old Guest House, Bhadran Nagar Road No.2,
S. V. Road, Malad (West), Mumbai - 400064.
E-Mail : nilrajpens@gmail.com / nimits350@gmail.com
✆ - 022 - 28070424
Website : www.markopens.com

---

Manufacturing of:
Roller Pen, Ball Pen
& Corporate Gifting

## I. B. Shah
ENTERPRISE

C-5-3, Bhadran Nagar,
Near N. L. High School,
S. V. Road, Malad West,
Mumbai: 400 064.

Nilesh Shah
+91-9820827512
ibshahent@yahoo.com

---

SINCE 1991

## Vision OPTICS

**Opticals & Contact Lenses**

9, Laxmi Palace,
60 Feet Road, Ghatkopar (East),
Mumbai - 400 077.
91-22-2501 6161
93235 29352
visionoptics1991@gmail.com

1 & 2 , Vaibhav Residency,
Plot No. NDR 22 , Tilaknagar,
Chembur (West) , Mumbai-400089.
91-22-2528 6161
99309 29352
visionopticschembur@gmail.com

follow us on :

---

Estd.-1931

## J. LALDAS & Company

507, Maulana Azad Road, Near Gol Deval Temple,
Mumbai - 40 004. Tel.: 2346 2023 / 2347 0259

33/C, Laxmi Industrial Estate, New Link Road, Andheri (West),
Mumbai - 400 053. Tele Fax : 2636 6896 / 4003 9177
Email : jlaldas@gmail.com, jlaldas_co@hotmail.com

Jaquar experience bathing | Artize craftsmanship in water | Jaquar WATER HEATERS | CISTERNS

---

## NEW MAHAVIR TRAVELS

Available Rental Car / Taxi in Surendranagar

Innova - Ertiga - Swift Desire

Tempo Traveller - EECO

*Available at Discounted Price*

*Contact :*

Gautambhai Kothari - **9898166768**

Darshanbhai - **8780028856**

## સરકારી યોજના

**મહારાષ્ટ્ર રાજ્યમાં રહેતી દરેક માતા, બહેન દિકરીઓને આર્થિક રીતે સક્ષમ કરવા માટે મહારાષ્ટ્ર સરકાર દ્વારા**

## મુખ્યમંત્રી મારી પ્રિય બહેન યોજના

**ની જાહેરાત કરવામાં આવી છે જેની અંતગર્ત**

**મહિલાઓની આર્થિક સક્ષમતા માટે દર મહિને ૧૫૦૦ રૂપિયા મળશે.**

**આ યોજના નીચે જણાવેલ વેબસાઈટની લિંક ઉપર જોઈ શકાશે**

### ઉપરોક્ત યોજનાનો લાભ લેવાની પાત્રતા

- અરજ કરતાની ઉંમર ૨૧ થી ૬૦ વર્ષની વચ્ચે હોવી જોઈએ
- અરજ કરતા પરિવારની વાર્ષિક આવક રૂ.૨.૫૦ લાખથી વધુ ન હોવી જોઈએ.
- અરજ કરતાનું પોતાનું બેંક ખાતું હોવું જરૂરી છે અને તે એકાઉન્ટ આધાર કાર્ડ સાથે લિંક કરેલ હોવું જરૂરી છે
- ૬૦ વર્ષથી વધુ ઉંમરની વ્યક્તિ આ યોજના માટે અપાત્ર છે

### નીચે મુજબની વ્યક્તિ આ યોજનાનો લાભ લઈ શકશે નહીં

- જેની આવક ૨.૫૦ લાખથી વધુ છે
- જો કોઈ ઘરમાં ટેક્સ ભરતો હોય
- જો પરિવાર પાસે ૫ એકરથી વધુ જમીન હોય
- જો પરિવારના સભ્યો પાસે ૪ વ્હીલર હોય (ટ્રેક્ટર સિવાય)
- જો પરિવારમાં કોઈ સરકારી નોકરી કે પેન્શન લેતું હોય

**જરૂરી દસ્તાવેજો** આધાર કાર્ડ, રેશન કાર્ડ, આવકનો દાખલો (ઈન્કમ સર્ટિફિકેટ), રહેઠાણનો પુરાવો, બેંક પાસબુક, ફોટો.

તમારા નજીકના ઈ સેવા કેન્દ્રનું લિસ્ટ આપેલ લિંક પર જોઈ શકાય છે
https://www.mahaonline.gov.in/VLEList/VleListData

ઈ સેવા કેન્દ્ર પર ઉપરોક્ત જરૂરી પુરાવા સાથે લઈ જઈને અરજી કરી શકાય છે

**વધુ વિગત માટે સંપર્ક : મો.: ૯૮૬૯૦૪૦૧૫૦**
**સમય : સવારે ૧૧.૦૦ થી સાંજે ૫.૦૦ સુધી**

**યોજના માટેની અરજીઓ પોર્ટલ/મોબાઈલ એપ/સેતુ સુવિધા કેન્દ્ર દ્વારા ઓનલાઈન ભરી શકાય છે**

**શ્રી ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ**

ઝાલાવાડી સમાજ પરિવારના સંતાનોને હાયર એજ્યુકેશન - માસ્ટર્સ ડીગ્રી કોર્સ જેમ કે M.S., M.B.A., M.Com., M.Sc., C.A., ભારત માં કે USA / UK માં કરવાની ઈચ્છા હોય તો આપણાં ટ્રસ્ટ દ્વારા નાણાકીય લોન દ્વારા સહાય કરવામાં આવે છે.

**Website : www.zalawadglobaleducation.org**

**અથવા**

**કિરણભાઈ શાહ - ૯૮૨૧૦૫૨૭૦૫**

(સાંજના ૫ થી ૭ દરમ્યાન જ) સંપર્ક કરશો.

---

**Pradeep Shah** - 97695 36312 / 99693 88114

# Anmol Electricals

***Dealers in:*** **All kinds of Electricals Goods & LED Lights & Panels**

***Stockist of :*** **Accessories of Anchor, elle, elleys', GM Hifi Modular Range. Fancy LED Lights & LED Panels**

Shop No. 103, Gr. Floor, Govind Nivas, 99 -103, Lohar Chawl, Mumbai - 400 002.

Tel : 22065215 / 39567162 ◆ Tele Fax : 30037162


**Email :** anmolelectricals162@gmail.com

---

જય બહુચરાજ મો.:૯૮૨૦૨ ૮૪૧૧૫

શ્રી કમળમાતાય નમઃ ૯૯૮૭૫ ૮૪૧૧૫

## શાસ્ત્રી રવીભાઈ જી. જોષી



ઝાલાવાડના ગોર

વાસ્તુ-નવચંડી-ગ્રહશાંતિ-હવન-કાલસર્પ પૂજા તથા નારાયણબલી સત્યનારાયણ પૂજા, રાંદલ પૂજા, જૈન લગ્નવિધી પ્રમાણે તથા જન્મકુંડલી, ધાર્મિક વિધીઓ વગેરે

**એ/૩૦૨, બી/૪૦૨, સુશીલ કો.ઓ.હા.સો.લિ., શિતલ નગર, ચિલ્ડ્રન્સ એકેડમી સ્કુલની સામે, અશોક ચક્રવર્તી ક્રોસ રોડ, દામોદરવાડી પાસે, કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૧૦૧.**

---

***Bhavin Shah*** ***Jaymin Shah*** ***Rohan Shah***

## GAUTAM STEEL INDUSTRIES

***Mfg. and Stockist in :-***

**S.S., M.S., Brass, High Tensils Bolt, Nut, Washer, Spring Washer, C.S.K, Allen Cap, Grub, Stud, Rivet, Coach Screw, Cotter Pin, Wing Nut, Nylone Nut, Lock Nut etc.**

131, Narayan Dhuru Street, G.Floor, Pydhonie, Mumbai - 400 003.

Phones : (O) 2341 5814 / 2342 4025 / 2343 4014 (R) 2885 0621 / 28017611

♦ ♦ ♦

Gala No. 4/7, Janki Indl. Estate, Plot No.10/B, Near K.T.Indl. Park Gorai Pada, Vasai (E), Thane - 401 208

Email : gautamsteelind2@gmail.com

---

# ફક્ત જૈન મેનુ

**કાશ્મીર** **દાર્જીલીંગ**

**હીમાચલ** **સાઉથ**

**લેહ** **નૈનીતાલ**

**કેરાલા** **સીમલા**

**શ્રી સમેતશિખરજી મહાયાત્રા**

**48-66 કલ્યાણક ભુમીયાત્રા**

**અભય નવીનભાઈ શાહ**

**ગુરૂકૃપા ટ્રાવેલ્સ**

**અશોક નગર, કાંદિવલી (ઈ), મુંબઈ**

**93244 08369 / 95942 86900**

---

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ - મુંબઈ**

**ઝાલાવાડ જૈન દર્શન માસિક પત્રિકા**

**-: જાહેરખબરના દર :-**

| | |
|---|---|
| છેલ્લુ કવર પેઇજ (આર્ટ પેપર) ફોરકલર એક વખતના | રૂા.૮૦૦૦/- |
| અંદરના કવર પેઇજ નં. ૨ તથા ૩ (આર્ટ પેપર) એક વખતના | રૂા.૭૦૦૦/- |
| કલર પ્રીન્ટીંગ - એક ફુલ પેઇજ - એક વખત | રૂા.૫૫૦૦/- |
| કલર પ્રીન્ટીંગ - અડધા પેઇજ - એક વખત | રૂા.૨૮૦૦/- |
| અંદરનું સાદુ પેઇજ સીંગલ કલર ફુલ પેઇજ એક વખતના | રૂા.૩૦૦૦/- |
| અંદરનું સાદુ પેઇજ સીંગલ કલર હાફ પેઇજ એક વખતના | રૂા.૧૮૦૦/- |
| અંદરનું સાદુ પેઇજ સીંગલ કલર ક્વૉટર પેઇજ એક વખતના | રૂા.૧૦૦૦/- |
| અંદરનું સાદુ પેઇજ સીંગલ કલર ૧/૩ પેઇજ એક વખતના | રૂા.૧૨૦૦/- |
| એક યુનિટ એક વખતના | રૂા.૬૦૦/- |
| એક યુનિટ એક વર્ષનાં (૧૨ અંક) | રૂા.૨૦૦૦/- |
| બે યુનિટ એક વખતના | રૂા.૫૦૦/- |
| બે યુનિટ એક વર્ષનાં (૧૨ અંક) | રૂા.૪૮૦૦/- |

# શ્રી બરવાળા (ઘેલાશાહ) તાલુકા મિત્ર મંડળ - મુંબઈ

વતન શ્રી બરવાળા (ઘેલાશાહ) અને તાલુકાના છે. મુંબઈ વસતા પરિવારોનો તાજેતરમાં વાર્ષિકોત્સવનો સુંદર કાર્યક્રમ ગીત-સંગીત અમે હાસ્યની મહેફીલ તથા તેજસ્વી વિદ્યાર્થીઓનું બહુમાન સાથે વતન બરવાળા અને આજબાજુના રહેતા વૃધ્ધ પતિ-પત્ની અને એકલા રહેતા સભ્યોને ટીફીન યોજના માટે માતબર રકમનું દાન એકત્રિત કરવામાં આવેલ. તા.૨૩-૬-૨૪ને રવિવારના રોજ સૌરાષ્ટ્ર પટેલ સમાજના બેંકવેટ હોલ બોરીવલી ઈસ્ટ ખાતે યોજવામાં આવેલ હતો.

બપોરની પ્રસન્નતા સાથે ૨.૩૦ કલાકે આસપાસ મિત્ર મંડળના સભ્ય પરિવારજનો પધારી રહ્યા હતા. સૌના આગમન અને મળવાનો ઉત્સાહ સાથે આનંદથી એક સુંદર વાતાવરણનો માહોલ જામેલ હતો. મિત્ર મંડળ કમિટીનાં સભ્યો સર્વ શ્રી અલ્પેશ ગાંધી, શ્રી હાર્દિક મહેતા, શ્રી પ્રકાશ મહેતા, શ્રી નરેશ વઘાશીયા, શ્રી પરેશ મહેતા, શ્રી ભવાન ગઢીયા, શ્રી તુષાર ગાંધી, શ્રી નરેશભાઈ (નાવડા), શ્રી હર્ષાબેન મિયાણી, શ્રી મનોજ શાહ, હોલ ઉપર સર્વેને મીઠો આવકાર આપી ઉમદા ભાવભીનું સ્વાગત કરી અલ્પાહાર માટે આમંત્રીત કરી શુભારંભ કરેલ.

શ્રી બરવાળા (ઘેલાશાહ) તાલુકા મિત્ર મંડળની સ્થાપના : ૨૦૧૩માં કરવામાં આવેલ. આ સર્વજ્ઞાતીય મિત્ર મંડળના પ્રણેતા અને પાયાના પથ્થર કહી શકાય એવા શ્રેષ્ઠીવર્ય શ્રી કિરીટભાઈ વૃજલાલ પોપટલાલ બાબરીયા પરિવારે વાર્ષિક કાર્યક્રમનાં કાયમી દાતા તરીકે તથા શ્રેષ્ઠીવર્ય શ્રી વજુભાઈ મણીલાલ શાહ (નાવડા) અને કાયમી સહાયક દાતા સર્વ શ્રી તુલશીભાઈ રામજીભાઈ મોનપરા, શ્રી હરેશભાઈ મોહનભાઈ સાકરીયા અને શ્રી શશીકાંતભાઈ છોટાલાલ ભાયાણી આર્થિક યોગદાન દ્વારા જોડાયેલા છે.

નાત-જાતના ભેદભાવ વગર બરવાળાના અને તાલુકાના મુંબઈમાં વસતા વતન પ્રેમીઓના આ કાર્યક્રમમાં અંદાજે ૮૦૦ થી પણ વધારે સભ્યો ઉપસ્થિત રહી વર્ષમાં એકવાર થતો હળવા-મળવાના કાર્યક્રમને ભરપૂર માણ્યો હતો. હાલમાં શ્રી વ્રજલાલ મણીલાલ શાહ - પ્રમુખ, શ્રી તળશીભાઈ મોનપરા (નાવડાવાળા) - ઉપપ્રમુખ, શ્રી જયંતભાઈ શાહ - મંત્રી તરીકે સેવા આપી રહ્યા છે. વતનના મહાનુભાવોમાં ટ્રસ્ટી તરીકે શ્રી મિતેશભાઈ (વીકીભાઈ), કિરીટભાઈ બાબરીયા, શશીકાંત ભલાણી, અભયભાઈ પારેખ, હરેશભાઈ સાકરીયા, શ્રી રાજેશભાઈ વઘાસીયા આ બધા સંચાલકોના અથાગ પ્રયત્નોથી મિત્ર મંડળના બાર વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ થયા છે. આ પ્રસંગે મિત્ર મંડળના આમંત્રણને માન આપી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ - મુંબઈ મંત્રી શ્રી મુકેશભાઈ શાહ તથા ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.મંડળ - બોરીવલીના ટ્રસ્ટી શ્રી અનીલ ટોલીયા ઉપસ્થિત રહ્યા હતા. તેમનું ઉમદા બહુમાન શ્રી અલ્પેશભાઈ ગાંધી, શ્રી મિતેશભાઈ બાબરીયા અને હાર્દિકભાઈ મહેતાએ કરેલ હતું.

સંગીતકાર શ્રી મિલનનું સ્ટેજ સંચાલન અને ગીત-સંગીત અને હાસ્યની હેલી દ્વારા દરેકે મનોરંજન માણ્યુ હતું. ગરબા અને ભાંગડાના તાલે સૌ કોઈ આનંદવિભોર બની નૃત્ય દ્વારા સૌ આનંદિત થયા હતા.

સ્વાદિષ્ટ અને સ્વરૂચી ભોજનને ન્યાય આપી આજના આનંદની યાદોને વાગોળતા સૌ ફરી મળવાનું નક્કી કરી સ્વગૃહ પ્રયાણ કરેલ.

ટીફીન યોજનામાં નીચે મુજબ દાતાશ્રી, અગ્રગણીયોએ આર્થિક યોગદાન આપી મજબૂત કરેલ છે.

શ્રી સદસેવા ટ્રસ્ટમાં કાયમી નિભાવ માટે દાતાશ્રીઓ તરફથી મળેલ અમૂલ્ય દાન નો વરસાદ .

૧ ) ૩૧ લાખ શ્રી કિરીટભાઈ વૃજલાલ બાબરીયા પરિવાર.
૨ ) ૨૧ લાખ શ્રી વજુભાઈ મણીલાલ શાહ પરિવાર (નાવડાવાળા)
૩ ) ૫ લાખ શ્રી ઓધવજીભાઈ રામજીભાઈ મોણપરા પરિવાર.
૪ ) ૫ લાખ શ્રી અભયભાઈ મનસુખલાલ પારેખ પરિવાર
૫ ) ૫ લાખ શ્રી અભયભાઈ મનસુખલાલ પારેખ પરિવાર
૬ ) ૫ લાખ શ્રી શશીકાંતભાઈ છોટાલાલ ભલાણી
૭ ) ૫ લાખ શ્રી જયંતભાઈ હિંમતલાલ શાહ
૮ ) ૧,૧૧,૧૧૧/- સ્વ શાંતાબેન નારણદાસ વિરડીયા
૯ ) ૧ લાખ શ્રી જયંતીલાલ કેશવલાલ પારેખ.
૧૦) ૧,૧૧,૦૦૦/- શ્રી મધુબેન શાંતીલાલ ભલાણી
૧૧) ૩૧,૦૦૦/- શ્રી અલકાબેન ભરતભાઈ બેલાણી
૧૨) ૩૦,૦૦૦/- શ્રી હેતલકુમાર મહેન્દ્રભાઈ ડેલીવાળા
૧૩) ૩૦,૦૦૦/- શ્રી અશ્વિનભાઈ મનસુખલાલ શાહ
૧૪) ૩૦,૦૦૦/- શ્રી માણેકલાલ મોહનલાલ મિયાણી
૧૫) ૩૦,૦૦૦/- શ્રી નંદલાલભાઈ પરશોતમદાસ શાહ
૧૬) ૧૧,૦૦૦/- શ્રી શાંતીલાલ મોહનલાલ પારેખ.
૧૭) ૧૧,૦૦૦/- શ્રી જેઠાભાઈ ગોવિંદભાઈ બામાણી
૧૮) ૧૫,૦૦૦/- શ્રી નિરૂબેન દિનેશચંદ્ર શાહ
૧૯) ૫,૦૦૦/- શ્રી સમતાબેન ત્રિભોવનદાસ નાવડીયા

**કુલ ૮૨,૧૫,૦૦૦ = ૦૦**

Dhimant Shah
+91 90295 21575

Er. Aakash Shah
B.E Automobile, A.D.A.M., C.D.E. (Mercedes Benz)
+91 89766 69545

AUTO WORLD®
Complete Car Solutions

Mobile Van: Nisarg Heaven CHSL, Pawandham Lane, Mahavir Nagar, Kandivali (W), Mumbai - 67.
+91 93242 06784 / +91 89766 33099
*Now also at Borivali*
WORKSHOP : Ahead of BPCL Petrolpump, Now Link Road, I. C. Colony, Borivali (W), Mumbai - 103
+91 9321463225

- CAR REPAIR & SERVICES
- CAR PARTS & ACCESSORIES
- CAR SCANNING
- CAR DIAGNOSTIC CENTER
- INSURANCE & RTO CONSULTANTS
- CASHLESS INSURANCE CLAIMS **
- INTERIOR CLEANING & POLISHING
- CAR A/C. INSTALLATION & REPAIR
- FREE PICKUP & DROP SERVICE AVAILABLE
- COMPUTERISED KEY MAKING
- TIRE & BATTERIES
- DENTING & PAINTING
- CAR MODIFICATION
- NEW CAR BOOKING
- PRE OWNED CARS
- CAR FINANCE
- TOWING SERVICE AVAILABLE

SPECIALIZED IN PREMIUM CAR REPAIRS
Special Discount on labour for Members upto 20%*
customer.autoworld@gmail.com www.autoworldindia.in

Vinubhai Shantilal Mehta
**SHANTILAL & SONS**
**HARDWARE MERCHANTS**
90, Sarang Street, 1st Floor,
Mumbai - 400 003.
**Tel. (O) : 2342 1045, 2341 3195**
**(R) : 2882 2309, 2881 1310**
**(M) : 98213 40074**

**ANANT ENTERPRISES**
Office : G-1, Neo Corporate Plaza, Kach Pada,
Opp. Kapol Banquet Hall, Malad (W), Mumbai - 400064.
Tel.: 28824783/28442368 Email : anantenterprises3@gmail.com
: Authorised Agent :
*Greatwhite* Electricals
PETRA, FIANA & MYRAH MODULARS
WIRES & CABLES, MCB'S, LIGHTING & LED PANELS
PVC TAPE, CONDUITE PIPES & CEILING FANS
AJIT M. SHAH SAMIR A. SHAH

SALONI INVESTMENTS
Plan-Invest-Grow
Email: saloniinvestments@gmail.com
Financial solutions under one roof
OUR SERVICES: Tax / Insurance / Financial Planning, Corpus Creation Wealth Management
OUR PRODUCTS: Bonds Fixed Deposit Mutual Fund Property Investment, Insurance : Health | Life | General
Insurance → Health: Manipal Cigna, care, TATA AIG, ICICI Lombard
General: TATA AIG, ICICI Lombard
Life: AVIVA, HDFC Life, LIC, TATA AIA LIFE, ageas FEDERAL, BAJAJ Allianz
Property Investment: LODHA PREFFERED PARTNER
Bonds: Corporate NCDs, Government Securities
Fixed Deposits: BAJAJ FINSERV, pnb Housing, SHRIRAM
Mutual Funds Sahi Hai: CANARA ROBECO, Invesco Mutual Fund, kotak Mutual Fund, TATA MUTUAL FUND, MIRAE ASSET, PPFAS MUTUAL FUND, Mahindra MUTUAL FUND

INDIA ELECTRIC CORPORATION
Email: indiaelectriccorporation@gmail.com
Distributor of : VGYAAN
Interactive Panel
HT Series - [IFP Board]


Size: 65" | 75" | 85" | 98"
- Dual OS • High Efficient Video Content • Split Screen
- 4K Resolution • Screen Mirroring • Interactive Presentation

Classroom DESK
(Single / Double / Triple Seater)
GeM
Podium
Audio / Metallic Digital


KUNJIS Solutions
Resolve to Evolve
Email: kunjissolutions@gmail.com
Graphic Designing :
Logos / Brochures / Pamphlets / Invitations
Automation Web Development
Software Development

ELECTRICAL TRADERS (ESTD 1958)
Dealers - Distributors - Marketing Consultant
Automations | Instrumentations | Electricals | Electronics
Mktg Office : #7, Gr Flr, Shanti Nivas, C P Road, Kandivali East, Mumbai - 400 101. BHARAT
Tel.: +91-22-4825 6418 - Mbl: +91 93210 38806
Head Office : #4, Gr Flr, 38/42, Popatwadi, Kalbadevi Road, Marine Lines East, Mumbai - 400 002. BHARAT
Tel.: +91-22-49763049 - Mbl: +91 98211 26404

## વઢવાણની વિરલ વિભૂતિ



**નજીકનાં ભૂતકાળની ભવ્યકથા**

**ઋણાનુબંધ**

આચાર્ય વિજય ઉદયરત્ન સૂરિ મ.સા. વઢવાણની પાતળી કેડ પર જાણે સુવર્ણનો કંદોરો હોય તેવી ભોગાવો નદી ખળખળ વહી રહી છે. નદીનાં કાંઠે મહાવીર સ્વામી ભગવાનનું નાનકડું મંદિર પાણીમાં પગ પખાળે છે.

વર્ધમાન સ્વામીનાં નામે ગામનું નામ વઢવાણ પડયું છે. એવી લોકોક્તિ તો ત્યાંનાં જળ-કલ્લોલોમાં વહી રહી છે. નદીના કિનારે બે ભાઈઓ બેઠા છે. મોટો ભાઈ આજે વઢવાણ આવ્યો છે. તે કહે છેઃ 'ભાઈ, તું દાન કર, કર્યા જ કર... હું કમાઈશ....'નાનો ભાઈ કહે છે : 'ભાઈ, ધંધો તમે જ સંભાળો છો. તમારી ઉદારતાના કારણે બધું શક્ય બને છે.'

'રતિભાઈ, ભાગ કદી છૂટો કરવાનો નથી, તારે ધંધો કરવાનો નથી. હું જે કમાઉં છું તે બધું તારા જ પુણ્યથી છે. માટે તું થાય એટલું દાન-ધરમ કર!'

વહેતી નદીના જળ પળભર થીજી ગયા. આવું તો એમણે કદીય સાંભળ્યું ન હતું. પણ વઢવાણના બે ભાઈઓનો કેવો પ્રેમ?

બહુ જૂના જમાનાની વાત નથી. આપણો અવાજ પહોંચી શકે એટલો નજીકનો ભૂતકાળ છે. શાંતિલાલ ને રતિલાલ... બે ભાઈ... જીવણ અબજીના દીકરા,.. માતાનું નામ અચીમા!

અચીમા પિયરથી વઢવાણ જવા ગાડામાં નીકળ્યાં હતાં ને બપોર ટાણું થયું.

ગાડાવાળાને કહેઃ 'જો ને ભાઈ, કોઈ અતિથિ મળે તો જમાડીને જમીએ.' ત્યાં તો ચાર ઘોડેસવાર દેખાયા. અચીમાએ સાદ દીધોઃ 'ઓ ભાઈ. આવો લો, રોટલો ખાઈને આગળ જજો!'

ઘોડેસવારો ઊતર્યા. અચીમા ડબ્બા ભરીને નીકળેલાં. ઘોડેસવારોને પ્રેમથી જમાડ્યા ને પોતે જમ્યાં. ઘોડેસવારોનો આગેવાન કહે, 'બહેન! સાવ નિર્જન મારગ છે. હાલો, વઢવાણના પાદર લગી મૂકવા આવું. તારો રોટલો ખાધો છે. વળી તે મને ભાઈ કીધો....

અચીમા ગદગદ થઈ ગયાંઃ 'તમે કોણ છો?'

ઘોડેસવાર કહેઃ 'બહેન,હું જોગીદાસ ખુમાણ! બહારવટિયો. પણ ! તારે માટે તો ભાઈ જ ! લે, ઝાઝું કંઈ નથી. આઠ આના વીર-પસલીમાં સ્વીકાર!'

આવા અચીમાના આ બે દીકરા - શાંતિભાઈ ને રતિભાઈ ! રતિલાલ ખૂબ દાન આપે. કોઈ દીન- દુઃખી તો ઠીક, ઢોર અને જાનવર પણ આ દયાળુ માનવીના હૈયાને સમજી શકતા.

એમણે ઇન્દોરના રાજાના ઘરડા ઘોડાને બચાવવા ઘોડાની જીવતી કબરમાં ભૂસકો મારેલો ને ઘોડાઓને જિંદગીભર સાચવવા પોતાની અશ્વશાળા ખોલેલી.

કૂતરાને મારી ન નાખે માટે ભારતની સર્વપ્રથમ કૂતરા પાંજરાપોળ ખોલેલી.

અમદાવાદ જગન્નાથ મંદિરના હાથીને થયેલું ગૂમડું મટાડવા દોઢ મહિના સુધી વઢવાણ પોતાના ઘરે સાચવેલો. રોજ ૧૦ મણ લીલા કૂણા ઘાસની પથારી હાથી માટે કરાતી.

ભોગાવો નદીમાં પાણી સુકાઈ જાય. ત્યારે માછલી મરી ન જાય માટે નાના હોજ બનાવીને માછલી બચાવતાં.

અત્યંત ધર્મચુસ્ત, નિરાડંબરી અને નિઃસ્પૃહ ઓલિયો જીવ. ધર્મનિષ્ઠ રતિભાઈ સાથેનો ભાગ છૂટો કરીને શાંતિભાઈ મુંબઈ ગયા ને ધંધામાં જબરી પછડાટ ખાધી.

મુંબઈથી જ ટ્રંકકોલ કરીને રતિભાઈને કહે : 'જો. ભાઈ આપણું બધું મજિયારું જ છે. ઘરે જઈને આખું કુટુંબ ભેગું જમે એવું કર!

રતિભાઈ કહેઃ 'ભાઈ, પણ હું કંઈ કમાતો નથી. મારો ભાગ હોય જ નહીં. બધું તમારું જ છે.'

શાંતિભાઈ કહેઃ 'તારા પુણ્યનું ખાઉં છું. બધું તારું જ છે.'

એક વાર રતિભાઈ સંઘની જાજમ પર બેઠેલા. પ્રતિષ્ઠાની બોલી બોલાતી હતી. એ જમાનામાં ૫૦ હજાર સુધી પહોંચેલી ને ગુરુમહારાજે રતિભાઈ સામે જોઈને કહ્યુંઃ 'બોલ રતિ! બોલ!'

રતિભાઈ ગુરુનું વચન ઠેલી શક્યા નહીં. કહેઃ '૫૧ હજાર!' ચડાવો આવી ગયો, પણ ગામમાં જયજયકાર ને કુટુંબમાં હાહાકાર થઈ ગયો.

શાંતિભાઈ મુંબઈથી દોડી આવ્યા, 'તારું ખસી ગયું છે? તારું-મારું ઘર- દુકાન ને ઝવેરાત વેચી દઈએ, તોય ૫૧ હજાર થાય તેમ નથી. ભરીશું શી રીતે?'

રતિભાઈ કંઈ બોલ્યા નહીં, શાંતિભાઈ ખિન્ન થઈને મુંબઈ પાછા ગયા. પહેલા જ વેપારમાં સાત લાખ કમાયા. વઢવાણ આવી રતિભાઈને કહેઃ 'રતિ! લાફો માર. તારી શ્રદ્ધાને સમજી ન શક્યો.'

પાલિતાણામાં ગિરિવિહાર ગળેલા પાણીથી બંધાવનાર રતિલાલ જીવણલાલ અને શાંતિલાલ જીવણલાલે પોતાના પિતાનું નામ અમર કરી દીધું.

મુંબઈ-માટુંગા સંઘનો ઉપાશ્રય આજેય જીવણ- અબજી જ્ઞાનમંદિરના નામે ખડો છે.

સાવ નજીકના ભૂતકાળની આ સાવ સાચી ઘટના વઢવાણના નદી કિનારાને બરાબર યાદ છે.

(દિવ્ય ભાસ્કરમાંથી સાભાર..)

સંકલનઃ-મીતા Jainam Jayati Shasanam

WhatsApp-8898336677

# મુળી નિવાસી શ્રી દલાશા કુટુંબ પરિવારની ષષ્ઠીપૂર્તિ ઉજવણીનો ઉમંગ અને ઉલ્લાસ ભર્યો, અદ્ભુત સ્નેહમિલન સમારંભ યોજાયો

મુળી નિવાસી શ્રી દલાશા કુટુંબ પરિવારની **ષષ્ઠીપૂર્તિની ઉજવણી** રૂપેનો **સ્નેહમિલન સમારંભ** તારીખ ૨ જૂન ૨૦૨૪ રવિવારની સવારે ખૂબ જ ઉમંગ - ઉત્સાહભર્યો શ્રી રવજી જીવરાજ ચંગડાઈવાલા હોલ, એસ. એન. ડી. ટી. કોલેજ, કિંગ્ઝ સર્કલ, માટુંગા ખાતે **શ્રીમતી સોહીણીબેન ગુણવંતલાલ કાંતિલાલ શાહ**નાં સૌજન્યથી યોજવામાં આવેલ હતો. કુટુંબ - પરિવાર, સમાજ માટે સંપ, સહકાર અને સદ્‌ભાવનાને સાકાર કરતી ઉમદા ભાવનાની પ્રતિતીનાં દર્શન આ કાર્યક્રમ સમારંભ થયા હતાં. આ દર્શન જ્યોતની પ્રજ્વલિતતા એટલે આવનાર સમયમાં જયારે કુટુંબો નાના થતા જશે ત્યારે આ પારિવારીક સંગઠનની જ્યોતનો ઉજાસ પ્રકાશ પૂંજ બની ઝળહળી ઉઠશે. કુટુંબો નાના અને ટૂકા થતા જતા આવા કુટુંબ - પારિવારીક સંગઠનો સંબંધોને હૂંફ આપવાનું માધ્યમ બની રહેશે.

સવારમાં પ્રસન્ન ચિત્તે સૌ પરિવારજનો ટ્રેડીશનલ પહેરવેશમાં પધારી રહયાં હતા. સવારનાં ચાહ - નાસ્તાની લહેજત માણવા સાથે એકબીજાને હળતા, મળતા અને વાર્તાલાપ કરતા સૌ કોઈ પરસ્પરનાં સંબંધોને તાજગી આપતા હતા. કુટુંબનાં સુરધન બાપજીની કૃપા પરિવાર ઉપર વરસી રહી છે, તેમનાં પ્રતીક રૂપે દિવાનાં દર્શન કરી કાર્યક્રમ માણવાની આતુરતાએ સૌ કોઈ હોલમાં પધારી પોતાના સ્થાને ગોઠવાઈ રહયાં હતા. આ સમારંભનાં સૌજન્ય દાતાશ્રીઓનો પરિવાર, દલાશા કુટુંબનાં પરિવારજનો, વડિલો, યુવાવર્ગ, બહારગામથી પધારેલા દલાશા કુટુંબનાં પરિવારો તેમજ ખાસ આમંત્રણ આપવામાં આવેલ બેન દિકરીઓ, જમાઈઓ, આમંત્રિત મહેમાનો વગેરેનાં આગમન સાથે સૌને આદરભાવથી આવકાર આપી, ઉમદા સ્વાગત સત્કાર કરવામાં આવેલ.

સૂર સંગીત ડાયરો સમી શરૂઆત લોકડાયરાનાં કલાકાર **શ્રી સુનીલ સોની અને તેઓનાં સાથી કલાકારો** દ્વારા પ્રસ્તુત ગુજરાતી રંગારંગ ગીત સંગીત મઢયા કાર્યક્રમથી ખૂબ જ શાનદાર રહી હતી. મુળી અને ઝાલાવાડની વિવિધતા સભર વાતોને કલાકારોએ વર્ણવી હતી. દરેક કલાકારોએ પોતાની આગવી ગાઈકીએ લોકગીતો, દુહા, છંદ, સંગીતની રમઝટ રજૂ કરતા સૌ કોઈનાં મન મોહી લીધા હતા. સૌ કોઈ ઝુમી ઉઠયા હતા. ગીત સંગીતનાં તાલે ઉપસ્થિત સૌ ગરબે ઘુમવા સાથે અંતરથી આનંદ માણેલ હતો. આ ગીત સંગીત મઢયા કાર્યક્રમથી મગ્ન બની સૌ કોઈ ખૂશી પામ્યા હતા.

તારીખ ૧૪ જૂન ૧૯૬૪માં વડિલ સ્વ. **શ્રી હરિલાલ હરજીવનદાસ શાહ**નાં અથાગ પરિશ્રમ તથા કુટુંબીજનોનાં સાથ સહકારથી શ્રી દલાશા કુટુંબ પરિવારનું સૌથી પહેલું ગેધેરીંગ...મીટીંગ...સ્નેહમિલન થયેલ હતું. ત્યારબાદ બીજા અન્ય સ્નેહમિલન થયા હતા.

આપણે આજે **૬૦ માં વર્ષે ડાયમંડ જ્યુબીલી**ની ઉજવણી કરીએ છીએ. તેમ જણાવતાં દલાશા પરિવારનાં ચેરીટેબલ ટ્રસ્ટનાં ટ્રસ્ટી તથા આજનાં સૌજન્યદાતા પરિવારનાં **શ્રી રાજીવભાઈ શાહે** પધારેલા સૌનું સ્વાગત કરવા સાથે અત્યારે અહીયા જોવા મળેલ કુટુંબનો પ્રેમ, ભાઈચારો હંમેશા માટે, કાયમ માટે બની રહે તેવી ભાવના તેઓએ ભાવી હતી.

મુંબઈમાં કુટુંબો - પરિવારો ઘણા બધા ભેગા થતા હશે પરંતુ છેલ્લા ૬૦ વર્ષથી અવિરતપણે ચાલીને જે રીતે આ પરિવારમાં બધા ભેગા થયેલ છે, તેનો શ્રેય દલાશા પરિવારને આપતા **શ્રી જયેન્દ્રભાઈ શાહે** દલાશા કુટુંબ પરિવારનાં વર્ષોનાં ઈતિહાસને વર્ણવતા શુભ ભાવના ભાવી હતી. આ દલાશા કુટુંબ પરિવારનો શરૂઆતથી લઈને આજ સુધીનો ઈતિહાસ, કાર્યો, આયોજનો, સંમેલનો, વડિલોની યાદોને સ્મરણતાં **એક PPT શ્રી જયેન્દ્રભાઈનાં માર્ગદર્શનથી** બનાવવામાં આવેલ, આ કાર્ય માટે દલાશા કુટુંબ પરિવારનાં બે દિકરાઓ **રૂપીન અને આશીષ**નાં સાથ - સહકારને બિરદાવવામાં આવેલ. આ **PPT**ને એલઈડી સ્ક્રીન ઉપર પાવર પ્રેઝન્ટેશન દ્વારા દર્શાવવામાં આવેલ.

આ પરિવારની ભાવી પેઢીને દલાશા કુટુંબ પરિવારની જાણકારી મળે તે હેતુસર **શ્રી જયેન્દ્રભાઈ શાહે** દલાશા કુટુંબ પરિવારની ચાર પુસ્તિકા અગાઉ બનાવેલ હતી. હાલ યુવાવર્ગની ખાસ માગણીને ધ્યાનમાં લઈને દલાશા કુટુંબ પરિવારની **પાંચમી પુસ્તિકા અંગ્રેજીમાં** બનાવેલ છે. આ પુસ્તિકાના સૌજન્યદાતા **સ્વ. નવનીતલાલ દુર્લભજી શાહ** પરિવારના **શ્રી રજનીભાઈ અને શ્રી શીરીષભાઈ** તથા **શ્રીમતી મધુબેન**નાં હસ્તે વિમોચન કરવામાં આવેલ.

શ્રી ઝાલાવાડ જૈન સંઘનાં પ્રમુખ **શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ** આ સમારંભમાં પધારેલ હતા. તેઓનું ઉમદા બહુમાન દલાશા પરિવાર તરફથી કરવામાં આવેલ. તેઓએ જણાવેલ કે છેલ્લા ૨૦ વર્ષમાં તેઓનાં પ્રમુખપદ દરમ્યાનનાં સમયમાં મને કોઈ કુટુંબ પરિવારનાં સમારંભમાં બોલાવ્યો હોય, તે આ મુળી દલાશા કુટુંબ પહેલ વહેલું છે. તેમજ તેઓએ **શ્રી જયેન્દ્રભાઈ અને શ્રીમતી ઈલાબેનનાં આજનાં દિવસે ૫૦ માં વર્ષનાં લગ્ન જીવન**ની ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવેલ હતી.

પરિવારનાં **સ્વ. રસિકલાલ કેશવલાલ શાહે** દલાશા પરિવારમાં આપેલ ઉત્કૃષ્ટ સેવાઓને બિરદાવવા સાથે તેમના પરિવારને

સન્માન પત્ર આપી બહુમાન કરવામાં આવેલ.

શ્રી દલાશા પરિવારનાં મુખ્ય સૂત્રધાર અને ચેરીટેબલ ટ્રસ્ટનાં ટ્રસ્ટી **શ્રી જયેન્દ્રભાઈ હરિલાલ શાહ**નાં માર્ગદર્શન, સંચાલન અને રાહબર નીચે દલાશા પરિવારનાં સુંદર કાર્યો અને પ્રોગ્રામોનાં સફળ આયોજનો થયા છે. તેઓનાં ઉત્કૃષ્ટ પ્રયાસોનાં ફળ સ્વરૂપ આ પરિવારજનો આજે ભેગા થઈ શકયા અને એક મજબૂત સંગઠન બનેલ છે. **શ્રી જયેન્દ્રભાઈ શાહ**ની ઉદાત ભાવનાઓ, સેવા કાર્યો અને પ્રવૃતિઓને બિરદાવતા દલાશા કુટુંબ પરિવાર તરફથી તેઓને **સન્માન પત્ર** અર્પણ કરી તેઓનું ઉત્કૃષ્ટ બહુમાન કરવામાં આવેલ. હવે પછીનાં સમારંભનાં સૌજન્ય દાતા તરીકે આ પરિવાર તરફથી સંમેલન યોજવામાં આવનાર છે. લગભગ છેલ્લા ૧૫ વર્ષથી **શ્રી જયેન્દ્રભાઈ શાહ** આ કુટુંબનાં બારોટને મળવાની તથા બારોટ દ્વારા લખાયેલ હસ્તપત્ર મેળવવાની કોશીશ કરતા હતા. તેમાં તેઓને સફળતા મળતા **કુટુંબનાં મુળ વડવા વિરમશા** (ઈ.સ. ૭૪૬) સાથે બીજા **૧૨ વડવાઓની** માહિતી પ્રાપ્ત થયેલ. જેનો અંગ્રેજી પુસ્તિકામાં સમાવેશ થયેલ છે. પરિવારનો નવો આંબો પણ બારોટ પાસે બનાવેલ હતો. પરિવારનાં ઉત્કર્ષ માટે **શ્રી જયેન્દ્રભાઈ** પ્રમોટર બની દલાશા પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાપના કરેલ હતી. છેલ્લા ૪૧ વર્ષથી તેઓ દલાશા પરિવારનું સુકાન સંભાળી રહયા છે.

યોગાનું યોગ આજનાં દિવસે **શ્રી જયેન્દ્રભાઈ અને શ્રીમતી ઈલાબેનનાં લગ્ન જીવનનાં ૫૦ માં વર્ષની ગોલ્ડન જ્યુબીલી મેરેજ એનીવર્સરી** હોવાથી સૌ તરફથી તેઓને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવવા સાથે કેક કટીંગ કરી ઉજવણી કરવામાં આવેલ. આ પ્રસંગની ખૂશાલીની શુભ ભાવનાએ  તેમના પરિવારનાં પુત્રો વિરલ, સિધ્ધાર્થ, દિકરી સોનલ જયેન્દ્ર શાહ, પુત્રવધુ નિશીતા તરફથી **રૂા. ૫૧,૦૦૦** દલાશા પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટને ભેટ આપવામાં આવેલ.

જેમનાં હૃદયમાં દલાશા પરિવાર તરફ સ્નેહભાવ છે અને કુટુંબનાં દરેક કાર્યોમાં તેમનાં આર્શીવાદ સાથે યોગદાન રહેલ છે. એવા દલાશા પરિવારનાં વડિલ **શ્રી ગુણવંતભાઈ કાંતિલાલ શાહે** હૃદયના ઉદ્‌ગારો સાથે જણાવેલ કે કુટુંબનાં સભ્યોની આટલી મોટી સંખ્યામાં હાજરી જોઈને તો મારી છાતી ગજગજ ફુલે છે. ખૂબ જ આનંદ અનુભવું છું. **શ્રી ગુણવંતલાલ કાંતિલાલ શાહ**નું ગત વર્ષનાં સ્નેહમિલન પ્રસંગે સન્માન પત્ર આપી બહુમાન કરવામાં આવેલ.

આજનાં સ્નેહમિલન સમારંભનાં સૌજન્ય દાતા તરીકે **શ્રીમતી સોહીણીબેન ગુણવંતલાલ કાંતિલાલ શાહ**નું પરિવાર સાથે ઉત્કૃષ્ટ બહુમાન કરવામાં આવેલ.

વિધાર્થી પારિતોષિકનાં સૌજન્ય દાતા **શ્રીમતી નલીનીબેન પ્રવિણચંદ્ર ચમનલાલ શાહ** તરફથી દર વર્ષની જેમ આ વર્ષે પણ પરિવારનાં તેજસ્વી વિધાર્થીઓને પારિતોષિક આપવામાં આવેલ. આ પરિવારનાં **શ્રી સંદિપભાઈ તથા ઉર્વીબેન**નું બહુમાન કરવામાં આવેલ.

**શ્રી હિરાભા લાઘુભા  (જકડીયા) પરિવાર**નાં **શ્રી વિરેનભાઈ ચંદુલાલ શાહ** જેઓ વાપી રહે છે. તેઓ આજનાં પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલ. તેઓએ **શ્રી જયેન્દ્રભાઈ શાહ** તથા **શ્રી હેમેન્દ્રભાઈ શાહ**નું શાલ ઓઢાડીને બહુમાન કરેલ. જકડીયા પરિવારનાં વડિલ **શ્રી મહાસુખભાઈ શાહે** (ભાવનગર) શુભેચ્છા સંદેશ પાઠવેલ.

મુખી કેળવણી મંડળ - મુળીનાં પ્રમુખ **શ્રી અમીતભાઈ ભરતભાઈ શાહ** જેઓ આમંત્રણને માન આપીને ખાસ પધાર્યા હતા. પરિવાર તરફથી તેઓનું ઉમદા બહુમાન કરવામાં આવેલ.

સ્વેચ્છાએ જવાબદારી સંભાળીને **PPT** બનાવવા સહયોગ આપવા બદલ ભાઈ **રૂપીન મુકેશભાઈ શાહ** તથા ભાઈ **આશિષ બીપીનભાઈ શાહ**નું પરિવાર તરફથી બહુમાન કરવામાં આવેલ.

આજના ષષ્ઠીપૂર્તિ સંમેલન પ્રસંગે પરિવારના વડીલ **શ્રી અનંતરાય શાંતિલાલ શાહ**ની પરિવાર તરફની લાગણી તથા તેમના તરફથી મોટી રકમનું અનુદાન જાહેર કરવામાં આવેલ. તેમનું પણ બહુમાન કરવાનું હતું પરંતુ તબિયતની અનુકુળતા ન હોવાને કારણે તેઓ ઉપસ્થિત રહી શક્યા નોતો. તેમનું બહુમાન તેમના નિવાસસ્થાને જઈ કરવામાં આવશે. દલાશા પરિવારને ભુતકાળમાં ઉત્કૃષ્ટ યોગદાન આપવા બદલ **સ્વ. ગુણવંતલાલ છોટાલાલ શાહ પરિવાર**, **સ્વ. ડો. બિપીનભાઈ છોટાલાલ શાહ પરિવાર** તથા **શ્રી ગુણવંતલાલ કાંતિલાલ શાહ પરિવાર**નું ઉચિત બહુમાન કરવામાં આવેલ.

દલાશા પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટને નીચે મુજબ ભેટ મળેલ છે.

**શ્રી સ્વ. નવનીતલાલ દુર્લભજી શાહ પરિવાર** તરફથી **રૂા. ૫ લાખ**,

**શ્રી સ્વ. ચમનલાલ દુર્લભજી શાહ પરિવાર** તરફથી **રૂા. ૫ લાખ**

**શ્રી રજનીભાઈ નવનીતલાલ શાહ** તરફથી **રૂા. ૧ લાખ**,

**શ્રીમતી કોકિલાબેન ડો. વિપીનભાઈ શાહ** તરફથી **રૂા. ૧ લાખ,**

**શ્રી જયેન્દ્રભાઈ હરિલાલ શાહ પરિવાર** તરફથી **રૂા. ૫૧,૦૦૦**

**શ્રી રસિકલાલ કેશવલાલ શાહ પરિવાર** તરફથી **રૂા. ૨૫,૦૦૦**

**શ્રી અમીત નવીનચંદ્ર શાહ** તરફથી **રૂા. ૨૫,૦૦૦**

**શ્રી પરેશ જમનાદાસ શાહ પરિવાર** તરફથી **રૂા. ૨૫,૦૦૦**

**શ્રી અશ્વીન શાંતિલાલ શાહ પરિવાર** તરફથી **રૂા. ૧૧,૧૧૧**

**શ્રી ચંદ્રકાન્ત કાંતિલાલ શાહ** તરફથી **રૂા. ૧૦,૦૦૦**

**શ્રી બાબુલાલ (પ્રભુભાઈ) કાનજીભાઈ શાહ પરિવાર** તરફથી **રૂા. ૫,૦૦૦**

**શ્રી રૂપા હિતેશ શાહ (જશવંતભાઈ હરિલાલ શાહની સુપુત્રી)** તરફથી **રૂા. ૫,૦૦૦**

**શ્રી બિપીનભાઈ શાંલિલ શાહ** તરફથી **રૂા. ૫,૦૦૦**

**શ્રી મહેન્દ્રભાઈ ભુદરશીભાઈ શાહ પરિવાર** તરફથી **રૂા. ૨,૦૦૦**

**શ્રીમતી જયશ્રીબેન ધર્મેન્દ્રભાઈ શાહ પરિવાર** તરફથી **રૂા. ૧૧૦૦** દરેક પરિવારોનો દલાશા કુટુંબે ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરેલ.

આ સફળ કાર્યક્રમને સફળ બનાવવા માટે ખાસ નવી યુથ કમીટી તથા તથા ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓએ આપેલ સાથ સહકાર બદલ દરેકનો આભાર વ્યકત કરવામાં આવેલ. ઝાલાવાડ જૈન દર્શન પત્રિકાનાં પૂર્વ સંપાદક **શ્રી ઉપેન્દ્રભાઈ શાહ** અમારા આમંત્રણને માન આપી પધાર્યા હતા. તેઓનાં સહકાર બદલ તેમનો આભાર વ્યક્ત કરવામાં આવેલ.

આ સફળ કાર્યક્રમનાં સમાપને આભાર વિધિ **શ્રી જયેન્દ્રભાઈ શાહે** કરી સૌનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરેલ હતો. સ્વાદિષ્ટ મનભાવન સ્વરૂચિ ભોજનને લાભ આપી સફળ કાર્યક્રમની સુખદ પળોને વાગોળતા સૌ છુટા પડયા હતા.

દલાશા પરિવાર તરફથી શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘને રૂા.૧૫૦૦/- કેળવણી સહાય, રૂા.૧૫૦૦/- સાધર્મિક સહાય તથા પત્રિકાને રૂા,૨૦૦૦/- ભેટ આપેલ છે.

**અહેવાલ :** જયેન્દ્રભાઈ શાહ **આલેખન :** ઉપેન્દ્રભાઈ શાહ

## શુભ વેવિશાળ.....

**શ્રી સંઘના આશીર્વાદ**

| | | વર પક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|---|
| ચિ. સોહમ ચિ. શ્રીયા | | | |
| શ્રી શૈલેશ નરોત્તમદાસ શાહ-સુ.નગર | સાધર્મિક | ૧૦૦૧ | ૧૦૦૧ |
| હાલ વિલેપાર્લાના સુપુત્ર | | | |
| શ્રી વિજય ધીરજલાલ શાહ - કોડાય (કચ્છ) | | | |
| હાલ સાંતાક્રુઝની સુપુત્રી | | | |
| ચિ. નિલય ચિ. ધ્રવી | | | |
| શ્રી કમલેશ વસંતલાલ શેઠ-મોટી પાનેલી | કેળવણી | ૫૦૧ | ૫૦૧ |
| હાલ ઘાટકોપરના સુપુત્ર | પત્રિકા | ૫૦૧ | ૫૦૧ |
| શ્રી મયંક પ્રબોધભાઈ શાહ-મુળી | સાધર્મિક | ૫૦૧ | ૫૦૧ |
| હાલ ઘાટકોપરની સુપુત્રી | | | |
| ચિ. નીલ ચિ. ધ્રુવી | | | |
| શ્રી કીર્તીભાઈ બાબુભાઈ વોરા - સુખપર | કેળવણી | ૨૫૧ | ૨૫૧ |
| હાલ મલાડના સુપુત્ર | જીવદયા | ૨૫૧ | ૨૫૧ |
| શ્રી કમલ જશુભાઈ વોરા - ઝીંઝુવાડા | સાધર્મિક | ૨૫૧ | ૨૫૧ |
| હાલ મલાડની સુપુત્રી | | | |

**વ્હાલાની વસમી વિદાય વેળાએ............**

**ભાવભરી શ્રધ્ધાંજલી જૂન ૨૦૨૪**

| નામ | મૂળ વતન | વિસ્તાર |
|---|---|---|
| શ્રીમતી ગુણવંતીબેન ત્રંબકલાલ શાહ | સુરેન્દ્રનગર | નાલાસોપારા |

**અન્ય ભેટ**

| | | વર પક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|---|
| શ્રીમતી મનિષાબેન વિકેશભાઈ શાહ | સાધર્મિક | ૫૦૦ | ૫૦૦ |
| હાલ ઘાટકોપરની સુપુત્રી | જીવદયા | ૫૦૦ | ૫૦૦ |
| ચિ.આયુષીના શુભ લગ્ન પ્રસંગે | | | |
| શ્રીમતી વર્ષાબેન રાજેશભાઈ ચભાડિયા | | | |
| હાલ ઘાટકોપરના સુપુત્ર | | | |
| ચિ.વિરાજના શુભ લગ્ન પ્રસંગે | | | |

**જન્મદિન ની શુભેચ્છા**

| | | |
|---|---|---|
| ટ્રસ્ટીશ્રી કિરીટભાઇ રતનશી શાહ | ૦૨ જુલાઇ | ૯૮૨૦૬૧૦૦૩૩ |
| શ્રી મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ | ૦૯ ઓગષ્ટ | ૯૩૨૨૭૨૮૨૨૨ |
| શ્રી કુમારભાઈ નગીનદાસ શાહ | ૧૩ ઓગષ્ટ | ૯૮૧૯૮૭૨૦૧૦ |
| શ્રી હર્ષદભાઈ દિપચંદ શાહ | ૧૪ ઓગષ્ટ | ૯૧૬૭૨૮૧૪૪૦ |

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ-મુંબઈ**

**શ્રી આદિનાથ રત્નત્રય આરાધના ધામ યાત્રિક ભવન - પાલીતાણા**

**ચેકઈન ટાઈમ સવારે ૮ વાગે - ચેકઆઉટ ટાઈમ સવારે ૭.૩૦**

**બ્લોકનો નકરો (એક દિવસનો) નીચે મુજબ છે.**

| | |
|---|---|
| ૫ બેડ - એ.સી | રૂા.૧૨૦૦/- |
| ૨ બેડ - એ.સી. | રૂા.૭૦૦/- |
| ૫ બેડ - નોન એ.સી | રૂા.૬૦૦/- |
| ૨ બેડ - નોન એ.સી. | રૂા.૩૦૦/- |

## ૨૯ મી પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલી

### સ્વ. જીતેન્દ્ર જીવરાજ ધ્રુવ



મૂળ વતન : સુરેન્દ્રનગર
હાલ : કાંદિવલી(પૂર્વ)
સ્વર્ગવાસ : ૨૨-૫-૧૯૯૫
(વૈશાખ વદ - ૯)

હૃદય અમારૂ રડી પડે છે જોઇ આ તસ્વીર તમારી,
હૈયું માનવા તૈયાર નથી કે નથી હસ્તી આપની !
અઢાર વર્ષ વિત્યાં છતાં અશ્રુ અમારા સુકાતા નથી
હૃદયમાં વાસ તમારો ક્ષણ ક્ષણ પણ ભુલાતો નથી !
હે પરમ તારક દેવાધિદેવ અરિહંત પ્રભુ !
સદ્ગત આત્માને આપના શરણમાં લઇ શાશ્વત
સુખ અને પરમ શાંતિ અર્પો તેવી

**સમસ્ત પરિવારની ભાવભરી પ્રાર્થના**

જનાર તો જતાં રહ્યા, સદ્ગુણ એના સાંભરે,
લાખો લુંટાવો તોયે મરનાર પાછા ના મળે
જન્મ ને મૃત્યું છે ઉભય સુંદર જગે
હો ભલે ઉભયના પંથ ન્યારા,
પણ ખરે મૃત્યુ એ અધિક સુંદર દિશે,
જ્યાં ખીલે માત્ર શુભ સ્મરણ ક્યારા !

**સમસ્ત ધ્રુવ પરિવાર**

(આ પ્રસંગે તેઓશ્રીના પરિવાર તરફથી રૂા. ૫૦૦૦/- કાયમી ફંડમાં મળેલ છે. જેનું વ્યાજ ભેટરૂપે લઈએ છીએ.)

## ૧૩ મી પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલી



**સ્વ. રંજનબેન જીતેન્દ્રભાઈ ધ્રુવ**

વાત વાતમાં ૧૨ વર્ષ વીતી ગયા.
સૌના લાડકવાયા રંજનબેનની વિદાયને ૧૨ વર્ષ પુરા થયા.
શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈના
તપશ્ચર્યા બહુમાનના જમણવારના કાયમી પ્રેરકદાતા એવા,
શાંત - સરળ સ્વભાવી - ધર્મ પરાયણ - કર્તવ્યનિષ્ઠ
મહિલાની વિદાય સદાયે સૌને યાદ રહી જશે.
**જીવતા જીવંત અનેક અનુમોદનાના કાર્યો કર્યા
અને આ જગતમાંથી વિદાય લેતી વખતે પણ
એવા કાર્યો કરતા ગયા કે તઓની યાદ
સૌને પ્રેરણાના પિયુષ પાતા રહેશે.
સમસ્ત ધ્રુવ પરિવાર - મુંબઈ.
સમસ્ત ગાંધી પરિવાર - જામનગર.**

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ - મુંબઈ

**સમગ્ર ઝાલાવાડી સમાજ તરફથી જન્મ દિવસ વધાઈ
આપ સૌનું જીવન સુખમય - આનંદમય - નિરામયી બની રહેતેવી અંતરની શુભેચ્છા
તા.૨૧-૭-૨૦૨૪ થી ૨૦-૮-૨૦૨૪**

આપણને સૌને ભવોભવના પુણ્યકર્મના પ્રભાવે માનવભવ મળ્યો છે. વિતરાગ પ્રભુ મહાવીરનું સાશન મળ્યું છે. ઉત્તમ કુળ મળ્યું છે. માનવ સેવા કરવાનું સદ્ભાગ્ય સાંપડ્યુ છે ત્યારે આપણા શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ-મુંબઈ તથા સમગ્ર ઝાલાવાડી સમાજવતી જન્મદિનની શુભેચ્છા પાઠવીએ છીએ. આવા આનંદના મંગલ પ્રસંગે જે સતકર્મો કરીએ તેનું ફળ અનેક ગણુ વધી જાય છે. સમાજની શુભેચ્છા એ જ મોટી મુડી છે. શક્યત: આ મંગલ અવસરે ઝાલાવાડી સમાજને યાદ કરી જરૂરથી શુભેચ્છાના પ્રતિક રૂપે ઓછામાં ઓછા રૂા.૧૦૦૦/- મોકલવા નમ્ર વિનંતી. અભિનંદન... અભિનંદન... અભિનંદન... -તંત્રી



**શ્રી મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ**
૯ ઓગષ્ટ
મો.: ૯૩૨૨૭૨૮૨૨૨



**શ્રી કુમારભાઈ નગીનદાસ શાહ**
૧૩ ઓગષ્ટ
મો.: ૯૮૧૯૮૭૨૦૧૦



**શ્રી હર્ષદભાઈ દિપચંદ શાહ**
૧૪ ઓગષ્ટ
મો.: ૯૬૬૭૨૮૧૪૪૦

REGISTERED WITH THE REGISTRAR OF NEWS PAPER FOR INDIA UNDER R.N.I. NO. MAHBIL/2021/80571 LICENSE TO POST WITHOUT PRE-PAYMENT UNDER WPP LICENSE NO. MR/TECH/WPP-220/SOUTH/2024-26 POSTAL REGISTRATION NO. MCS/132/2024-2026 PUBLISHED ON 10TH OF EVERY MONTH AND POSTED AT MUMBAI PATRIKA CHANNEL SORTING OFFICE ON 10TH & 11TH OF EVERY MONTH

# તૃતીય વાર્ષિક પુણ્યતિથિએ સ્મરણાંજલી

જન્મ
તા.: ૨૭/૦૨/૧૯૬૩



અરિહંત શરણ
તા.: ૦૬/૦૭/૨૦૨૧

## શ્રી ચેતનભાઈ રમેશચંદ્ર વોરા

(ઝિંઝુવાડા નિવાસી - હાલ મુંબઈ)

જીવન એવું જીવ્યા, જોનારા જોતા રહે, કર્મો એવા કર્યા કે
સૌના હૃદયમાં ગુંજ્યા કરે,
દુ:ખથી કદી ડર્યા નહી, સુખથી કદી છલકાયા નહીં,
વહેવારથી કદી ચુક્યા નહીં, ધર્મ કદી ભૂલ્યા નહીં.

સૌ કોઈના હૃદયમાં જીવંત રહેવું એ જીવનભર કરેલા સત્કર્મોની વાત છે. ખાનદાની અને ખુદારી સાથે પરિશ્રમની પગધારે અર્થસભર જીવન જીવ્યા. કુટુંબ ભાવનાના પ્રખર પ્રેમી, તેમની નીડરતા ઉદારતાની સાથે જીવનના ૫૮ વર્ષ પૂરા કરી અવની પરથી વિદાય લઈ અનંતની યાત્રાએ ચાલી નીકળ્યા છે. તેમનો પાવનકારી આત્મા મોક્ષપદને પ્રાપ્ત કરે એવી ભાવભરી શ્રદ્ધાંજલીના સુમન અર્પણ કરતાં....

**આપની સ્મૃતિમાં શોકાતુર પરિવાર**

ધર્મ પત્ની : શ્રીમતી મીનાબેન

પુત્ર - પુત્રવધુ : કરણ-ભુમી, સાગર

ભાઈ-ભાભી : જયેશભાઈ - સંગીતાબેન, નીલેશભાઈ - મનીષાબેન

ભત્રીજા : અંકિત - દેવશ્રી - આદિત્ય

બહેન - બનેવી : હિના - શૈલેષભાઈ

કાકા - કાકી : બટુકભાઈ - સ્વ. પ્રતિભાબેન, સ્વ.સતિષભાઈ - જ્યોત્સનાબેન, રાજેન્દ્રભાઈ - સ્વ. રેણુકાબેન, નરેન્દ્રભાઈ - હર્ષાબેન તથા સમસ્ત વોરા પરિવાર

સાસરા પક્ષે : ચોટીલા નિવાસી હાલ માટુંગા સ્વ. ચંપકલાલ રાયચંદ કોઠારી

સદ્‌ગતના આત્મશ્રેયાર્થે પરિવાર તરફથી શ્રી ઝાલાવાડ જૈન.શ્વે.મૂ.પૂ.સંઘ- મુંબઈને કેળવણી સહાય રૂા.૧૦૦૦/-, સાધર્મિક ભક્તિ રૂા.૧૦૦૦/-, પત્રિકા ભેટ રૂા.૫૦૦/-, કુલ રૂા.૨૫૦૦/- ભેટ આપેલ છે.

Printed & Published by : Ketan Arvind Shah on Behalf of Shree Zalawad Jain Swetamber Murtipujak Sangh, Printed at : LUCKY PRINTERS, First Floor, 40, Mehta Industrial Estate, Liberty Garden, Malad (West), Mumbai - 400 064 & Published from Shree Zalawad Jain S M P Sangh, 175, Vallabhdas Kanji Bldg., 2nd Floor, Princess Street, Kalbadevi, Mumbai - 400 002. Editor : Mukesh Uttamchand Shah